આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૧૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વલસાડ,નવસારી, ડાંગ જિલ્લામાં ફરી મેઘરાજાની સલામ



ડાંગમાં નદીઓ બે કાંઠે વહી, ડોન પર્વતમાં ભેખડો ધસી પડી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૨૪ :** હવામાન વિભાગે આગામી ૧૦ દિવસ સુધી રાજ્યમાં વરસાદની આગાહીને લઈ વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. આજરોજ વહેલી સવારે વલસાડ પંથકમાં એક ઇંચ જેટલો વરસાદ પડતા ડાંગરના પાકને આશીર્વાદ રૂપ મળશે. પારડીમાં ૫ ઇંચ, ધરમપુર ૨ ઇંચ, કપરાડા અને ઉમરગામ ૧ -૧ ઇંચ, વાપી ૩ ઇંચ જેટલો વરસાદ પડ્યો છે.

ગુજરાત રાજય હવામાન વિભાગે આગામી ૨૫મી સપ્ટેમ્બરથી ૧૦ દિવસ સુધી વલસાડ જિલ્લા અને સંઘપ્રદેશ દાદરા નગર હવેલી દમણ સહિત સમગ્ર ગુજરાત રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં વરસાદ પડવાની આગાહી આપી છે. ત્યારે વલસાડ જિલ્લામાં ગઈકાલે રાત્રે અને આજરોજ સવારે કડાકા ભડાકા સાથે વરસાદ પડ્યો હતો. રાતથી સવાર સુધી વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જ ગઈ હતી. જે આખો દિવસ વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું. વલસાડ જિલ્લામાં છેલ્લા ગઈકાલે સોમવારે સાંજે ચાર વાગ્યાથી મંગળવારે સાંજે ચાર વાગ્યે પુરા થતા ૨૪ કલાક દરમિયાન પારડી ૫ ઇંચ, ધરમપુર ૨ ઇંચ, કપરાડા ૧ ઇંચ, ઉમરગામ ૧ ઇંચ, વાપી ૩ ઇંચ. જ્યારે વલસાડમાં અડધો ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. વલસાડ જિલ્લામાં વરસાદ પડતા ડાંગરના પાકને આશીર્વાદરૂપ મળશે. વલસાડ ૨૯૩૭ મી.મી. ૧૧૭ ઇંચ, ધરમપુર ૨૭૫૯ મી.મી. ૧૧૦ ઇંચ, પારડી ૨૭૪૫ મી.મી.૧૦૯ ઇંચ, કપરાડા ૩૩૯૦ મી.મી. ૧૩૫ ઇંચ, ઉમરગામ ૨૫૭૧ મી.મી. ૧૦૨ ઇંચ અને વાપી ૨૯૦૦ મી.મી. ૧૧૦ ઇંચ જેટલો અત્યાર સુધી વરસાદ પડ્યો હોવાનું નોંધાયું છે. જ્યારે નવસારી જિલ્લામાં પણ વરસાદ નોંધાયો છે અને ચીખલીથી પ્રાપ્ત માહિતી પ્રમાણે ચીખલી તાલુકામાં મેઘરાજાએ ધીમી ગતિએ સદી ફટકારી છે. જોકે છેલ્લા કેટલાક વર્ષોથી વરસાદ ઓછો થતાં ઉનાળા સમય દરમિયાન પાણીની વધુ તંગી વર્તાતી હોય છે ત્યારે ચીખલી તાલુકા ફલડ કંટ્રોલમાં મોસમનો કુલ વરસાદ ૨૫૦૦ મી.મી. એટલે કે ૧૦૦ ઇંચ થવા પામ્યો છે.

ચીખલી તાલુકામાં છેલ્લા કેટલાક વર્ષોથી ગ્લોબલ વૉમિંગની અસર કહો કે તાલુકામાં જંગલો ઓછા થઈ જવાના કારણે વરસાદ પણ ઓછો થઈ ગયો છે અને વરસાદ ઓછો પડે તો ઉનાળા સમય દરમિયાન પાણીની તંગી જોવા મળતી હોય છે. ડુંગરાળ વિસ્તારમાં વરસાદ વધુ થતો હોય પરંતુ વરસાદી પાણી સંગ્રહ કરવાની કોઈ સુવિધા ન હોવાના કારણે પાણી નકામું દરિયામાં વહી જતું હોય છે. પહેલાના સમયમાં ચોમાસાના બે અઢી મહિનામાં જ ૧૦૦ ઇંચ જેટલો વરસાદ વરસી જતો હતો પરંતુ હવે ચાર મહિના પૂર્ણ થવાના આરે છે. ત્યારે ૧૦૦ ઇંચ જેટલો વરસાદ ફલડ કંટ્રોલમાં નોંધાવા પામ્યો છે. ત્યારે ચીખલી તાલુકામાં ધીમીગતિએ વરસાદે સદી ફટકારી છે. જ્યારે ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં લાંબા સમયનાં વિરામ બાદ ફરી વાર મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા વાતાવરણ બેવડાયું હતું. સોમવારે મોડી સાંજે તથા રાત્રીનાં અરસામાં ડાંગનાં પૂર્વપટ્ટીનાં ગામડાઓમાં વીજળીનાં કડાકા ભડાકા સાથે ધોધમાર સ્વરૂપેનો વરસાદ તૂટી પડતા સર્વત્ર પાણીની રેલમછેલ ફરી વળી હતી. ડાંગ જિલ્લાનાં ડોન હિલ સ્ટેશન માર્ગ પર ધોધમાર વરસાદનાં પગલે ઠેરઠેર માટીનો મલબો અને પથ્થર ધસી પડતા માર્ગ અવરાધાયો હતો. ડાંગ જિલ્લા ડિઝાસ્ટર વિભાગનાં જણાવ્યા અનુસાર છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સુબિર પંથકમાં ૨૧ મી.મી., આહવા પંથકમાં ૨૬ મી.મી., અર્થાત ૧.૦૪ ઈંચ, વઘઇ પંથકમાં ૪૨ મી.મી. અર્થાત ૧.૬૮ ઈંચ જ્યારે સૌથી વધુ સાપુતારા પંથકમાં ૬૪ મી.મી. અર્થાત ૨.૫૬ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

## સેલવાસના મુખ્ય માર્ગો ઉપર આડેધડ પાર્કિંગથી 'પીકઅવર'માં સમસ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૨૪ :** સેલવાસના મુખ્ય માર્ગો ઉપર પીકઅવરમાં પાર્કિંગની સમસ્યા થઈ રહી છે. સેલવાસ પટેલ પેટ્રોલિયમ અને જામા મસ્જિદ પાસે ઘણી બધી બેન્કોની શાખાઓ આવેલી છે.

એચડીએફસી બેન્ક, તમિલનાડુ મર્કેન્ટાઈલ બેન્ક, યસ બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક, આઈડીએફસી બેન્ક, ઈન્ડિયન ઓવર્સિસ બેન્ક વગેરે જેવી મુખ્ય બેન્ક આસપાસ જ આવેલી છે. જેના કારણે બેંકોમાં આવતા ગ્રાહકોના વાહનોના કારણે ટ્રાફિક સમસ્યા સર્જાય છે. વધુમાં આ ગ્રાહકો દ્વારા વાહનો રસ્તા ઉપર જ આડેધડ પાર્ક કરવામાં આવતા હોવાથી રસ્તો બ્લોક થઈ જતો હોય છે. મુખ્ય માર્ગ હોવા છતાં રસ્તા ઉપર રોડ માર્કિંગ પણ કરવામાં આવ્યું નથી. બેંકમાં કેશ મેનેજમેન્ટ માટે આવતી વાન પણ રસ્તા ઉપર જ પાર્ક કરી દેવામાં આવતી હોય છે. જેના કારણે લોકોને સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે. દાનહ ટ્રાફિક વિભાગ દ્વારા આ સમસ્યાને દૂર કરવામાં માટે યોગ્ય પગલાં લેવા જરૂરી બન્યા છે. રોડ ઉપર પાર્કિંગ માટેની જગ્યાના નિર્દેશ અને માર્કિંગ લગાવવું જરૂરી બન્યું છે. વધુમાં અડધા રસ્તા ઉપર આડેધડ પાર્ક થતા વાહન ચાલકોને દંડ કરવો પણ જરૂરી બન્યું છે.

## દમણમાં સીફેસ રોડ પર નો પાર્કિંગ ઝોન દુર કરવા સાંસદની રજૂઆત

### પ્રશાસનના અધિકારીઓને મનસ્વી ધોરણે જાહેરનામાઓ બહાર પાડી લોકોની મુશ્કેલીમાં વધારો ન કરવા પણ તાકીદ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૨૪ :** દમણ અને દીવના સાંસદ ઉમેશભાઈ પટેલ દ્વારા આમજનતા અને ધંધાદારી લોકો પાર્કિંગ મુદ્દે અસુવિધા બાબતે દમણ બજારમાંથીનો પાર્કિંગ ઝોન અથવા ખાનગી પાર્કિંગ દૂર કરવાના સંદર્ભે કલેકટરને રજૂઆત કરવામાં આવી હતી.

નાની દમણ બસ સ્ટેન્ડથી શરૂ થઈને ટેક્સી સ્ટેન્ડ થઈને સી ફેસ રોડ સુધીના રસ્તાને નો પાર્કિંગ ઝોન તરીકે જાહેર કરીને નો પાર્કિંગમાં ફેરવવામાં આવ્યો છે જે ખૂબ જ દુઃખદ છે. કારણ કે તે મુખ્ય બજાર વિસ્તાર છે અને ત્યાંના લોકો વર્ષોથી તેમનો વ્યવસાય કરી રહ્યા છે જેમ કે કોરોના કાળ પછી લોકો માટે તેમના વ્યવસાયને ટ્રેક પર લાવવાનું પહેલેથી ખૂબ જ મુશ્કેલ આવી રહી છે અને લોકો ભાગ્યે જ તેમની આજીવિકા કમાવવાનું મેનેજ કરી રહ્યા છે તે સંઘપ્રદેશના ઉચ્ચપદે વરાયેલા પ્રશાસનના સંચાલકો દ્વારા નવા અને અવ્યાખ્યાયિત નિયમો અને નિયમો બનાવીને લોકોને બિનજરૂરી રીતે હેરાન કરવાનો કોઈ રસ્તો છોડ્યો નથી. આવા સંજોગોમાં જો આ વિસ્તારને નો પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવશે તો લોકોના બાકી રહેલા ધંધા-રોજગાર પણ બરબાદ થઈ જશે. કારણ કે આ બજાર વિસ્તાર હોવાથી ઘણા લોકો ત્યાં ખરીદી કરવા આવે છે અને ના કે ખાનગી પાર્કિંગને કારણે હેરાનગતિ થાય છે.

જેથી સાંસદે નો પાર્કિંગ ઝોન તાત્કાલિક ધોરણે દૂર કરવા માટે ધ્યાન કેન્દ્રિત કરવા અથવા માર્ગો ખોલવા માટે અનુરોધ કર્યો છે.

## ચીખલી તાલુકા સેવાસદનમાં વિદ્યાર્થીઓ-વાલીઓને આધાર કાર્ડ અપગ્રેડ માટે તપસ્યાની નોબત



### રોજના ૧૦૦ થી ૧૫૦ જેટલા આધાર કાર્ડ અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૨૪ :** ચીખલી તાલુકા સેવા સદન ખાતે આધારકાર્ડના અપગ્રેડ કરાવવા માટે લાંબી લાઈનો લાગતા ગામડાથી આવતા લોકો પરેશાન થઈ રહ્યા છે. સરકાર દ્વારા શાળામાં અભ્યાસ કરતા બાળકોના આધારકાર્ડમાં મોબાઈલ નંબર નાંખી કેવાયસી કરાવવાની થતી હોય અને જેની તારીખ સરકાર દ્વારા ૩૦મી સપ્ટેમ્બર સુધીની આપી હોય ત્યારે ચીખલી તાલુકા સેવા સદન ખાતે રોજના મોટી સંખ્યામાં વાલીઓ પોતાના બાળકો લઈને આખો દિવસ વિતાવી રહ્યા છે છતાં પણ કામ ન થતા બીજા દિવસે ફરીથી આવવાની નોબત વર્તાઈ રહી છે.

ચીખલી તાલુકાની શાળામાં અભ્યાસ કરતા બાળકોના આધારકાર્ડ અને રેશનકાર્ડ સાથે લિંક કરાવાની હોય તેમજ કેવાયસી કરાવવી ફરજીયાત હોય જેના માટે સરકાર દ્વારા સમય મર્યાદા ૩૦મી સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી છે. ત્યારે ચીખલી તાલુકા સેવા સદન ખાતે તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાંથી નાના બાળકો સાથે વાલીઓ વહેલી સવારથી જ લાંબી લાઈનો લગાવી રહ્યા છે જો આધાર કાર્ડ અને રેશનકાર્ડમાં મોબાઈલ નંબર નાખવામાં આવેલ ન હોય તો કેવાયસી થઈ શકતી નથી અને કેવાયસી કરાવેલ હોય તો જ બાળકોને શિષ્યવૃત્તિ મળતી હોય છે. ત્યારે ગામડાની ગરીબ પ્રજા ચીખલી તાલુકા સેવા સદન ખાતે આધાર કાર્ડની કચેરીમાં સવારથી જ લાંબી લાઈનો લગાવી રહ્યા છે જો કે રોજના ૧૦૦થી ૧૫૦ જેટલા આધાર કાર્ડ અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે અને હજુ ઘણા પરિવારો પોતાના બાળકોનાં આધાર કાર્ડ અપગ્રેડ કરવાના બાકી રહી ગયા છે. ત્યારે સરકાર દ્વારા ૩૧ સપ્ટેમ્બર છેલ્લી તારીખ બતાવવામાં આવી છે જેને હજુ લંબાવામાં આવે તે જરૂરી બન્યું છે.

## પાસપોર્ટ અરજીની પોલીસ વેરીફીકેશન પ્રક્રિયા હવેથી સરળ બનશે

**વલસાડ, તા. ૨૪ :** રાજ્ય સરકારના કાયદો અને વ્યવસ્થા વિભાગ ગાંધીનગર દ્વારા મળેલી સુચના મુજબ પાસપોર્ટ વેરીફીકેશન પ્રક્રિયામાં સુધારા કરી નવી પ્રક્રિયા અમલમાં મુકવામાં આવતા હવેથી પાસપોર્ટની પોલીસ વેરિફીકેશનની પ્રક્રિયા સરળ બનશે.

(૧) પાસપોર્ટ અરજદારોને વેરીફીકેશનની પ્રક્રિયા માટે અનિવાર્ય સંજોગો સિવાય પોલીસ સ્ટેશન ખાતે જવાની જરૂરીયાત રહેતી નથી.

(૨) પાસપોર્ટ અરજદારોના વેરીફીકેશન માટે ફક્ત અરજદારની નાગરિકતા તેમજ અરજદારના ગુનાહીત પૂર્વ ઈતિહાસની ચકાસણી કરવાની રહે છે.

(૩) પોલીસે પાસપોર્ટ અરજદારોના સરનામાંની ચકાસણી કરવાની આવશ્યકતા રહેતી નથી

(૪) પોલીસે પાસપોર્ટ અરજદારોને રૂબરૂ મળવાની કે અરજદારની સહી લેવાની જરૂરીયાત રહેતી નથી.

(૫) તેમ છતાં, જે કિસ્સામા પોલીસને એવી જરૂરીયાત જણાય કે, પાસપોર્ટ અરજદારોની વધુ ખરાઇ કરવાની આવશ્યકતા છે તેવા કિસ્સામાં જ પોલીસે અરજદારોના રહેણાક સ્થળની મુલાકાત કરવાની રહેશે. ઉપર મુજબની પ્રક્રિયાની તમામ જાહેર જનતાને નોંધ લેવા વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

## ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડની સામાન્ય ચૂંટણી યોજાઈ

## વલસાડ જિલ્લાની સરકારી શાળામાં ૮૭ ટકા અને સંચાલકમાં ૬૯.૭ ટકા મતદાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૪ :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સમિતિના સભ્યોની મુદત પૂર્ણ થતાં સમગ્ર રાજ્યમાં શિક્ષણ બોર્ડની સામાન્ય ચૂંટણી યોજાઈ રહી છે. શિક્ષણ બોર્ડની ૯ ખંડની બેઠક પૈકી ૭ ખંડમાં બિનહરીફ ઉમેદવારો ચૂંટાઈ આવ્યા હતાં અને ખંડ ૭ અને ખંડ ૮માં સામાન્ય ચૂંટણી સમગ્ર રાજ્યમાં યોજાઈ હતી. પારડી ડીસીઓ સ્કૂલ ખાતે ૧ મતદાન મથકમાં સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. વલસાડ જિલ્લામાં સરકારી શાળામાં ૧૫૭ મતદારો પૈકી ૮૭ ટકા મતદારો અને સંચાલકમાં ૧૨૯માં ૬૯.૭ ટકા મતદારોએ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન કર્યું છે. ખંડ ૭માં ૪ ઉમેદવારો અને ખંડ ૮માં ૩ ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં ઉતાર્યા હોવાનું જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ. રાજેશ્રી ટંડેલે જણાવ્યું હતું.

કપરાડા તાલુકાના ધારાસભ્ય જીતુભાઇ ચૌધરીએ પણ શાળા સંચાલક ખંડમાં મતદાન કરી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સાથે બોર્ડની ચાલી રહેલી સામાન્ય ચૂંટણી અંગે માહિતી આપી હતી. બોર્ડની સામાન્ય ચૂંટણીમાં પરીક્ષા સમિતિ સહિત અધ્યક્ષસ્થાને ચૂંટાયેલા જન પ્રતિનિધિઓને સ્થાન મળે છે. આ સામાન્ય ચૂંટણી બેલેટ પેપર ઉપર યોજવામાં આવે છે. સમગ્ર રાજયમાં યોજાનારી બોર્ડના પ્રતિનિધિની સામાન્ય ચૂંટણી બાદ આગામી ૨૬ સપ્ટેમ્બરના રોજ મતગણતરી યોજાશે.

## વાપી પોલીસ મથકનો વોન્ટેડ આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૪ :** વાપી ટાઉન પોલીસ મથકમાં ગુનામાં નાસ્તા ફરતા વોન્ટેડ આરોપીને એલસીબી પોલીસે ઝડપી પાડી ટાઉન પોલીસને હવાલે કરાયો છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ હાલમાં રેન્જ આઈજી તથા જિલ્લા પોલીસ વડાની સૂચના અને માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઇ ઉત્સવ બારોટનાઓના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કોર વલસાડ તથા એલસીબીના જવાનો વલસાડ જિલ્લામાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન એએસઆઈ અલ્લારખુ અમીરભાઇ વાનીનાઓને મળેલ બાતમીને આધારે વાપી કોપરલી ચાર રસ્તા સર્કિટ હાઉસ પાસેથી વાપી ટાઉન પોલીસ મથકમાં દારૂની હેરાફેરીના ગુનાનો વોન્ટેડ આરોપી રાકેશ સરજુ યાદવ રહે વાપી ટાઉન મચ્છી માર્કેટના હોવાનું જણાવતા જ તેઓએ તાત્કાલિક બાતમીવાળા સ્થળે વોચ રાખી આરોપીને ઝડપી પાડી તપાસ અર્થે વાપી ટાઉન પોલીસ મથકને સોપાયો છે. ઝડપાયેલા આરોપી રાકેશ સરજુ યાદવ સંઘપ્રદેશ દમણ વિસ્તારમાંથી ગેરકાયદે દારૂનો જથ્થો લાવી વાપી તથા વલસાડ જિલ્લામાં સપ્લાય કરતો હોવાથી તેને વોન્ટેડ જાહેર કરાયો હતો.

## બાલદાનો બાયપાસ બિસ્માર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૪ :** પારડી તાલુકાના બાલદા ગામમાંથી પસાર થાય છે. બાયપાસ જે જીઆઇડીસી તરફ જઈને હાઈવે તરફ જાય છે એ બાયપાસનો રસ્તો બિસ્માર બની જતા અને સાવ ધોવાઈ જતા આ વિસ્તારના લોકોને મુશ્કેલી પડી રહી છે અને બાયપાસનો ઉપયોગ કરી જીઆઇડીસી થઈ હાઈવે તરફ જતા મોટા વાહનચાલકોને પણ હેરાનગતિ થઈ રહી છે માર્ગમાં ખૂબ જ મોટા ખાડા પડી ગયા છે અને વરસાદના પાણીના લીધે માર્ગ ધોવાઈ ગયો છે. જેથી માર્ગના ખાડા પૂરવાની જરૂર છે અને માર્ગ રીપેર કરવાની જરૂર છે જેથી બાલદા તરફ જતા ગ્રામજનો અને વાહનચાલકોને રાહત મળી શકે એમ છે.

ફ્લેટ વેચવાનો છે

આસોપાલવ એરીયામાં મેઈન રોડ ટચ
નેપ્ચુન ટાવરની બાજુમાં ફ્લેટ વેચવાનો છે.
૨ બેડરૂમ/ ૨ બાથરૂમ / કીચન / હોલ
ફર્નિચર સાથે

મો.નં. - 98252 68389

VIMAL POWERS
V-GUARD



ચોમાસું હોય કે શિયાળો
TATA SS 304 Tankના ગીઝર તો
V-GUARD ના જ

ડીસ્ટ્રીબ્યુટર : વિમલ પાવર્સ, વાપી
(વલસાડ જીલ્લો, દમણ, સિલવાસા)
Contact No. 9313540265
દરેક અગ્રગણ્ય શો-રૂમમાં ઉપલબ્ધ

21st Foam N Fabric
Home Furnishing Shop
VAPI 21ST FOAM N FABRIC SINCE 2000



SHOP NO-1, GARDEN VIEW COMPLEX, NEAR AMBAMATA MANDIR,
KOPARLI ROAD, VAPI - 396191
99797 57681 - 87808 89363
Mattress | Curtains | Blinds | Sofa's

# અન્ય સમાચારો

Wednesday 25, September 2024
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## બરડીપાડાથી કાલીબેલ માર્ગ ઉપરથી ગેરકાયદે લાકડાનો જથ્થો ઝડપાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૪ :** ડાંગ જિલ્લાનાં ઉત્તર ડાંગ વન વિભાગનાં ડી.સી.એફ. દિનેશભાઈ એન. રબારીને મળેલ બાતમીનાં આધારે ભેંસકાતરી રેંજનાં આર. એફ.ઓ સમીર એસ. કોંકણી તેમજ બરડીપાડા રેંજનાં આર. એફ.ઓ દીપક હળપતી ધ્વારા રાત્રિ દમ્યાન વોચ ગોઠવી હતી.જેમા ભેંસકાતરીનાં રાઉન્ડ ફોરેસ્ટર જે.એ. પવાર તથા બરડીપાડાનાં રાઉન્ડ ફોરેસ્ટર આર.એસ. ભોયે તથા સો.ફો. ભેંસકાતરી આર.એમ. ભોયે તથા બીટગાર્ડ જે.ડી. પટેલ, યુ.એસ. ગાંગોડા, એન.એમ. ચૌહાણ તથા રોજમદારો સાથે લાગુ કંપાર્ટમેન્ટોમાં અલગ-અલગ સ્થળોએ વોચ ગોઠવી હતી. તે વેળાએ બરડીપાડાથી કાલીબેલ રોડ પર પોપટાબારી પાસે મળસ્કે ૩.૦૦ કલાકે mahindra XUV 500 ગાડી ન. MH.02 CL.1956 જે શંકાસ્પદ લાગતા ઉભી રાખી હતી.જે ગાડી પાસે જઈ વનવિભાગની ટીમે ચેકીંગ કરતા આ એકસુવી ગાડીની અંદરથી પાસ-પરવાનગી વગરનાં સાગી લાકડા નંગ.૩ જેનું ઘ.મી. ૦.૫૦૪ જેની અંદાજીત કિમંત ૧૮,૦૦૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો.તેમજ આ એકસુવી ગાડી સાથે પાયલોટીંગ કરતી મોટર સાઈકલ (૧) બજાજ પલ્સર ગાડી નં. GJ.06.MQ.6369 અને (૨) યામાહા FZ ગાડી નં. GJ.30.B.9949 જે બન્ને ટુ-વ્હીલ ગાડીઓનાં ચાલકો વન વિભાગની ગાડીઓને જોઈને ફિલ્મી ઢબે ભાગી જઈ ખોખરી ગામ પાસે અંધારાનો લાભ લઇ ભાગી છુટેલ છે. તેમજ mahindra XUV 500 ગાડીનાં ડ્રાઈવર તેમજ અન્ય ઈસમો પણ જંગલમાં ૧૫ ફૂટ ઉંડી ખીણમાં કૂદી પડી અંધારાનો લાભ લઈ ભાગી છૂટેલ છે.

હાલમાં ભેંસકાતરી રેંજનાં આર.એફ.ઓ સમીરભાઈ કોંકણી તથા બરડીપાડા રેંજનાં આર.એફ.ઓ દિપકભાઈ હળપતિનાઓએ સ્થળ પરથી mahindra XUV 500 જેની અંદાજીત કિમંત ૩,૦૦,૦૦૦/- તેમજ બજાજ પલ્સરની કિમત ૪૦,૦૦૦/- તેમજ યામાહા જક્ષ ગાડીની કિંમત રુ.૩૦,૦૦૦/- તથા સાગી ચોરસા નંગ-૩ ની કિંમત રૂ. ૧૮,૦૦૦/- મળી કુલ કિંમત રૂ. ૪,૮૮,૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

## વઘઈ પોલીસે ચોરીનો ભેદ ઉકેલી આરોપીને ઝડપી પાડયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૪ :** ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયા તથા નાયબ પોલીસ અધિક્ષકોમાં એસ.જી.પાટીલ અને જે.એચ.સરવૈયાનાં માર્ગદર્શન હેઠળ વઘઇ પોલીસ મથકનાં પી.એસ.આઈ.એમ.એસ.રાજપૂતની ટીમે વઘઇ પોલીસ સ્ટેશન હદ વિસ્તારનાં વણઉકેલ્યા ચોરીનાં ગુનાઓ શોધી કાઢવા માટે પેટ્રોલીંગ હાથ ધર્યું હતુ.તે દરમ્યાન વઘઈ પોલીસ સ્ટાફનાં માણસોને ખાનગી રાહે બાતમીદાર મારફતે બાતમી મળેલ કે વઘઈ તાલુકાના ઢાઢરા ગામનો રહેવાસી જીતેન્દ્રભાઇ વિજયભાઇ ગાવિત પાસે ચોરીનાં મોબાઇલ ફોન છે.જે હાલ ઢાઢરા ગામે જુના દેવધા ફાટક પાસે ઉભો છે.જે બાતમીના આધારે વઘઇ



પોલીસની ટીમ ઢાઢરા ગામે જુના દેવધા ફાટક પાસે પોહચી હતી.વઘઈ પોલીસની ટીમે ઢાઢરા ફાટક પાસેથી જીતેન્દ્રભાઈ વિજયભાઈ ગવિત ( ઉ.વ.૨૪ હાલ રહે.બેસનીયા ગામ તા.ડોલવણ જી.તાપી મુળ રહે.ઢાઢરાગામ તા.વઘઈ જી.ડાંગ )ને ઝડપી પડયો હતો.તેમજ તેના પેન્ટના ખિસ્સામાંથી બે મોબાઇલ મળી આવેલ જે મોબાઇલ ફોન પૈકી (૧)સફેદ કલરનો એપલ કંપનીનો આઈફોન-૧૧ મોડલનો જેની કિંમત રૂ.૪૫,૦૦૦/- તથા નં. (૨)સફેદ કલરનો એપલ કંપનીનો આઈફોન ૯૯ મોડલ જેની કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- મળી આવેલ હતા.જે બન્ને મોબાઈલ બાબતે તેની પુછપરછ કરતા ગલ્લાતલ્લા કરી ઉડાઉ જવાબ આપેલ હતા.ત્યારે મોબાઈલનાં બીલ કે અન્ય કોઇ આધાર પુરાવા માંગતા રજુ નહી કરેલ જેથી બન્ને મોબાઈલ ફોન શંકાસ્પદ મળી આવ્યા હતા.જે અંગે પોલીસ મથકે તપાસ કરવામાં આવી હતી. ત્યારે વઘઈ પોલીસ મથક વિસ્તારમાંથી આ મોબાઈલની ચોરી થઈ હોવાનું જણાઇ આવ્યુ હતું. જે બાદ આરોપીની અટક કરવામાં આવી હતી અને મોબાઈલ રિકવર કરવામાં આવ્યા હતા.આ અંગેની વધુ કાર્યવાહી વઘઇ પોલીસ મથકનાં પી.એસ.આઈ. એમ.એસ. રાજપૂત દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

### બાળકોના એકધારા અભ્યાસ થી મન વાળવા માટે

## નવસારીની સર જે. જે. પ્રા. શાળામાં ગેમ્સનું આયોજન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૨૪ :** નવસારી સર.જે.જે.પ્રાયમરી સ્કૂલમાં બાળકોના એકધારા અભ્યાસ થી મન વાળવા જુનિયર કે.જી. ના બાળકો માટે થોડી આનંદની ક્ષણો સમેટી લેવાના હેતુથી બાળકો માટે ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોને શિક્ષકોએ શાળામાં રમત રમાડવાનું વિચારી, વર્ગનાં દરેક બાળકો તેમના મિત્રો સાથે રમત રમી શકે અને આજ - યોજનથી આવા ડે નું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના દરેક શિક્ષકોએ પણ બાળકો સાથે બાળક બની જઈ રમતમાં ભાગ લીધો હતો અને તેમને રમતના નિયમોની સમજ પાડી હતી.

શાળાના આચાર્યો શ્રીમતી કડોદવાલાએ પણ બાળકોનો ઉત્સાહ વધારવા હાજર રહ્યા હતા. બાળકોને સંગીત ખુરશીની રમત રમાડવામાં આવી હતી. જેમાં સંગીતના અવાજે બાળકો રમવાનું શરૂ અને સંગીતના અવાજ બંધ થતાં બાળકો ગોઠવેલી ખુરશી પર બેસી જાય. બાળકોની સંખ્યા કરતાં એક ખુરશી ઓછી મૂકતાં એક બાળક આઉટ થઈ જાય અને આ રીતે ગેમ રમાડી હતી. કાર્યક્રમના નિર્ણાયક તરીકે શાળાના શિક્ષિકા ટીનાઝબેન પટેલે સેવા બજાવી હતી.

બીજી રમતમાં બાળકોએ પાણી ભરેલી ડોલ માંથી મગ વડે બાજુમાં રાખેલ બાટલી ભરવાની હતી. જે બાળક વહેલા બાટલી ભરે તે વિજેતા. આ રમત દરમ્યાન બાળકની ધીરજ, ચપળતાની કસોટી કરવામાં આવી હતી બાળકો ખૂબ જ ધીરજથી પાણી ભરી રહયા હતા. બાળકોને તેમના વિજેતા થવા બદલ પ્રથમ, દ્વિતીય તૃતીય નંબર જાહેર કરી તેમને સર્ટીફિકેટથી નવાજવામાં આવ્યા હતા. દરેક બાળકોના ચહેરા પર રમતનો આનંદ અનુભવાતો હતો.

### પ્રીત ફાઉન્ડેશન દ્વારા

## નવસારી બી. આર. ફાર્મમાં ગૌ સેવા સમર્પણ પુરસ્કારનું આયોજન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૨૪ :** શિક્ષણ સાથે સંસ્કૃતિનું સિંચન કરવાના ધ્યેયથી એક રોટી ગાય કી અભિયાન શરુ કરનાર પ્રીત ફાઉન્ડેશન દ્વારા નવસારી બી. આર. ફાર્મ ખાતે ગૌ સેવા સમર્પણ પુરસ્કારનુ આયોજન કરવામાં આવ્યું હતું.

છેલ્લા એક વર્ષથી ૬૦ શાળાઓ અને આશરે ૪૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓના સહયોગથી એક રોટી ગાય કી અભિયાન શરુ કરવામાં આવ્યું છે. જેમાં બાળકો ઘરથી રોટલી લાવે જે સંસ્થાના સ્વયં સેવકો દ્વારા ગૌ શાળા સુધી પહોંચાડવામાં આવે છે. આ અભિયાન પૂર્ણ થતાં સહયોગી સૌ શાળાનું સન્માન કરવા માટેના સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં જાણીતા સમાજસેવી મહેશભાઈ સવાણી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત હતાં.

તેમણે આ અભિયાનને બિરદાવ્યું હતું અને તેમના દ્વારા સંચાલિત શાળાઓમાં આ અભિયાન શરુ કરવા માટે પણ અપીલ કરી હતી. સાથે જ નવસારી જિલ્લાના પોલીસ અધિક્ષક સુનિલ અગ્રવાલે પણ અભિયાનને બિરદાવ્યું હતું.

### ગુજરાતના રોડ ઈન્ફ્રા. અને માર્ગોના નિર્માણમાં નવીન ટેકનોલોજીના અભ્યાસ માટે

## આંધ્રનું ઉચ્ચસ્તરીય ડેલીગેશન ગુજરાતની મૂલાકાતે



અમારા પ્રતિનિધિ તરફથી


**અમદાવાદ, તા. ૨૪ :** ગુજરાતે રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા માર્ગના નિર્માણ કામોની પ્રગતિમાં અપનાવેલી નવીન ટેકનોલોજી, પી.પી.પી. મોડેલના અભ્યાસ માટે આંધ્ર-દેશના માર્ગ મકાન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ મંત્રી બી. સી. જનાર્ધન રેડ્ડીના વડપણ હેઠળ ઉચ્ચસ્તરીય ડેલીગેશન ગુજરાતની બે દિવસે મુલાકાતે આવેલું છે.

આ દરમિયાન મંત્રી બી. સી. જનાર્ધન રેડ્ડીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ગાંધીનગરમાં આંધ્રપ્રદેશના માર્ગ-મકાન મંત્રીશ્રીએ શુભેચ્છા મુલાકાત કરી હતી. તેમણે ગુજરાતના મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અને ટેકનોલોજી વિશે જાણવામાં પણ આ બેઠક દરમિયાન રસ દાખવ્યો હતો અને વિશદ ચર્ચાઓ કરી હતી. ખાસ કરીને ગાંધીનગરનો સ્ટેટ કેપિટલ તરીકે વિકાસ, સ્વર્ણિમ સંકુલનું નિર્માણ, સેન્ટ્રલ વિસ્ટા, મહાત્મા મંદિર, ગાંધીનગર રેલ્વે સ્ટેશન વગેરેના અદ્યતન નિર્માણ કામોની વિગતોથી તેમને માહિતગાર કરવામાં આવ્યા હતા. આંધ્રપ્રદેશના આ પ્રતિનિધિ મંડળે ગિફ્ટ સિટીની પણ મુલાકાત લઈને ત્યાં નિર્માણાધિન કાર્યો નિહાળ્યા હતા.

## આજે મુંબઈમાં ડો. જે.જે. રાવલને લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ

(દમણગંગા ટાઇમ્સ પ્રતિનિધિ)

**મુંબઈ,તા.૨૪:** વિશ્વ વિખ્યાત ગુજરાતી ખગોળ વિજ્ઞાન અને મુંબઈની ધી ઈન્ડીયન પ્લેનેટરી સોસયાટીના અધ્યક્ષ ડો. જે.જે. રાવલને આજે તા.૨૫-૦૯-૨૦૨૪ને બુધવારે સાંજે ૪:૩૦ કલાકે મુંબઈના પાર્લામાં શ્રીમતી સી.એમ.ટી હોમીયોપેથીક કોલેજ ખાતે રોટરી ક્લબ ઓફ બોમ્બે વેસ્ટ દ્વારા લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. આ એવોર્ડ ક્લબના પ્રમુખ રો. રાહુલ ગોયેનકા અને અન્ય હોદ્દેદારો મારફતે એનાયત કરવામાં આવશે. ઉલ્લેખનિય છે કે ડો. જે.જે. રાવલ પાછલા લગભગ પાંચેક દાયકાથી ખગોળ વિજ્ઞાનના સંશોધનમાં વ્યસ્ત છે અને એમણે અનેક મહત્વપૂર્ણ સંશોધનો કર્યા છે. તેઓ મુંબઈના જાણીતા



વરલીમાં આવેલા નહેરૂ પ્લેનેટેરીયમના ડાયરેક્ટર પણ હતા અને દાયકાઓથી વિવિધ અખબારોમાં વિજ્ઞાન વિષયકો લેખો ઉપરાંત ટીવી-રેડીયો પર ટોકશો વગેરે પણ આપે છે. તેમણે દેશ-વિદેશમાં અનેક સંશોધન પત્ર પણ રજૂ કર્યા છે. જે સંશોધન અને વિજ્ઞાનને લોકપ્રિય કરવાની સમગ્ર કામગીરીને ધ્યાને લઇ ડો. જે.જે. રાવલ લાઈફ લાઈટ એચીવમેન્ટ એવોર્ડ અપાઇ રહ્યો છે.

## મુખ્યમંત્રી નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણનો કાર્યક્રમ યોજાશે

અમારા પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. ૨૪ :** મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રાજ્યના નાગરિકો, પ્રજાજનોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ ગુરૂવાર, તા. ૨૬ સપ્ટેમ્બરે બપોરે યોજાશે. વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે.

મુખ્યમંત્રી ગુરૂવારે ૨૬મી સપ્ટેમ્બરે બપોરે ૩-૩૦ વાગ્યે રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહેશે અને નાગરિકોની રજૂઆતો સાંભળશે. સામાન્ય નાગરિકો, અરજદારો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરૂવાર, તા. ૨૬મી સપ્ટેમ્બરે સવારે ૮-૩૦ થી ૧૧.૩૦ વાગ્યા સુધી મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બપોરે ૩-૩૦ કલાકે મુખ્યમંત્રીના કાર્યાલય જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહીને રજૂઆતો સાંભળશે.




## મહિન્દ્રાએ ઓલ - ન્યુ વીરો લોન્ચ કર્યું

**સુરત, તા. ૨૪ :** ભારતમાં યુટિલિટી વ્હિકલનું ઉત્પાદન કરતી અગ્રણી કંપની અને ૩.૫ટથી નીચેના LCVના અગ્રણી ઉત્પાદક મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ આજે ૭.૯૯ લાખથી શરૂ થતામહિન્દ્રા વીરોની જાહેરાત કરી છે. ૩.૫ ટનથી નીચેના એલસીવીને અલગ મુકામ પર લઈ જવા તૈયાર થયેલું વીરો શ્રેણીમાં શ્રેષ્ઠ માઈલેજ સાથે બચત કરી આપે છે.

મહિન્દ્રાનું નવીન અર્બન પ્રોસ્પર પ્લેટફોર્મ (યુપીપી) ભારતનું પ્રથમ મલ્ટિ-એનર્જી, મોડ્યુલર સીવી પ્લેટફોર્મને રીતે ખાસ તૈયાર કરવામાં આવ્યું છે. - પેલોડના અનેક વિકલ્પ (૧થી ૨ t+) અને ડેક સાઇઝ આપતું મોડ્યુલર પ્લેટફોર્મ. અદ્વિતિય બચતડીઝલ માટે શ્રેણીમાં શ્રેષ્ઠ ૧૮.૪ કિ.મી/લિટર અને સીએનજીમાં પ્રભાવી ૧૯.૨ કિમી/કિ.ગ્રા, મહત્તમ નફાકારકતામાટે શ્રેણીમાં શ્રેષ્ઠ ૨૦,૦૦૦ કિમી સર્વિસનો નિયમિત સમયગાળો. 50+ iMAXXસાથે સંપર્કથી વધુ ઉત્પાદકતા. અપવાદરૂપ કામગીરી અને ક્ષમતા ક્લાસમાં ૧,૬૦૦ કિ.ગ્રાનો શ્રેષ્ઠ પેલોડ, ૫૯.૭ kW પાવર અને ૨૧૦ Nm ટોર્ક આપતાં ૧.૫-લિટરmDIએન્જીન અથવા ટર્બોશ્રેણીમાં શ્રેષ્ઠ ૬૭.૨ kW પાવર અને ૨૧૦ ફૃ ટોર્ક સાથે mCNGએન્જીનના વિકલ્પ સાથે.

## ગાંધીનગરમાં આંદોલનકારી ફોરેસ્ટના ઉમેદવારોની પોલીસ અટકાયત કરી

અમારા પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. ૨૪ :** છેલ્લા ઘણાં સમયથી વન વિભાગની ફોરેસ્ટ બીટ ગાર્ડની ભરતી પ્રક્રિયા સતત વિવાદમાં છે. આ પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ ન થતાં રાજયભરમાંથી ઉમેદવારો ગાંધીનગરમાં ઉમટી પડ્યા છે. ઉમેદવારો CBRT પદ્ધતિ રદ કરવાની માંગ કરી રહ્યા છે. ત્યારે પથિકાશ્રમ નજીક એકઠા થયેલા ઉમેદવારો અરણ્ય ભવન રજૂઆત કરવા પહોંચે તે પહેલા જ હાજર પોલીસ કર્મીઓએ ઉમેદવારોની અટકાયત કરી હતી. છેલ્લા બે-ત્રણ વર્ષથી સરકારની નોકરીની રાહ જોઈને બેઠલા ઉમેદવારોનો આક્રોશ સાતમે આસમાને પહોંચ્યો છે. ઉમેદવારો સરકાર પાસે પોતાની માગણી સ્વીકારવાની અપીલ કરી રહ્યા છે.

ગાંધીનગરના પથિકાશ્રમ ખાતે મોટી સંખ્યામાં ઉમેદવારો આંદોલન અને રજૂઆત માટે એકઠા થયા હતા. અહીં ઉમેદવારો દ્વારા ઉગ્ર સૂત્રોચ્ચાર કરાયા હતા. આ દરમિયાન પોલીસ જવાનોએ ઉમેદવારની ટિંગાટોળી કરીને અટકાયત કરી હતી. આ ઘટના પર વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે X પર વીડિયો શેર કરતાં ઉમેદવારો છે કે આતંકવાદી એમ લખ્યું છે. ઉમેદવારે જણાવ્યું હતું કે, અમે ફોરેસ્ટના ઉમેદવાર છીએ. અમે સતત દોઢ-બે મહિનાથી સરકારને રજૂઆત કરી છે અને કચેરીઓના ધક્કા ખાધા છે છતાં પણ માગણી સ્વીકારાઈ નથી. જનપ્રતિનિધિઓ અને ધારાસભ્યોને ૪૩ જેટલા પત્રો અપાયા છે. સરકાર અમારો અવાજ સાંભળવા તૈયાર નથી. જેથી કરીને અમારે આંદોલનનો રસ્તો અપનાવવો પડ્યો છે. સરકારને નમ્ર અપીલ છે કે જીદ છોડીને અમારી માંગણીઓ સ્વીકારવામાં આવે. મહેકમ મુજબ ૫૦૦-૭૦૦ ખાલી જગ્યાઓ છે જે ચાલુ ભરતીમાં વધારી દેવામાં આવે. જેથી અમને લાભ મળે અને મહેનત સફળ જાય. તો અન્ય એક ઉમેદવારે જણાવ્યું હતું કે, આ છેલ્લી વખત અપીલ છે, હવે પછી અમે આનાથી પણ ઉગ્ર આંદોલન કરીશું. વિદ્યાર્થીઓને અન્યાય થઈ રહ્યો છે. માર્ક્સ આપી દો અને જગ્યા વધારી દો આ બે જ અમારી નમ્ર અપીલ છે. અન્ય ઉમેદવારના જણાવ્યા અનુસાર, ફોરેસ્ટ બીટ ગાર્ડની ભરતીને અઢીથી ત્રણ વર્ષ થઈ ગયા છતાં ભરતી સંપૂર્ણ પારદર્શિતા સાથે થઈ નથી.

## ગુજરાતમાં ઓબીસી અનામત મુદ્દે સાંસદ ગેનીબેન ઠાકોરે વડાપ્રધાનને પત્ર લખ્યો

અમારા પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. ૨૪ :** ગુજરાતમાં ૭૨૬ અનામત મુદ્દે બનાસકાંઠાનાં સાંસદ ગેનીબેન ઠાકોરે પ્રધાનમંત્રીને પત્ર લખીને મોટો ધડાકો કર્યો છે. કોંગ્રેસનાં સાંસદ ગેનીબેન ઠાકોરે ગુજરાતની ૨૭ ટકા ઓબીસી અનામતમાં બે ભાગલા પાડવાની વાત કરી છે.

વધુમાં ઓબીસીમાં જે જ્ઞાતિઓએ અનામતનો લાભ વધુ લીધો છે તેવી જ્ઞાતિઓને ફક્ત ૭ ટકા જ અનામત મળવી જોઈએ તેવી ગેનીબેન ઠાકોરે માગણી કરી છે.

ઠાકોર, કોળી, ધોબી, મોચી, રાવળ, ડબગર અને વણઝારા સહિતની ૨૩થી વધારે પછાત ઓબીસી જ્ઞાતિઓને ૨૭ ટકામાંથી ૨૦ ટકા અનામત આપવા માટે અલગ ક્વોટા ઊભો કરવાની ગેનીબેન ઠાકોરે માગણી કરી છે. તેમણે અન્ય રાજ્યોમાં પણ આવી વ્યવસ્થા હોવાનું કહીને મહારાષ્ટ્ર, ઓડિશા, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, હરિયાણા, પ?િમ બંગાળ અને બિહારનો ઉલ્લેખ કર્યો છે. ગેનીબેને પત્રમાં લખ્યું છે કે આ રાજ્યોની જેમ ગુજરાતમાં પણ OBC અનામતમાં બે ભાગલા પાડવામાં આવે અને પછાત ઓબીસી જ્ઞાતિઓને શિક્ષણ તેમજ નોકરીઓમાં વધારે લાભ આપવો જોઈએ.

## રાજ્યની ૮ મહાનગરપાલિકા અને ૧૫૭ નગરપાલિકાઓમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાઈ

અમારા પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. ૨૪ :** ભારત સરકાર દ્વારા ૨જી ઓક્ટોબરનાં રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિની શ્રદ્ધાંજલિ આપવા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણીને આહવાન કરવામાં આવેલ છે. આ વર્ષે સ્વચ્છ ભારત મિશનનાં ૧૦ વર્ષની ઉજવણીનાં ભાગરૂપે આ દિવસને ક્રસ્વચ્છ ભારત દિવસ તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ થી તા.૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ પખવાડિયાની કામગીરી શરુ કરવામાં આવી છે. જેમાંરાજ્યની ૮ મહાનગરપાલિકા અને ૧૫૭ નગરપાલિકાઓમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

અત્યાર સુધીમાં જ્યારે થીમ આધારિત પબ્લિક ટ્રાન્સપોર્ટ અને હાઈવેની સાફ સફાઈમાં કુલ ૯૯,૯૩૪થી વધુ નાગરીકો સફાઈ ઝુંબેશમાં જોડાઈ ૧,૦૦,૮૬,૨૮૩ કલાકનું શ્રમદાન હાથ ધર્યું હતું. જેમાં ૧૬૬ ટન કચરો એકત્રિત કરવામાં આવ્યો જે પૈકી ૩૧૬ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો અને બાકી રહેલ કચરાના નિકાલની કામગીરી હાલ પ્રગતિમાં છે. રાજયની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં કુલ ૨૩૫૦ ગાર્બેજ વલ્નરેબલપોઈન્ટની સાફ સફાઈ હાથ ધરવામાં આવી હતી.

ઉપરાંત રાજયની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓના કુલ ૧૮૭૩ મુખ્ય રસ્તાઓ, ૭૫૧ માર્કેટ વિસ્તાર, ૨૮૨૩ કોમર્શીયલ વિસ્તાર, ૫૨૭૨ રહેણાક વિસ્તારમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

રાજયની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં કુલ ૧૦૬૩ બ્લેક સ્પોટની સાફ સફાઈ પણ હાથ ધરવામાં આવી હતી.

### દમણ રેડિયો

**102.3 FM**

બુધવાર

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૫ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (દિલ્હી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૦ - પ્રકૃતિ, ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - ભારત કી ગુંજ, ૯.૩૦- આજ કે ફનકાર, ૧૦.૦૦ - ગીત ગાતા ચલ, ૧૦.૩૦- સુગમ સંગીત, ૧૧.૦૦-હિન્દી ફિલ્મ સંગીત. **બપોરે :** ૧૨.૦૦- લોક સંગીત અને ૧૨.૩૦ - મહિલા જગત (અમદાવાદ-વડોદરાથી), ૧.૦૦ - કુછ બાતે કુછ ગીત - ૨.૦૦ - ગાને તરાને, ૩.૦૦ - સખી સહેલી, ૪.૦૦ આજ મહેમાન. **સાંજે :** (દમણથી) ૫.૦૦ - ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - NCERT - ઉમંગ, ૬-૦૦ શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ -શ્રવણ માધુરી, ૬.૩૦ યુવવાણી (અમદાવાદ-વડોદરાથી), ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ કિસાન વાણી (સ્થાનિક ખેડૂતો, તજજ્ઞો સાથે મુલાકાત), ૭.૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા (દિલ્હીથી, ૮.૩૦ - રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.૦૦ - આજ કે ફનકાર, ૯.૩૦ છાયા ગીત, ૧૦.૦૦ નાટક ( અમદાવાદ -વડોદરાથી), ૧૦.૩૦ - ગોલ્ડન અવર્સ, ૧૧.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન




### આજનું પંચાગ

**તા.** ૨૫-૦૯-૨૦૨૪, **વાર:** બુધવાર, **તિથિ:** આઠમ **વિક્રમ સંવત:** ૨૦૮૦
**સૂર્ય ઉદય:** ૦૬:૦૩ **સૂર્ય અસ્ત :** ૧૮:૨૭ **ચંદ્રરાશિ:** કર્ક

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજનો દિવસ ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે.

**મિથુન(ક.છ.ઘ) :** આજનો દિવસ તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે.

**કર્ક(ડ.હ) :** આજનો દિવસ ઉચ્ચ કેલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો.

**સિંહ(મ.ટ.) :** આજનો દિવસ તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ.

**કન્યા(પ.ઠ.ણ.) :** ક્કાજનો દિવસ ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો.

**તુલા (ર.ત.) :** આજનો દિવસ સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજનો દિવસ તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજનો દિવસ મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે.


**મકર(જ.ખ) :** આજનો દિવસ સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે.

**કુંભ(ગ.શ.સ.) :** આજનો દિવસ શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દૃઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજનો દિવસ આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


## સેલવાસમાં ખાળકુવાનું પાણી ગટરમાં છોડતા મચ્છરોનો ત્રાસ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સેલવાસ, તા.૨૪:** સેલવાસ નગરપાલિકા વિસ્તારમાં છેલ્લા ઘણા દિવસથી મચ્છરોનો ત્રાસ વધી ગયો છે. સેલવાસ નગર પાલિકા દ્વારા સમય સમય ઉપર ફોગીંગ કરવામાં આવવા છતાં મચ્છરો ઓછા થવાના બદલે વધી રહ્યા છે. નગર પાલિકા વિસ્તારમાં સોસાયટી દ્વારા ખુલ્લી ગટરો તેમજ ખાળ કુવાનું પાણી પણ ગટરોમાં છોડવામાં આવી રહ્યું છે એ જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે. સેલવાસ નગર પાલિકા વિસ્તારમાં વિવિધ જગ્યા ઉપર પાણી ભરાઈ રહેલ છે. તેમજ અમુક જગ્યા પર ખુલ્લી ગટરોના કારણે મચ્છરોની ઉત્પત્તિ વધી ગઈ છે. જેના કારણે સેલવાસ નગર પાલિકા વિસ્તારમાં મચ્છરોનો ત્રાસ વધી ગયો છે.

સેલવાસ નગર પાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો દ્વારા ખાળકુવાનું પાણી ગટરમાં છોડવા ઉપર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હોવા છતાં પાણી છોડવામાં આવતા હોવાની માહિતી બહાર આવી રહી છે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના નિયમો તો બનાવી દીધા પરંતુ તેનું પાલન કરાવવા માટે પાલિકા નિષ્ફળ નીવડી હોવાનું દેખાઈ રહ્યું છે.ત્યારે આ બાબતે નગરપાલિકા દ્વારા ઉચિત કાર્યવાહી કરવામાં આવે એ જરૂરી બન્યું છે. તેમજ ખાળકૂવાનું પાણી જેમના દ્વારા ગટરમાં છોડવામાં આવી રહ્યું છે એમના ઉપર દંડાત્મક કાર્યવાહી કરવી જરૂરી બન્યું છે.

## વલસાડ આર્ટસ કોલેજનું ગૌરવ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૨૪:** વલસાડ જિલ્લાની હોકી રમતની ખેલાડી સંજના વિજયકુમાર રાઠોડ કે જે જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડમાં અભ્યાસ કરે છે, જેની હોકી ગુજરાતની જુનિયર ટીમમાં પસંદગી થઈ છે તે હવે ૧૪મી હોકી ઈન્ડિયા જુનિયર (બહેનો) નેશનલ ચેમ્પિયનશિપમાં તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ થી તા. ૧૦ ઓક્ટોબર ૨૦૨૪ સુધી રાંચી, ઝારખંડ મુકામે ભાગ લેવા માટે જશે, તે બદલ હોકી વલસાડના પ્રમુખ પ્રા. મહેશભાઈ બી. પટેલ, ઉપપ્રમુખ પ્રા. જીતેન્દ્રકુમાર એમ. ટંડેલ, મંત્રી ડૉ.ભાવિનકુમાર એમ. પટેલ, તેમજ હોકી વલસાડના કારોબારી સભ્યોએ સંજના રાઠોડને અભિનંદન પાઠવી, નેશનલ સ્પર્ધામાં સારું પ્રદર્શન કરી હોકી વલસાડ અને હોકી ગુજરાતનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## વાપીની સમર્પણ જ્ઞાન સ્કૂલના બાળકોએ વોલ પેઈન્ટિંગ વડે જાગૃતિ સંદેશ પહોંચાડ્યો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૨૪ :** વાપી ખાતે આવેલ સમર્પણ જ્ઞાન સ્કૂલના બાળકોએ તારીખ ૨૩ સપ્ટેમ્બરને સોમવારના રોજ વોલ પેઈન્ટિંગ કોમ્પિટિશનમાં ભાગ લઈ ભાવી પેઢીને તણાવ મુક્ત વાતાવરણમાં રાખવાના સંદેશ પ્રદર્શિત કર્યા હતા.

આ સ્પર્ધા વાપી નગર પાલિકા અને આઈ ડ્રિમ અબાઉટ ફાઉન્ડેશન દ્વારા રાખવામાં આવે હતી.

સમર્પણ જ્ઞાન સ્કૂલના કલા શિક્ષક લાયન ચૈતાલી પાટીલે શાળાના બાળકો સાથે 'તણાવ મુક્ત ભાવિ પેઢી' વિચારને ધ્યાનમાં લઈ સુંદર ચિત્રકારી કરી હતી.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્કૂલ ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મૂકેશ પટેલ અને શાળાના આચાર્યાએ પૂરતો સહકાર આપી બાળકો તેમજ કાળા શિક્ષકને પ્રોત્સાહિત કર્યા હતા. ચિત્ર દ્વારા બાળકોએ આવનારી પેઢીની મનઃસ્થિતિ સમજી કામ લેવું તેમજ તણાવભર્યા વાતાવરણમાં બાળકોની સ્થિતિ કેવી બની શકે તે દર્શાવ્યું હતું.

## બીલીમોરા પાલીકાએ જાહેર સ્થળોએ સાફ સફાઈ કરી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા. ૨૪ :** સ્વચ્છતા અભિયાનને વધુમાં વધુ વેગવંતુ બનાવવા અને સમગ્ર દેશને સ્વચ્છ કરવા સરકારશ્રી દ્વારા વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે નવસારી જિલ્લાની વિવિધ નગર પાલીકાઓમાં જાહેર સ્થળોએ સફાઈ કામગીરી કરવામાં આવી હતી. જેમાં બીલીમોરા નગર પાલીકાના બસ સ્ટેન્ડ, શૌચાલય, પાર્કીંગ, જાહેર માર્ગો, શેરીઓ, કચેરીઓ તેમજ વિવિધ જાહેર સ્થળો પર સાફ-સફાઈ કરવામાં આવી હતી. રસ્તા પર પડેલા પ્લાસ્ટીકના ઢગલાઓ તેમજ કચરાને ઉપાડીને યોગ્ય નિકાલ કરાયો હતો. આ તકે નાગરિકોને આસપાસ સફાઇ જાળવવા સફાઇ મિત્રો દ્વારા અપીલ કરાઇ હતી.

## વાપીમાં ભારતીય જૈન સંગઠની બેઠકનું યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૨૪ :** ભારતીય જૈન સંગઠન (BJS) એક NGO છે જે સમાજ અને રાષ્ટ્રની જરૂરિયાતો/સમસ્યાઓને ધ્યાનમાં રાખે છે અને તેના ઉકેલ માટે કામ કરે છે. તેના સ્થાપક શાંતિલાલ મુથા છે, જેઓ છેલ્લા ૪૦ વર્ષથી સમાજ સેવાના ક્ષેત્રમાં ખૂબ જ સમર્પણ સાથે કામ કરી રહ્યા છે. BJSની લગભગ ૭૦૦ શાખાઓ સમગ્ર દેશમાં સમાજના હિતમાં સક્રિયપણે કાર્ય કરી રહી છે. શાખાઓની રચના અને સ્થાપના માટે ભારતીય જૈન સંગઠનના સક્રિય કાર્યકરો અને અધિકારીઓ દ્વારા સંગઠન યાત્રાઓ યોજવામાં આવી રહી છે.

આ ક્રમમાં, BJS દ્વારા ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૪ (સોમવાર) ના રોજ સવારે ૧૧ વાગ્યે વાપી (ગુજરાત) ખાતે સમાજના તમામ સભ્યોની એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનું સંચાલન કરુણા જૈન દ્વારા કરવામાં આવ્યું હતું.

વાપીની વિવિધ જૈન સંસ્થાઓના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા, BJS વાપી ચેપ્ટરના પ્રમુખ ડૉ. મુકેશ જૈન અને BJS વાપીના પૂર્વ પ્રમુખ અને સ્થાપક અધ્યક્ષ રમેશ કોઠારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે BJS દ્વારા છેલ્લા ચાર વર્ષમાં સ્માર્ટ ગર્લ પ્રોગ્રામ, મોટિવેશનલ પ્રોગ્રામ, મેડિકલ કેમ્પ, બ્લડ કેમ્પ પ્લાન્ટેશન, અનાથ બાળકો માટે ગરબાનું આયોજન અને ફ્રી મેડિકલ ભાડે આપવા જેવા અનેક સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

સાધનોનું કામ કરવામાં આવ્યું છે અને કાર્યક્રમના અંતે દરેકને બીજેએસમાં જોડાવા અને તેમના વિસ્તારના પરિવાર અને સમાજના વિકાસમાં યોગદાન આપવા વિનંતી કરવામાં આવી હતી.

## સેલવાસમાં GNLU દ્વારા ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ માટે CLAT માર્ગદર્શન શિબિર યોજાઈ




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સેલવાસ, તા.૨૪:** ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (GNLU) સેલવાસ દ્વારા રખોલી, દપાડા, ખાનવેલ, દમણ, સેલવાસ, ટોકરખાડા અને ગલોંડાની દસ સરકારી શાળાઓના ધોરણ ૧૨ ના ૪૫૦ થી વધુ વિદ્યાર્થીઓ માટે CLAT માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ જી.એન.એલ.યુ સેલવાસ કેમ્પસ (ઓલ્ડ સચિવાલય બિલ્ડીંગ) ખાતે આયોજિત આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને કાયદાકીય શિક્ષણમાં આગળ વધવા માટે આવશ્યક માહિતીથી સજ્જ કરવાનો હતો. આ શિબિરમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને કેમ્પસ ટૂર કરાવવામાં આવી હતી અને GNLUના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરીને કાયદાના અભ્યાસ વિશેની માહિતી મેળવી હતી. આ કાર્યક્રમઆમ કોમન લો એડમિશન ટેસ્ટ (CLAT) વિશેની મુખ્ય વિગતોથી માહિતગાર કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે CLAT માટે ૧૫ ઑક્ટોબર, ૨૦૨૪ની અરજીની અંતિમ તારીખ છે અને ૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ પરીક્ષા યોજાશે. દાનહના વતની માટે ૫ વર્ષના B.A. LLB અને ૧ વર્ષના LLM માં ૨૫ ટકા બેઠકો અનામત છે. કાયદાના મહત્વાકાંક્ષી વિદ્યાર્થીઓને વધુ મદદ કરવા માટે GNLU નવેમ્બરમાં ખાનવેલ અને સેલવાસ ખાતે મફત કોચિંગ પૂરું પાડશે.

## પૂર્વ સૈનિકોના સંતાનો માટે સુરતના સૈનિક કુમાર છાત્રાલયમાં પ્રવેશ શરૂ

**(દમણગંગા ટાઈમ્સ)**
**વલસાડ, તા. ૨૪:** વલસાડ, નવસારી, ડાંગ, તાપી, સુરત, ભરૂચ અને નર્મદા જિલ્લામાં વસવાટ કરતા શહિદ સૈનિકો, સ્વ. પૂર્વ સૈનિકો અને પૂર્વ સૈનિકોના સંતાનો માટે સુરતના સરથાણા ખાતે શૈક્ષણિક સંસ્થા ગૌરવ સેનાની ભવનમાં સૈનિક કુમાર છાત્રાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ હોસ્ટેલમાં ધો. ૮ કે તેથી ઉપરના ધોરણમાં રેગ્યુલર વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતા હોય તેમને રહેવા અને જમવા માટેની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ છાત્રાલયમાં પ્રવેશ મેળવવા માટે ઈચ્છુક શહિદ સૈનિકો, સ્વ પૂર્વ સૈનિકો અને પૂર્વ સૈનિકોના સંતાનોના માતા-પિતાએ અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરી સવેળા અત્રેની કચેરીને મળી રહે તેમ નમૂના મુજબનું એડમિશન ફોર્મ મેળવી લેવા મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે. વધુ વિગત માટે સુરત જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીના ટેલિફોન નં.૦૨૬૧-૨૯૧૩૮૨૦ અથવા ૯૪૨૬૮૦૨૮૨૦ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

## વઘઈના કુમારબંધમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઈ




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**આહવા, તા. ૨૪:** પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે તેમજ વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે.

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના સીધા માર્ગદર્શન હેઠળ, રાજયના તમામ જિલ્લાઓમા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટેની સમજ આપવામા આવી રહી છે. ત્યારે દેશનો પ્રથમ પ્રાકૃતિક જિલ્લો ડાંગ પણ, પ્રાકૃતિક ખેતીને વેગવંતી બનાવવા, અને વધુને વધુ ખેડુતો પ્રાકૃતિક કૃષિથી અવગત થાય તે માટે, વિવિધ તાલુકાઓના કલસ્ટર દીઠ ખેડૂતોને તાલીમ આપવામા આવી રહી છે.

ડાંગ જિલ્લાનાં વઘઇ તાલુકાના નાનાપાડા ક્લસ્ટરમા સમાવિષ્ટ કુમારબંધ ગામમા પણ, તાજેતરમા આવી જ એક પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઇ હતી. જેમા કુલ-૨૨ ખેડુતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામા આવી હતી.

આ તાલીમમા માસ્ટર ટ્રેનર શ્રીમતી મિત્તલબેન મેસવાણીયા, અને સંદિપભાઈ શેવરે દ્વારા પ્રાકૃતિક ખેતીના મુખ્ય આયામો જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, વાફસા, ખાટી છાસ, ગૌ મૂત્ર, રાખના ઉપયોગ વિશે ખુબ ઊંડાણપૂર્વક માહિતી આપવામા આવી હતી. તેમજ તમામ લોકોને પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ વિશે માહિતગાર કરવામા આવ્યા હતા.

### માજ સેવક મહેશભાઈ સવાણીની ઉપસ્થિતમાં

## પ્રીત ફાઉન્ડેશન દ્વારા ગૌ સેવા સમર્પણ પુરસ્કારનુ આયોજન

**(દમણગંગા ટાઈમ્સ)**
**નવસારી,તા.૨૪:** શિક્ષણ સાથે સંસ્કૃતિનું સિંચન કરવાના ધ્યેયથી એક રોટી ગાય કી અભિયાન શરુ કરનાર પ્રીત ફાઉન્ડેશન દ્વારા નવસારી બી. આર. ફાર્મ ખાતે ગૌ સેવા સમર્પણ પુરસ્કારનુ આયોજન કરવામાં આવ્યું હતું.

છેલ્લા એક વર્ષથી ૬૦ શાળાઓ અને આશરે ૪૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓના સહયોગથી એક રોટી ગાય કી અભિયાન શરુ કરવામાં આવ્યું છે. જેમાં બાળકો ઘરથી રોટલી લાવે જે સંસ્થાના સ્વયં સેવકો દ્વારા ગૌ શાળા સુધી પહોંચાડવામાં આવે છે. આ અભિયાન પૂર્ણ થતાં સહયોગી સૌ શાળાનું સન્માન કરવા માટેના સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં જાણીતા સમાજસેવી મહેશભાઈ સવાણી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત હતાં. તેમણે આ અભિયાનને બિરદાવ્યું હતું અને તેમના દ્વારા સંચાલિત શાળાઓમાં આ અભિયાન શરુ કરવા માટે પણ અપીલ કરી હતી. સાથે જ નવસારી જિલ્લાના પોલીસ અધિક્ષક સુનિલ અગ્રવાલે પણ અભિયાનને બિરદાવ્યું હતું.

## ડાંગમાં બોગસ ડોકટરો સામે કાર્યવાહી કરવા બાબતે બસપા પાર્ટીએ કલેક્ટરને આવેદન આપ્યું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સાપુતારા, તા.૨૪:** ડાંગ જિલ્લામાં ડિગ્રી વગરના બોગસ ડોકટરો દ્વારા તબીબ તરીકેની સેવા આપી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવામાં આવી રહી હોય તેવું જોવા મળી રહ્યું છે. જોકે વહીવટી તંત્ર દ્વારા ગણતરીનાં બોગસ ડોકટરો સામે જ કાર્યવાહી કરવામાં આવેલ છે. જેથી તમામ બોગસ ડોક્ટર સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે ડાંગ જિલ્લા બહુજન સમાજ પાર્ટી દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ.ડાંગ જિલ્લાનાં આહવા, વઘઇ અને સુબિર તાલુકાનાં અનેક વિસ્તારમાં ડિગ્રી વગરનાં ડોક્ટરો દ્વારા તબીબી સેવા આપવામાં આવી રહી છે અને ગરીબ આદિવાસી પ્રજાના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવામાં આવી રહી છે. ત્યારે તંત્રને અંધારામાં રાખીને ડાંગ જિલ્લામાં બોગસ દવાખાના પણ ચલાવવામાં આવી રહ્યા છે.જેથી ડાંગ જિલ્લામાં જેટલા દવાખાના છે તેની સંપૂર્ણ તપાસ કરવામાં આવે. ત્યાર પછી હોસ્પિટલોની મંજૂરી ખરા અર્થમાં હોય તો તેને મંજૂરી આપવામાં આવે અને ગેરલાયકાત ધરાવતા ડોક્ટરોને તથા તેમના હોસ્પિટલોને સીલ કરવામાં આવે તેવી માંગ સાથે બહુજન સમાજ પાર્ટી દ્વારા કલેક્ટરને સંબોધતુ આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતું. તેમજ આ અંગે યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો આમરણ ઉપવાસ કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી રહી છે. હાલમાં થોડા દિવસ પૂર્વે આમ આદમી પાર્ટી દ્વારા સુબિર તાલુકામાં બોગસ ડોક્ટરો અંગે આવેદનપત્ર આપ્યુ હતુ. જે સંદર્ભે ડાંગ પોલીસ દ્વારા સુબિર ખાતે રેડ કરી ત્રણ જેટલા બોગસ ડોક્ટરો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે આપ બાદ હવે બસપા પાર્ટી બોગસ ડોક્ટરો વિરુદ્ધ મેદાને ઉતરી છે.ત્યારે તંત્ર બોગસ ડોક્ટરો વિરુદ્ધ કેવા પગલા ભરશે તે સમય જ બતાવશે.

### સુબીર તાલુકાનાં લોકોને વઘઈ કોર્ટનો મેમો ન આપવાની માંગ સાથે

## ભારત આદિવાસી સંવિધાન સેનાએ આવેદનપત્ર પાઠવ્યુ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**આહવા, તા. ૨૪:** ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકામાં સમાવિષ્ટ ૯૨ ગામોમાં RTO અથવા પોલીસ અધિકારી મારફતે ટુ-વ્હીલર કે ફોર-વ્હીલર વાહન ચાલકોને છેલ્લા ઘણા સમયથી સુબીર તાલુકામાં સુબીર I.M.F.C કોર્ટ ચાલુ હોવા છતા ફરજીયાત R.T.O વઘઈના મેમો ભરવા માટે ફરજ પાડવામાં આવી રહી છે. જેના કારણે તેમને માનસિક અને આર્થિક રીતે હેરાનગતિ થઈ રહી છે.ત્યારે આ હેરાનગતિ તાત્કાલિક ધોરણે બંધ કરવામાં આવે તેવી માંગ સાથે ભારત આદિવાસી સંવિધાન સેના દ્વારા મામલતદાર તથા ડિસ્ટ્રિક્ટ જજ નવસારીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતું. સુબીર તાલુકામાં ૯૨ ગામોનો સમાવેશ થાય છે. અને આ ગામો સુબીર પોલીસ મથકનાં તાબાના અધિકારી હોય કે જિલ્લાના કોઈપણ ટ્રાફિક પોલીસ આધિકારી હોય તેમના દ્વારા ફરજીયાત પણે આર.ટી.ઓ. વઘઈ માં મેમો ભરવા માટે ફરજ પાડવામાં આવી રહી છે. જેના કારણે વાહન ચાલકોને ખુબજ આર્થિક અને માનસિક નુકશાન થઈ રહ્યું છે. કારણ કે સામાન્ય ટુ-વ્હીલરનો હેલ્મેટ કે ફોરવ્હીલર અથવા લાઈસન્સ વગર, પી.યુ.સી. ડ્રાઈવીંગ લાયસન્સ,આર.સી. બુક ન હોય તો પણ બધા જ પ્રકારના મેમોની અંદર લખી પકડાવી દેવીમાં આવે છે. અને એવા મેમો ભરવા માટે જગ્યા પર કોઈ વ્યવસ્થા કરવામાં આવતી નથી. જેના કારણે સુબીર અને આજુબાજુના ગામોથી છેક વઘઈ સુધી ૯૦ કિલોમીટર દૂર મેમો ભરવા માટે જવું પડે છે. સીધી રીતે આના કારણે માનસિક તથા આર્થિક હેરાનગતિ થઈ રહી છે. અહીંના પોલીસ અધિકારીને આ અંગે રજૂઆત કરવામાં આવે છે ત્યારે તેમના દ્વારા જણાવવામાં આવે છે કે, અહીંની કોર્ટમાં સ્ટાફ નથી તેથી અમને સુચના છે કે ફરજિયાત વઘઈ કોર્ટમાં મેમો આપવામાં આવે. આમ સુબીર ખાતે કોર્ટની વ્યવસ્થા હોવા છતાં આ રીતે ગરીબ આદિવાસી વિસ્તારના લોકો સાથે શોષણ અને અત્યાચાર કરવામાં આવી રહ્યો છે. ત્યારે તાત્કાલિક સુબીર કોર્ટમાં સ્ટાફ ની વ્યવસ્થા કરવામાં આવે અને જે પણ અધિકારી મેમો બનાવે છે તે જગ્યા પર ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવે તે માટે સંબંધિત વિભાગને તાત્કાલિક જાણ કરીને યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી માંગ સાથે ભારત આદિવાસી સંવિધાન સેના એ સુબીર મામલતદાર તથા નવસારી ડિસ્ટ્રિક્ટ જજને લેખિતમાં આવેદનપત્ર પાઠવ્યુ હતુ. તેમજ આ અંગે યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો આંદોલન કરવામાં આવશે એવી ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

## નવસારી જિલ્લા નાગરિક પુરવઠા અને સલાહકાર સમિતીની બેઠક યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ)**
**નવસારી, તા.૨૪:** નવસારી જિલ્લા નાગરિક પુરવઠા અને સલાહકાર સમિતિની બેઠક જિલ્લા કલેકટર ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજાઇ હતી.

જિલ્લા કલેકટર ક્ષિપ્રા આગ્રેએ સપ્ટેમ્બર-૨૦૨૪ માં તમામ લાભાર્થીઓને અનાજ સમયસર મળી રહે તથા એ.એ.વાય યોજના હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબોને વિતરણ વ્યવસ્થા અંગે ચર્ચા-સમીક્ષા કરવામાં આવી હતી.

જિલ્લા પુરવઠા અધિકારી આર.સી.પટેલે જણાવ્યું હતું કે, જિલ્લા નાગરિક પુરવઠાની બેઠકમાં ઓગષ્ટ-૨૦૨૪ માં એન.એફ.એસ. એ. કાર્ડ ધારકોને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ઓનલાઈનથી ૯૭.૩૧ ટકા અનાજ વિતરણ કરવામાં આવેલ છે. તેમજ એપ્રિલ-૨૦૨૪ થી ઓગષ્ટ-૨૦૨૪ સુધીમાં જિલ્લાકક્ષાએ થી વાજબી ભાવની દુકાનની કુલ-૧૦૮, બિન પરવાનેદારની-૨૧, ગેસ એજન્સીઓની-૧૪, ગોડાઉન-૦૭, પેટ્રોલપંપ-૧૭ તપાસણી કરવામાં આવી છે. બેઠકમાં જિલ્લા પંચયાત પ્રમુખ પરેશભાઈ દેસાઈ તેમજ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# વિશેષ વાંચન

Wednesday 24, September 2024
દમણગંગા ટાઇમ્સ

# વાપી ઉદ્યોગનગર પ્રદૂષણનું દુષણ ૩૫ વર્ષ પહેલાઃ આજે કોઈ ફરક ખરો?

## ''નવનીત સમર્પણ''ના લેખમાં સાડા ત્રણ દાયકા પહેલાના પ્રદૂષણનો હેવાલઃ આજે પ્રદૂષિત કારખાનાઓની પ્રદૂષણ સંદર્ભની અવળચંડાઈમાં કોઈ ફરક ખરો?: ૧૯૮૯ માં કેન્સર પેદા કરતા રસાયણનું ઉત્પાદન થતું હોવાનો હેવાલઃ તે સમયે ૮૫૦ કારખાના હતાઃ આજે ૧૫૦૦ ઉપરાંતઃ કાર્યરત કારખાનાઓની સંખ્યા આપવામાં વીઆઈએના પ્રમુખની સંતાકૂકડી!

વાપી પૂર્વ પશ્ચિમને જોડતો જુનો રેલવે ઓવરબ્રીજ બે વર્ષ પહેલાં ધબાય નમઃ કરાયો એ પછી વાપી સમગ્રમાં ટ્રાફિકજામના દાંડિયારાસ બેરોકટોક ચાલી રહ્યો છે. કમનસીબી એ પણ છે કે, વાપીના ઔદ્યોગિક અને વાણિજ્યના વિકાસ સાથે વધતી જતી આબાદીને કારણે ૧૦-૧૦ માળના સિમેન્ટના ઘનઘોર જંગલો ઊભા કરી દીધા પરંતુ ન તો જીઆઈડીસીના એટલે કે વીઆઈએ જેવા સંગઠન અને ન તો વાપી નગરપાલિકાના શાસકોએ પણ વાપી પૂર્વ-પશ્ચિમને જોડતા વિકલ્પ એવા બીજા ઓવરબ્રિજો કે અંડરબ્રીજો અંગે લેશમાત્ર ન વિચાર્યુંઃ આજની મોકાણ શાસકોની દીર્ઘદ્રષ્ટિના અભાવને કારણે જનતાએ ભોગવવી પડે છે.

વાપીનો જુનો રેલવે ઓવરબ્રિજ તો ૨૦૨૨ માં ધરાશાયી કરવાનો આરંભ થયેલો પરંતુ અમે તો દમણગંગા ટાઈમ્સના તા.૧૮-૪-૨૦૧૮ ના લેખમાં જ જણાવેલું કે વાપીના રેલ્વે ઓવરબ્રીજ અને ટ્રાફિકના પ્રશ્નો સૌ બેધ્યાન. તારીખ ૬/૬/૨૦૧૯ના પત્રમાં પણ અમે ભયની સાઈરન વગાડેલી. એ પછી પણ તારીખ ૯/૯/૨૦, તારીખ ૪/૧૦/૨૦, તારીખ ૧૦/૮/૨૨, તારીખ ૨૧/૧૨/૨૨, તારીખ ૨૮/૧૨/૨૨, તારીખ ૨૭/૨/૧૯, તારીખ ૨૨/૧૦/૨૩, તારીખ ૪/૧૦/૨૩ ,તારીખ ૧/૧૧/૨૩ તેમજ વર્ષ ૨૦૨૪ માં પણ ટ્રાફિકના માથાના દુઃખાવાની વિગતો અમે ઘણીવાર ચર્ચેલી છે.

જુના પુલને ભોંયભેગો કરાયા પછી વાપીમાં બલિઠાને ૮૦ નંબરની ફાટક પાસે રેલવે અંડરબ્રિજ બનાવવાનું પણ આયોજન છે. વાપી જે ટાઈપ પાસે ૫૦ કરોડના ખર્ચે રેલવે ઓવરબ્રીજ પણ બની રહ્યો છે. પરંતુ આ બધી જ વૈકલ્પિક યોજનાઓને વિલંબનું ગ્રહણ લાગી ગયેલું હોવાથી એક પણ યોજના કાર્યાન્વિત થઈ શકી નથી.! બલીઠા રેલવે ફાટક રેલવેને લાગીને એક ઓવરબ્રીજ છેલ્લા આઠ વર્ષથી પૂરો થયો નથી. લોકોની મુશ્કેલીમાં રાહત થાય એ માટે સરકાર કરોડોના ખર્ચે યોજનાઓને આકાર તો આપે છે પરંતુ આ યોજનાઓના ઠેકેદારો એટલા વગદાર બની રહે છે કે તેઓનો વાળ પણ વાંકો થતો ન હોવાથી અને વર્ષો સુધી કામ ઠેલાય છે.

વાપીમાં ટ્રાફિકની સમસ્યાનો ઉકળતો ચરૂ ઓછો હોય એમ દાઝ્યા પર ડામની જેમ રેલવેએ વાપી ૮૦ નંબર અને ૮૧ નંબરની ફાટક તારીખ ૨૨/૯/૨૪થી ૨૭/૯/૨૪ સુધી ટ્રાફિક માટે બંધ કરી દીધી. રેલવે ટ્રેક અને ફાટકના કામ માટે પાંચ દિવસ ફાટક બંધ રાખવાનો રેલવેએ તઘલખી નિર્ણય લઈ લીધો. વાપી પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનો આ વિકલ્પ બંધ થઈ જતા જે ટાઈપ પાસેના રેલવે અંડરબ્રીજ ઉપર ટ્રાફિકનું જબ્બર ભારણ આવી પડેલું છે. વાપીમાં કરાટેની જાણીતી સંસ્થા ચલાવતા હાર્દિક જોશીએ વરાળ કાઢતા અમને જણાવ્યું કે ફાટક બંધ કરી દેવાતા રેલવે અંડરબ્રિજમાંથી પૂર્વમાં જતા મને એક કલાક લાગ્યો. હાર્દિકભાઈએ એવો ઉકળાટ પણ દર્શાવ્યો કે વાપીમાં અવિચારી પગલાંઓને કારણે વાહન ચાલકોને અસહ્ય ત્રાસ પડી રહ્યો છે તે સામે કોઈ અવાજ પણ ઉઠાવતું નથી.

હાર્દિક જોશીની વ્યથા વ્યાજબી છે. વાપીવાસીઓ જે મુશ્કેલી અનુભવી રહ્યા છે અથવા સહી રહ્યા છે તે જોતાં એમ જરૂર લાગે કે જનતામાં અન્યાય સામે અવાજ ઉઠાવવાનું ખમીર જ રહ્યું નથી.!

આ સાથે વાપીની પ્રજાની ઉપાધિ બાબત દિલ બાતતા અગ્રણીઓ પણ પોતાનો રોષ સોશિયલ મીડિયામાં ઠાલવે છે. જે ઉપર એક નજર ફેરવીએ, હેમંત શાહ નામના ભાઈએ જણાવ્યું ''હવે પાંચ દિવસ ફાટક બંધ છે ત્યારે વાપીની હાલત જોવા જેવી થશે.'' જીતુ દેસાઇ નામના ભાઈએ અમારા પેજ ઉપર જણાવ્યું અત્યારે બ્રિજના કામમાં વપરાતા સળિયા પ્લાસ્ટિક કોટેડ નથી આવા સળિયા હોય તો પુલની લાઈફ વધે હાલના પીલર ઉપરના સળિયા તો ચોમાસાના પાણીમાં જંક ખાઈ ગયા છે, તો તેની સ્ટેબિલિટી જળવાશે? એમણે આગળ જણાવ્યું ટેન્ડરમાં જણાવ્યા પ્રમાણેનું મટીરીયલ વપરાય છે કે નહીં? તેની પણ તપાસ થવી જોઈએ.

વાપીના આગેવાન રોહિતભાઈ સોમપુરા પણ વાપીને સમસ્યા બાબતોનો ઉંડો રસ લેતા હોય છે. તેઓ જણાવે છે વાપીની જનતાએ ખરેખર નવા બ્રિજ માટે પાંચ વર્ષ રાહ જોવી પડશે. ટ્રાફિકની રોજની રામાયણ ચાલુ જ રહેવાની સમસ્યાના હલ માટે એક સમિતિ બનાવવી જોઈએ, ઓવરબ્રીજો અને અંડરબ્રિજોને પૂરા કરવાની ટાઈમ લાઈન નક્કી થવી જોઈએ. દરેક યોજનાના સ્થળોએ જાહેર જનતાની જાણ માટે પાટીયા લગાવવા જોઈએ. તેની ઉપર ઠેકેદારનું નામ મોબાઈલ નંબર અને જે તે સંબંધિત સરકારી અધિકારીઓના પણ ફોન નંબર અને ઈમેલ એડ્રેસ લખવા જોઈએ. અંતમાં રોહિતભાઈ ચાબુક મારતા જણાવે છે. આ બધા ખાઈબદેલા અધિકારીઓ છે. ગમે ત્યારે નોટિફિકેશન બહાર પાડી દે અને ફાટક બંધ કરી દે તો તેઓને મેગા બ્લોક આપી ઓવરબ્રિજનું કામ પૂરું કરવાનું કેમ સૂઝતું નથી.?

### દમણગંગાના તીરેથી



- પ્રવિણસિંહ પરમાર
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

જે રીતે વાપીમાં ટ્રાફિક સહિતની સમસ્યાઓ તાંડવ નૃત્ય કરી રહી છે તે જોતાં હવે આપણા નાણાં, ઊર્જાને પેટ્રો કેમિકલ્સના મંત્રી કનુભાઈ દેસાઈએ જે તે ડિપાર્ટમેન્ટ અને ઠેકેદારો સામે લાલ આંખ કરવી જોઈએ એમ લાગે રહ્યું છે. વાપીને રહેવા લાયક નગર બનાવવાની ખાતરી પણ કનુભાઈ દેસાઈએ આપેલી છે. એટલે તંત્રનો કચરો સાફ કરી તેઓ વાપીને આદર્શ નગર બનાવવા જલદ પગલાં લેશે એવી અપેક્ષા છે.

વાપીને મહાનગરપાલિકા બનાવવાના નિર્ણયની જાહેરાત ઓક્ટોબર ૨૦૨૧ માં કરવામાં આવેલી. આજે ત્રણ વર્ષ થવાના. સત્તાવાર રીતે મહાનગરપાલિકા હજુ સુધી જાહેર થઈ નથી વાપી નોટિફાઈડ એરીયા સહિતની મહાનગરપાલિકાની લોકો ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. વાપીના અપેક્ષિત વિકાસ માટે મહાનગરપાલિકા જેમ બને એમ જલ્દી બને એ માટે નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ એડી ચોટીનું જોર લગાવશે એવી આશા છે.

**વાપી ઔદ્યોગિક નગરના કારખાનાઓનું આરોગ્યને હણી લેતું પ્રદુષણ ૩૫ વર્ષ પહેલાંનું!!**

હાલમાં જ અમારા હાથમાં આજથી ૩૫ વર્ષ પહેલાનું ખૂબ જ જાણીતું મેગેઝીન ''નવનીત સમર્પણ'' આવ્યું. પાનાં ફેરવતાં પ્રથમ દ્રષ્ટિએ ઔદ્યોગિક વસાહતના શીર્ષક હેઠળનો જગદીશ પટેલનો લેખ વાંચવા મળ્યો. આ અંક જાન્યુઆરી ૧૯૮૯ નો છે.

આ લેખમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે અમદાવાદની ગાંધી શ્રમ સંસ્થા દ્વારા વાપી ઔદ્યોગિક વસાહતનું એક સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. સી.જી. પંડ્યાએ એકલાએ આ સર્વેક્ષણને પુસ્તક રૂપે પ્રગટ કરેલ છે.

કામદારોના આરોગ્ય અને સલામતી અંગે આપણાં કારખાનાઓમાં શું સ્થિતિ છે તે જાણવા આ સંશોધનમાં પ્રયાસ કરાયેલો છે.

આ પુસ્તકનું તારણ ટૂંકમાં જોઈએ તો તેમાં જણાવ્યું છે કે, સલામતી અંગે જાગૃતિનો અભાવ જણાયો. જીઆઈડીસી દ્વારા પ્લોટોની વહેંચણી સમયે બે કારખાના વચ્ચે કેટલું અંતર રાખવું જોઈએ અને આમાં માનવ વસ્તીનું પ્રમાણ તથા પર્યાવરણના રક્ષણની જરૂરિયાતો ધ્યાને લેવાયેલ નથી. વાપીના કુલ ૮૫૦ કારખાનામાંથી ૩૭૭ જેટલા રસાયણોના છે. કેટલાંક કારખાનાઓ બંધ અને કેટલાક ફક્ત લે વેચનો ધંધો કરે છે. કારખાનાઓમાં સલામતી તકેદારી મુજબ આ હેવાલમાં ઉત્તમ, સારા, સાધારણ, ખરાબ અને કનિષ્ઠ એવા ગ્રેડ આપવામાં આવેલ છે. ૯૩ કારખાનાઓ સલામતી બાબતે સાવ કંગાળ હતાં. જે તરત જ બંધ કરી દેવા જોઈએ. ૧૪૧ માંથી ૧૩૭ કારખાનાઓ બંધ કરવાની ત્રણ શ્રેણીમાં આવે છે.

આ હેવાલમાં એમ પણ કહેવાયું છે કે વાપીમાં વાયુના ભારે પ્રદૂષણ અંગે સૌ જાણે છે છતાં વાયુ પ્રદૂષણના મોનિટરિંગ અંગે કશું થયું નથી (આજે ૩૫ વર્ષ પછી પણ વાપીમાં પ્રદૂષણની માત્રા દર્શાવતું સેન્ટર નથી).

લેખ આગળ ચાલતા જણાવે છે, સર્વેક્ષણમાં ૮૩ ટકા કારખાનામાં સલામતી અંગેની સમિતિ જ નથી. ૬૪ ટકા કારખાનામાં બોઈલર ઈન્સ્પેક્શન થતું નથી. ૯૪ ટકા કારખાનાને સેફટી ઓડિટ શું છે તેની જાણ નથી. ૮૪ ટકા કારખાનાઓએ અકસ્માતના રિપોર્ટ માટે કોઈ પદ્ધતિ રાખી નથી. ઈએસઆઈમાં માંદગીની સારવાર લેનાર કામદારોના આંકડા ડિસ્પેન્સરીમાં ઉપલબ્ધ નથી. સરખાં જવાબ આપવા જવાબદાર ડોક્ટરો પણ નહોતા. ડિસ્પેન્સરી પાસે સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ નથી. (જોકે આજે તો ઈએસઆઈસી મોટી હોસ્પિટલ બનેલી છે).

આ હેવાલમાં વાપીની હરિયા રોટરી હોસ્પિટલના વખાણ કરવામાં આવેલા છે. કહે છે વાપીની હરિયા હોસ્પિટલ રણમાં મીઠી વીરડી રડી સમાન છે. આ હોસ્પિટલમાં ટીબી અને ફેફસાના વ્યવસાયિક રોગોના સૌથી વધુ દર્દી આવતા હોવાનું જાણવા મળ્યું.

હેવાલ આગળ ચાલતાં જણાવે છે કે, વાપીમાં લગભગ ૩૧૧ જેટલા રસાયણોના કારખાના છે. આમાંથી ૫૪ જેટલા કારસીઓજેનીક (કેન્સર થાય એવા) છે. ૩૧ કારખાના ફેફસાનો સત્યનાશ કરે એવાં, ૧૨૯ શ્વસનમાર્ગને અસર કરે એવા, ૧૬૦ ચામડી પર અસર કરે એવા, ૧૫૮ આંખોનો તેજ હણી લે એવા છે.

હેવાલમાં એવું પણ કહેવાયું છે કે, ઉદ્યોગનગરના પાંચ ચોરસ કિલોમીટરનો વિસ્તાર સંપૂર્ણ પ્રદૂષિત ગણી શકાય. ઉદ્યોગનગરના જુદા જુદા વિસ્તારો જુદી જુદી ગંધોથી નાક ભરી દે છે. પાણીના રંગ પણ વિસ્તાર મુજબ જુદાં!

૭૭ ટકા કારખાનાઓમાં પ્રજાને ચેતવણી આપે એવી એલારામ સિસ્ટમ નથી. કામદારોના આરોગ્ય અંગે પણ કોઈ પાસે પૂરી જાણકારી નથી. વાપીમાં હજારો લોકો ઝેરી ગેસની અસરનો ભોગ બની વિવિધ રોગોથી પીડાતા હશે તેનો કોઈ રેકોર્ડ નથી.

આ અભ્યાસ ૩૫ વર્ષ ઉપરનો છે પરંતુ આજે પણ સ્થિતિ વખાણવા જેવી નથી.

આજની તારીખે વાપી ઉદ્યોગનગરમાં કેટલા કાર્યરત કારખાના છે તે જાણવા અમે વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના પ્રમુખ સતીશ પટેલને ફોન કર્યો ત્યારે તેમણે જણાવેલ કે કુલ કારખાનાનો આંકડો તેઓ ૨૩/૯/૨૪ ના દિવસે આપશે પરંતુ વીઆઈએ પ્રમુખ જેવાએ પણ આંકડો આપવા બાબત સાવ ઉદાસીનતા બતાવી એને શાહમૃગિ વલણ કહીશું?

વાપીમાં પ્રદૂષણ ઓકતા કારખાનાઓ વર્ષોથી આમ પ્રજાના સ્વાસ્થ્યને ઉધઈની જેમ કોરી ખાય છે. આજની તારીખે વાપી ઉદ્યોગ નગરમાં ૧,૫૦૦ જેટલા કારખાનાઓ હશે. જે પૈકી ૭૦ ટકા ખતરનાક રસાયણોના છે.

વિશ્વમાં ગ્રીન પીસ નામની પર્યાવરણના રક્ષણ માટે કામ કરતી સંસ્થાએ પણ વાપીના સીઈટીપીની નિરર્થકતા સામે અભિયાન ચલાવ્યું હતું વાપીના સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ બે વખત અતિ પ્રદૂષિત વિસ્તાર જાહેર કર્યો હતો. થોડા વર્ષો ઉપર વાપી જીઆઈડીસીમાં ગટરનું ચેમ્બર ખુલી જતા ગાય અને આકાશમાં ઉડતા પંખીઓ પણ ટપો ટપ મરી ગયા હતાં. વાપીમાં હોસ્પિટલો અને કન્સલ્ટન્ટોની ભરમાર જોતાં તે ખોખલા આરોગ્યની ચાડી ખાય છે.

## સ્ટ્રેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન કર્મચારી સંગઠને બતાવ્યો હાલાકીનો અરીસો

વલસાડ વિભાગ એસટી કર્મચારી સંગઠનના અગ્રણી અને વાપી ડેપોના કર્મચારી ધનસુખભાઈ પટેલે વાપીની રેલ્વે ફાટક બંધ કરવાના પગલે વધનારી હલાકીનો અરીસો બતાવતા જણાવ્યું કે બાપુ વાપી ધણી વિનાના ઢોર જેવું ભાછી રહ્યું છે. વાપી અને મોહનગામ રેલ્વે ફાટક બંધ થવાથી વાહન ચાલકોની મુશ્કેલી પાર વિનાની બની રહી છે. ૭૦ જેટલી બસ ડીઝલ મેન્ટેનન્સ માટે આવે છે ૨૦ બસ મહારાષ્ટ્રની અને ૧૦ બસ અન્ય વિભાગની આવતી હોય, ચાર દિવસ સુધી ક્યાં પાર્ક કરવી તે યક્ષ પ્રશ્ન બની રહ્યો છે. કોઈપણ અધિકારીને ઉત્તરદાયિત્વ જેવું જ નથી, બધું અંધેરી નગરીને ગંડુ રાજા જેવું ચાલી રહ્યું છે! વાપીના વિકાસની ગાથા કરનારા કયા દરમાં ભરાઈ ગયા છે તે સમજ પડતી નથી.

# પિતૃપક્ષમાં શ્રાદ્ધ કરવાથી પિતૃઓને શાંતિ મળે છે



તર્પણ કરવું એટલે તૃપ્ત કરવા, સંતુષ્ટ કરવા.મનુસ્મૃતિમાં તર્પણને પિતૃયજ્ઞ કહ્યો છે અને સુખ-સંતોષની વૃદ્ધિના માટે તથા સ્વર્ગસ્થ આત્માઓની તૃપ્તિના માટે તર્પણ કરવામાં આવે છે. તર્પણમાં પિતૃઓને અર્પણ કરવામાં આવેલ જળ દૂધ જવ ચોખા ચંદન અને પુષ્પોથી મંત્રોચ્ચાર કરતી વખતે કુશની મદદથી જળ ચઢાવવાથી તેઓ તૃપ્ત થાય છે.જ્યારે આદર, કૃતજ્ઞતા, સદભાવના, પ્રેમ અને શુભકામનાઓ સાથે જલાંજલિ અર્પણ કરવામાં આવે છે ત્યારે તર્પણનો હેતુ સિદ્ધ થાય છે અને પૂર્વજો સંતુષ્ટ થાય છે. શ્રાદ્ધના દિવસો એટલે કૃતજ્ઞતાપૂર્વક પિતૃઓના સ્મરણ કરવાના દિવસો છે. પિતૃતર્પણ એ તિથિએ કરવામાં આવે છે કે જે દિવસે પૂર્વજો આ દુનિયા છોડીને પરલોકમાં ગયા હોય છે. જે લોકોને તેમના પૂર્વજોની મૃત્યુ તિથિ યાદના હોય તેઓએ ભાદરવા વદ અમાસ એટલે કે સર્વપિતૃમોક્ષ અમાવસ્યાના દિવસે શ્રાદ્ધ કરવું જોઈએ જેથી પૂર્વજોને શાંતિ મળે. જ્યાં સુધી વંશજો દ્વારા મૃતાત્માના નામે શ્રાદ્ધ કરવામાં ના આવે ત્યાં સુધી દિવંગત આત્માને શાંતિ મળતી નથી અને તે ભટકતી રહે છે.

પિતૃપક્ષમાં શ્રાદ્ધ કરવાથી તે પિતૃઓને પ્રાપ્ત થાય છે. શાસ્ત્રોમાં એવો નિર્દેશ છે કે માતા-પિતા વગેરે નિમિત્તે તેમનાં નામ અને ગોત્રના નામનું ઉચ્ચારણ કરીને મંત્રો દ્વારા જે અર્પણ કરવામાં આવે છે તે તેમને પ્રાપ્ત થાય છે. શ્રાધ્ધપક્ષ એટલે પિતૃઓને પ્રસન્ન કરવાનો સમય. હિન્દુધર્મની અનેક વિશિષ્ટતાઓ પૈકીની એક છે શ્રાદ્ધપક્ષ. ભાદરવા સુદ પૂર્ણિમાથી ભાદરવા વદ અમાસ સુધીના સોળ દિવસો દરમિયાન પિતૃઓનું સ્મરણ કરવાની આ અનોખી પરંપરાના વિવિધ આયામો અને તેની પાછળના હેતુઓ પણ એટલા જ વિશિષ્ટ છે. પિતૃઓના નિમિત્તે જે કર્મ કરવામાં આવે છે તેને જ શ્રાદ્ધ કહે છે. હિન્દુ ધર્મમાં કોઈપણ શુભ કાર્યની શરૂઆત માતા-પિતા અને પૂર્વજોને યાદ કરીને કરવામાં આવે છે.જ્યારે પુર્વજો સદેહે હાજર ન હોય ત્યારે તેમના આત્માને તૃપ્ત કરી આશીર્વાદ મેળવવા માટે વિધિપૂર્વક શ્રાદ્ધ કરવું જોઈએ.

આપણા પિતૃઓના ચરણોમાં શ્રાદ્ધ રૂપે શ્રદ્ધા સુમન સમર્પિત કરવા વિશે શાસ્ત્રોમાં કહ્યું છે કે માનવીની ઉપર ત્રણ પ્રકારના ઋણ હોય છે. દેવઋણ, ઋષિઋણ કે આચાર્યઋણ અને પિતૃઋણ. આપણે શાંત, કલ્યાણકારી અને પવિત્ર જીવન જીવી શકીએ તે માટે તેઓએ પોતાના સુખ-સવગડોનું બલિદાન આપ્યું છે તેવા નિઃસ્વાર્થ કર્મયોગીઓના ઋણમાંથી મુક્ત થવા આપણે શું શું કરવું જોઈએ? તેનો વિચાર કરવાનો છે. જેને પોતાના જીવન દરમિયાન ભાવથી ઉતારવાનું હોય છે. દેવી દેવતાઓનું સતત ધ્યાન-પૂજન તેમજ સ્મરણ કરનાર દેવઋણમાંથી મુક્ત થાય છે. દેવો અજર-અમર અને અભય છે તો માનવે પણ તેવા બનવું જોઈએ. આપણે તેમના દિવ્યગુણોને અમારા જીવનમાં કર્મરૂપમાં વણી લેવા સંકલ્પ કરવો જોઈએ.આપણી ભારતીય સંસ્કૃતિની મહાનતા, ભવ્યતા, દિવ્યતા ઋષિઓની કૃપાનું પરીણામ છે. ઋષિઓનું ઋણ ચુકવવા તેમના વિચારોનો પ્રચાર પ્રસાર કરવો જોઈએ. આચાર્યઋણ ગુરૂપૂર્ણિમા જેવા દિવસે ગુરૂદક્ષિણા આપીને તથા તેમના વચનોને કર્મરૂપમાં આચરણમાં લાવીને તેમનું ઋણ ઉતારવાની કોશિશ કરતા હોઈએ છીએ. પિતૃઋણ ભાદરવા સુદ પૂર્ણિમાથી અમાસ સુધીના સોળ દિવસોમાં તર્પણ કરીને ઉતારીએ છીએ જેને શ્રાદ્ધ કહેવામાં આવે છે.

જેમને આપણને જન્મ આપ્યો, જેમની કૃપાથી આપણે નાનાથી મોટા થયા, આપણા કલ્યાણના માટે જેમને પોતાના સ્વાર્થનો ત્યાગ કર્યો છે તે પિતૃઓનું અમારા ઉપર ઋણ છે.તેમની તૃપ્તિ થાય તેવું કરવું એ જ પિતૃઋણમાંથી મુક્ત થવાનો ઉપાય છે. પ્રતિકૂળતાઓના કારણે પિતૃઓ પોતાના નિશ્ચિત ધ્યેય સિદ્ધ ના કરી

**પ્રાસંગિક**

શક્યા હોય તો તે સિદ્ધ કરવાની જવાબદારી પૂત્રની છે. પૂત્ર આ અભિલાષા પૂર્ણ કરે તો પિતા સંતુષ્ટ થાય છે.

મહાભારતના શાંતિપર્વમાં યુધિષ્ઠિર ભિષ્મ પિતામહને પુછે છે કે? શ્રાદ્ધની ઉત્પત્તિ કોણે કરી? અને શ્રાદ્ધ શા માટે કરવું જોઈએ? ત્યારે પિતામહ ભિષ્મ જવાબ આપે છે કે દેવલોકમાં પણ શ્રાદ્ધ કરવામાં આવે છે. સૌ પ્રથમ શ્રાદ્ધ બ્રહ્માએ પિંડદાન મૂકીને કર્યું હતું જ્યારે મૃત્યુલોકમાં સૌ પ્રથમ શ્રાદ્ધ નેમીરાજાએ પીંડદાન મુકીને કર્યું હતું એટલે શ્રાદ્ધનો ઈતિહાસ માનવીના પૃથ્વી ઉપરના અસ્તિત્વથી જ શરૂ થયેલ છે અને દેવલોક તેમજ મૃત્યુલોકમાં તેને અનુસરવામાં આવે છે.

શ્રાદ્ધને દિવસે બ્રહ્મભોજનનું મહત્વ છે. પહેલાં બ્રાહ્મણો કર્મકાંડ સિવાય આર્થિક ઉપાર્જન માટે કોઈ વ્યવસાય કરતાં ન હતા એટલે તેમનો જીવન નિર્વાહ ચાલતો રહે એ માટે બ્રહ્મભોજન કરાવી દાન-દક્ષિણા આપવાનો એક મહિમા છે.પિતૃપક્ષ દરમિયાન શ્રાદ્ધ કરવાથી પિતૃઓ વર્ષભર પ્રસન્ન રહે છે.ધાર્મિક શાસ્ત્રોમાં કહેવાયું છે કે જે ગૃહસ્થ પોતાના પૂર્વજોના પિંડનું દાન કરે છે તેને લાંબુ આયુષ્ય, પુત્ર-પૌત્ર, કીર્તિ,સ્વર્ગ, પુષ્ટિ, બળ, લક્ષ્મી, પ્રાણીઓ, સુખ-સંપત્તિ વગેરેની પ્રાપ્તિ થાય છે.


શ્રાદ્ધ દરમિયાન પૂર્વજો આશા રાખે છે કે તેમના પુત્રો અને પૌત્રો પિંડદાન અને તિલાંજલિ અર્પણ કરીને તેમને સંતુષ્ટ કરશે. આ આશા સાથે તેઓ પૂર્વજની દુનિયામાંથી પૃથ્વી પર આવે છે. આ જ કારણ છે કે હિંદુ ધાર્મિક ગ્રંથોમાં દરેક હિંદુ ગૃહસ્થને પિતૃપક્ષ દરમિયાન ચોક્કસપણે શ્રાદ્ધ કરવાનું કહેવામાં આવ્યું છે.

શ્રાદ્ધ સાથે જોડાયેલી ઘણી એવી વાતો છે જે બહુ ઓછા લોકો જાણે છે પરંતુ શ્રાદ્ધ કરતા પહેલા આ વાતો જાણવી ખૂબ જ જરૂરી છે કારણ કે ક્યારેક જો તમે યોગ્ય રીતે શ્રાદ્ધ કરતા નથી તો પિતૃઓ તમને શ્રાપ પણ આપે છે. પિતૃઓને તૃપ્ત કરવાના હેતુથી ભક્તિભાવથી કરવામાં આવતા તર્પણ, બ્રાહ્મણ ભોજન, બહેન દિકરી કે ભાણેજને આપવામાં દાન વગેરે જેવા કર્મોને શ્રાદ્ધ કે પિતૃયજ્ઞ પણ કહેવાય છે. શ્રાદ્ધ દ્વારા વ્યક્તિ પોતાના પૂર્વજોના ઋણમાંથી મુક્ત થાય છે અને પૂર્વજોને સંતુષ્ટ કરીને આત્મમુક્તિના માર્ગે આગળ વધે છે.

હિંદુ ધર્મમાં મરણોત્તર સંસ્કાર પૂર્ણ કરવામાં પુત્રનું આગવું સ્થાન માનવામાં આવે છે. શાસ્ત્રોમાં લખ્યું છે કે પૂત્ર દ્વારા જ નરકમાંથી મુક્તિ મળે છે તેથી શ્રાદ્ધ અને પિંડદાન માટે ફક્ત પુત્રને જ યોગ્ય માનવામાં આવે છે અને દરેક મનુષ્યની ઈચ્છા હોય છે કે તેને એવો પુત્ર મળે કે જે તેને નરકથી બચાવે. જો પુત્ર ન હોય તો શ્રાદ્ધ કરવા માટે કોણ હકદાર બની શકે છે? પિતાનું શ્રાદ્ધ માત્ર પૂત્રએ જ કરવું જોઈએ. પૂત્રની ગેરહાજરીમાં પત્ની શ્રાદ્ધ કરી શકે છે.જો પત્ની ન હોય તો ભાઈ અને તેની ગેરહાજરીમાં સંબંધીઓએ શ્રાદ્ધ કરવું જોઈએ. જો એક કરતાં વધુ પૂત્ર હોય તો સૌથી મોટો પુત્ર શ્રાદ્ધ કરે છે. દીકરીનો પતિ અને દીકરીનો દીકરો પણ શ્રાદ્ધ કરી શકે છે. પૂત્રની ગેરહાજરીમાં પૌત્ર પણ શ્રાદ્ધ કરી શકે છે. પૂત્ર કે પૌત્રની ગેરહાજરીમાં તેમની વિધવા શ્રાદ્ધ કરી શકે છે. પત્નીનું શ્રાદ્ધ ત્યારે જ કરી શકાય જ્યારે પુત્ર ન હોય.પુત્ર પૌત્ર કે પુત્રીને પુત્ર ન હોય તો ભત્રીજો પણ શ્રાદ્ધ કરી શકે છે. દત્તક લીધેલ પુત્ર પણ શ્રાદ્ધનો હકદાર છે. માર્કંડેયપુરાણ અનુસાર શ્રાદ્ધથી સંતુષ્ટ થયા પછી પિતૃઓ શ્રાદ્ધ કરનારને દીર્ઘાયુષ્ય, સંતાન, ધન, સંપત્તિ વગેરે સુખ પ્રદાન કરે છે. અત્રિસંહિતા અનુસાર શ્રાદ્ધ કરનારને પરમ આનંદની પ્રાપ્તિ થાય છે. જો શ્રાદ્ધ કરવામાં ના આવે તો પિતૃઓ ખૂબ જ દુઃખી થાય છે. બ્રહ્મપુરાણમાં ઉલ્લેખ છે કે જો શ્રાદ્ધ કરવામાં ના આવે તો પિતૃઓ શ્રાદ્ધ કરનારને શ્રાપ આપે છે અને તેનાથી તે નિઃસંતાન રહે છે એટલે કે પુત્રહીન થઈ જાય છે અને તેને જીવનભર દુઃખ સહન કરવું પડે છે. ઘરમાં બિમારી ચાલુ રહે છે તેથી શ્રાદ્ધ-કર્મ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર કરવું જોઈએ.

**આલેખનઃ**
**વિનોદભાઈ માછી નિરંકારી**

## આજનો દિવસ
# મણિલાલ ન. દ્વિવેદી
(૨૬, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૮૫૮)



સંસ્કૃત ભાષા-સાહિત્ય અને દર્શનાશાસ્ત્રના પ્રકાંડ પંડિત એવા હિન્દુ ધર્મની પુનઃપ્રતિષ્ઠા કરનાર મણિલાલ નભુભાઈ દ્વિવેદીનો જન્મ સાક્ષરભૂમિ નડિયાદમાં ૨૬, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૮૫૮ ના રોજ થયો હતો. ગુજરાતના આ ઉત્તમ કક્ષાના ચિંતકનો પરિવાર પારંપરિક જીવન જીવનાર હતો. કુટુંબમાં ખાસ કોઈ ભણેલું ન હતું. દાદા નડિયાદમાં ફોજદાર હતા. તેમના પિતાનું ભણતર સાવ સામાન્ય કક્ષાનું. તેમના પિતાની બીજી પત્નીનું સંતાન તેઓ હતા.

ચાર વર્ષની ઉંમરે દયાશંકર પંડયાની ગામઠી શાળામાં ભણવા માટે તેમને દાખલ કરવામાં આવેલા. પિતાની ઈચ્છા એમને ખાસ ભણાવ્યા વગર નોકરીએ લગાડી દેવાની હતી. છતાં મણિલાલના આગ્રહને વશ લઈ અંગ્રેજી શાળામાં દાખલ કરવામાં આવેલા. મેટ્રિકની પરીક્ષામાં પહેલા વર્ષે તેઓ સંસ્કૃત વિષયમાં નાપાસ થયેલા. બીજે વર્ષે યુનિવર્સિટીમાં બીજા નંબરે પાસ થઈ તેમણે શિષ્યવૃત્તિ મેળવી હતી. મેટ્રિક પાસ થયા પછી મુંબઈની એલ્ફિસ્ટન્ટ કૉલેજમાં પ્રવેશ પ્રાપ્ત કરી પાસ કરેલી. એ બદલ એમને 'જેમ્સ ટેલર' પારિતોષિક પણ મળેલું.

બી.એ. થયા પછી એમની ઈચ્છા એમ.એ. નો અભ્યાસ કરવાની હતી. પણ પિતાએ તેમ કરવાની ના પાડતાં તેઓ નડિયાદ પાછા આવી જઈ. ઈ.સ. ૧૮૮૦ માં એક હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાઈ ગયેલા. એક વર્ષ પછી તેઓ સરકારી કન્યાશાળાઓના ડેપ્યૂટી શિક્ષણ નિરીક્ષક તરીકે નિમાયેલા. ઈ.સ. ૧૮૮૫ માં તેમની નિમણૂંક ભાવનગરની જાણીતી શામળદાસ કૉલેજમાં સંસ્કૃતનાઅધ્યાપક તરીકે થઈ હતી. પણ કદાચ વિધિને એ મંજૂર ન હતું.

ગંભીર માંદગીનો શિકાર થઈ જતાં ઈ.સ. ૧૮૮૮ માં અધ્યાપકની નોકરી છોડવી પડેલી.

મણિલાલનું આયુષ્ય અલ્પ હતું. પણ ટૂંકી જિંદગીમાં પણ તેઓ વિપુલ સર્જન કરી ગયા છે. તેમનું સાહિત્ય સર્જન 'પ્રિયંવદા' અને 'સુદર્શન' જેવાં સામાયિકોનાં વચ્ચે કેદ થઈ ગયેલું. જે તેમના મૃત્યુ પછી આનંદશંકર ધ્રુવના પ્રયત્નોથી પ્રસિદ્ધ થયેલું. પાછળથી 'ગુજરાત સાહિત્ય અકાદમી' એ તેમનું સાહિત્ય આઠ ગ્રંથોમાં પ્રકાશિત કરેલું.

મણિલાલનું સાહિત્ય ધર્મ અને તત્વજ્ઞાનના પાયા પર રચાયેલું હોઈ સમજવામાં જરાક કિલષ્ટ લાગે એ સ્વાભાવિક છે. વેદાન્ત તેમના સાહિત્યના મૂળમાં છે. તેમનો પ્રયત્ન હિન્દુ સમાજને સ્વધર્મ પ્રત્યે જાગૃત કરવાનો રહ્યો છે. તેમનું મહત્વનું સાહિત્ય આ પ્રમાણે છે-

૧. કવિતા - શિક્ષાશતક (૧૮૭૬), પ્રેમજીવન (૧૮૮૦), આત્મનિમજ્જન (૧૮૯૫)

૨. નાટકો- કાન્તા (૧૮૮૨), તૃસિંહાવતાર (૧૮૯૫)

૩. નિબંધ - નારીપ્રતિષ્ઠા અને પ્રાણવિનિમય (૧૮૮૮), સિદ્ધાંતસાર (૧૮૮૯), બાલવિકાસ (૧૮૯૩), સુદર્શન ગદ્યાવલિ (૧૮૯૭)

૪. ઈતિહાસ -પૂર્વદર્શન (૧૮૮૨)

૫. રૂપાંતર-માલની માધવ (૧૮૮૦), ઉત્તરરામચરિતમ્ (૧૮૮૨), ભગવદ્ગીતા (૧૮૯૪), પંચશતી (૧૮૯૫), વિવાહ તાંડવ (૧૯૦૧)

૬. હિન્દી - શ્રીવત્તિ-ભાકર (૧૮૯૫)

૭. અંગ્રેજી -મેસ્ટરનનો પુત્ર (૧૮૯૦), ચરિત્ર (૧૮૯૫), ચેતનાશાસ્ત્ર (૧૮૯૬), ગુલાબસિંહ (૧૮૯૭), સ્વશિક્ષણ (૧૮૯૭)

૮. ભાષાંતર - બુદ્ધિસાગર (૧૮૯૧), અનુભવ દીપિકા (૧૮૯૧), સમાધિશતક (૧૮૯૧), ભોજ-બંધ (૧૮૯૨), તર્કભાષા (૧૮૯૨), શ્રુતિસારસમૃદ્ધરણ (૧૮૯૨), દયાશ્રય મહાકાવ્ય (૧૮૯૩), પદર્શન સમુચ્ચય(૧૮૯૩), સારસંગ્રહ ૧-૨ (૧૮૯૪), ચતુર્વિશતિ-બંધ (૧૮૯૫), યોગબિંદુ (૧૮૯૯), કુમારપાલચરિત્ર (૧૮૯૯), અને કાન્તવાદ પ્રવેશ (૧૮૯૯.

૯. ગુજરાતી - પંચોપાખ્યાન

૧૦. પ્રકીર્ણ- સ્વામી વિવેકાનંદની અમેરીકાની મુલાકાત.

૧૧. સંપાદન - રાજયોગ (૧૮૮૫), તર્કકૌમુદી (૧૮૮૬), યોગસૂત્ર (૧૮૯૦), મંડુકોપનિષદ (૧૮૯૪), જીવનમુક્તિ વિવેક (૧૮૯૪), સમાધિશતક (૧૮૯૪)

આવા બહુશ્રુત વિદ્વાન મણિલાલ ૧, ઓક્ટોબર, ઈ.સ. ૧૮૯૮ ના દિવસે માત્ર ચાલીસ વર્ષની ઉંમરે પ્રભુને પ્યારા થઈ ગયા હતા.

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો: 9879374605


# સુખેશમાં પિતૃઓને મોક્ષ માટે ભાગવત કથાનું આયોજન થયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૪ :** પારડી તાલુકાના સુખેશ ગામમાં તાજેતરમાં શ્રાધ પક્ષ ચાલી રહ્યો હોય જેથી પિતૃઓને મોક્ષ મળે એવા શુભ હેતુથી શ્રીમદ ભાગવત કથા ચાલી રહી છે ભાગવત કથાના વક્તા ભાગવતભાઈ જાની ભાગવત કથાનો રસપાન કરાવી રહ્યાં છે. અહીં સુખેશ ગામમાં વાણીયા ફળિયામાં આવેલ કલ્પેશભાઈના નિવાસ્થાને તારીખ ૨૨ મી સપ્ટેમ્બર થી ભાગવત કથાની શરૂઆત કરવામાં આવી છે. શરૂઆત દરમિયાન ગામમાં પોથીયાત્રા નીકળી હતી. પોથીયાત્રા કથા સ્થળે આવી પહોંચી હતી. ભાગમાં પવિત્ર ભાગવત પોથીનું પૂજન કર્યા બાદ કથાની શરૂઆત કથાકાર ભાગવતભાઈ જાની એ કરી હતી. પિતૃઓના ફોટા તથા સ્થળે મૂકવામાં આવ્યા હતા. ભાગવત કથા પ્રથમ દિવસે પૂર્ણ થયા બાદ યજ્ઞ કરવામાં આવ્યો હતો અને મહાપ્રસાદનો દરરોજ આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ દિવસથી મહાપ્રસાદ વિશાળ સંખ્યામાં આવેલા ભાઈ બહેનોએ ગ્રહણ કર્યો હતો. આ કથા તારીખ ૨૮ સપ્ટેમ્બરના રોજ પૂર્ણ થશે. પિતૃઓના મોક્ષાર્થે આ વિસ્તારના ભક્ત ભાઈ બહેનોએ દિવ્ય કથાનું આયોજન કર્યું છે. ભગવાનને સ્તુતિ વંદના પૂજન આરતી કરવામાં આવી રહી છે. આ કથામાં તાલુકા પંચાયતના માજી પ્રમુખ મિત્તલબેન પટેલ સુખેશ ગામના સરપંચ પુનિતભાઈ પટેલ જિલ્લા પંચાયતના માજી સદસ્ય ચંપાબેન ઋષિભાઈ પટેલ સહિત ગામના અગ્રણી માધુભાઈ સહિત મોટી સંખ્યામાં ભક્ત ભાઈ બહેનો હાજર રહી કથાનો રસપાન કરી રહ્યા છે.

# પારડી પાલિકા સભાખંડમાં સ્વચ્છતાલક્ષી સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૪ :** પારડી નગરપાલિકા સભાખંડમાં સ્વચ્છતા લક્ષી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરસ્વતી શિશુ મંદિર શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ચિત્રકામ, રંગોળી, નિબંધ લેખન, ક્વીઝ વિગેરે સ્પર્ધામાં ભાગ લીધો હતો સદર સ્પર્ધામાં આશરે ૪૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં પારડી શહેર ભાજપ પ્રમુખ, શહેર ભાજપ મહામંત્રીઓ, ભાજપના કાર્યકર્તાઓ, નગરપાલિકા ચીફ ઓફિસર તેમજ શાળાના શિક્ષકો, નગરપાલિકા કર્મચારી હાજર રહ્યાં હતા. આ ઉપરાંત સેવાસેતુ કાર્યક્રમ પણ રાખવામા આવ્યો હતો. આ સ્પર્ધાને સફળ બનાવવા સીટી મેનેજર ભૂમિબેન પટેલ સફાઈ વિભાગના કર્મચારી ભાવેશભાઈ પટેલ પંકજભાઈ ગરાસીયા વગેરે ખૂબ જ મહેનત કરી હતી.

# બગવાડાની સાર્વ. હાઈ.ના વિદ્યાર્થીઓએ એસબીપીપી બેંકની મુલાકાત લીધી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૪ :** શ્રી બગવાડા પરગણા જૈન એજ્યુકેશન સોસાયટી સંચાલિત શેઠ જી. એચ. એન્ડ ડી. જે. સાર્વજનિક હાઈસ્કૂલ, બગવાડા દ્વારા સરદાર ભીલાડવાળા પારડી પીપલ્સ બેંક ઉદવાડા મુકામે મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૧૧ કોમર્સના કુલ ૫૪ જેટલા વિદ્યાર્થીઓને શાળાના આચાર્યા અલ્પાબેન નાયકના માર્ગદર્શન અને પ્રયત્નનાં લીધે આ મુલાકાત શક્ય બની હતી. શાળાના શિક્ષકો નરેન્દ્રભાઈ રોહિત અને કાજલબેન પરમાર દ્વારા બેંકની મુલાકાત માટે લઈ જવામાં આવ્યાં હતા.

બેંકના બ્રાન્ચ મેનેજર હિરેનભાઈ દેસાઈ દ્વારા શાળાનાં તમામ બાળકોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. બેંકના લોન ઓફિસર માનસીબેન દેસાઈએ બેંકમાં થતી તમામ કાર્યવાહીઓની વિગતે માહિતી આપી હતી. વિવિધ પ્રકારના ખાતા ખોલાવવાના ફોર્મનુ નિદર્શન કરવામાં આવ્યું હતું. બેંકમાં મળતી લોન અને લોકરની સુવિધાની માહિતી આપવામાં આવી હતી. બ્રાંચ મેનેજર હિરેનભાઈ દેસાઈએ બેન્કિંગમાં કારકિર્દીનું ઘડતર કેવી રીતે ઘડી શકાય તે અંગેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ પોતે મેળવેલ અનુભવો રજૂ કર્યા હતા. અમારા પ્રત્યેક આયોજનમાં અમારા બગવાડા જૈન એજ્યુકેશન સોસાયટીનો સહયોગ અને વિધાયક અભિગમ હોય છે. આચાર્યએ શાળા પરિવાર અને સંચાલકમંડળ વતી નીલયભાઈ દેસાઈ અને હિરેનભાઈ દેસાઈ હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

# પારડી ન.પા. દ્વારા સ્વચ્છતા રેલી યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૪ :** પારડી નગરપાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અભિયાન હેઠળ સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે રેલી કુમારશાળા નં ૧ અને કન્યાશાળા નં ૧ ના પટાંગણથી નીકળી સર્વિસ રોડથી ચાર રસ્તા થઈ ડી.સી.ઓ સ્કૂલના પટાંગણમાં પૂર્ણ કરવામાં આવી અને રેલીમાં ભાગ લેનાર તમામ પાસે સ્વચ્છતા શપથ લેવડાવવામાં આવ્યાં હતા તેમજ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા સ્કૂલના પટાંગણમાં સાફ સફાઈ કરવામાં આવી. આ રેલીમાં પારડી નગરપાલિકા ચીફ ઓફિસર બીબી ભાવસાર તથા આરોગ્ય વિભાગના કર્મચારીઓ, કુમારશાળા નં ૧ અને કન્યાશાળા નં ૧ ના શિક્ષકો, વિદ્યાર્થીઓ, નગરપાલિકા કર્મચારીગણ વિગેરે હાજર રહી રેલીમાં જોડાયા હતાં.

# પરીયા અને ડુંગરીમાં અજગરોનું રેસ્ક્યુ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૪ :** પારડી તાલુકાના પરીયા-ડુંગરી ગામ રોડ પર અને બાલદા ગામમાં અચાનક વિશાળ કાય અજગર લોકો વચ્ચે ઘુસી જતા લોકો ભયભીત થયા હતા પરંતુ જીવ દયા ગ્રુપ પારડીએ બંને સ્થળો પર જઈ અજગરને પકડી લેતા લોકોનો રાહત મળી હતી.

અહીં પરીયા ડુંગરી રોડ જલારામ મંદિર પાસે રહેતા રમણભાઈ લાલુભાઈ પટેલના ઘર પાસે મરઘા ફાર્મમાં અજગર આવી ચડ્યો હતો. જેની જાણ તેઓએ પારડી જીવદયા ગ્રુપના પ્રમુખ અલી અન્સારીને કરી હતી. અને જીવદયા ગ્રુપના સભ્ય યાસીન મુલતાની તાત્કાલિક સ્થળ ઉપર જઈને જોતા મહાકાય ૬ ફૂટ લાંબો અજગર મરથા ફાર્મમાં જોવા મળ્યો હતો. જેનો સહી સલામત રીતે રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું અને આ અંગે વન વિભાગને જાણ કરી અજગરને જંગલમાં મુક્ત કરવાની તજવીજ હાથ ધરી હતી. બીજી તરફ આજરોજ રાતના ૧૧:૩૦ વાગે બાલદામાં કમઠી ફરિયા રહેતા અક્ષય પટેલનો ફોન આવ્યો કે, અમારા વાડામાં એક વિશાળ અજગર દેખાય છે. જીવદયા ગ્રુપના પ્રમુખ અલી અન્સારીએ તાત્કાલિક પહોંચી જઈને અજગરને સહી સલામત પકડીને ફોરેસ્ટનું ગ્રુપ છે. એમાં જાણ કરીને જે પણ ફોરેસ્ટ એરિયામાં છે. ત્યાં છોડવાની તાજવીજ હાથ ધરી છે ત્યારે બંને જગ્યાએ અજગર પકડાઈ જતા લોકોને રાહત મળી હતી અને લોકો ભય મુક્ત થયા હતાં.

# પારડીની ડીસીઓ હાઈ.માં બાળ વિજ્ઞાન મેળો યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૪ :** પારડી ડિસીઓ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે બાળ વૈજ્ઞાનિક મેળાનું આયોજન કરવામાં આવ્યો છે જેનું ધી પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હેમંતભાઈ દેસાઈના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ બાળ વૈજ્ઞાનિક મેળામાં બાળકો દ્વારા કુલ ૩૪ કૃતિઓ ૫ થીમ જેમાં સ્વાસ્થ્ય જીવન, પર્યાવરણને અનુરૂપ, કૃષિ ખેતી અને વાહન વ્યવહાર, કોમ્પ્યુટરના ઉપયોગ અને ચિંતનાત્મક પ્રક્રિયા સહિત ૩૪ કૃતિઓ રજૂ કરવામાં આવી હોવાનું શાળાના આચાર્ય સુનિલ પટેલે જણાવ્યું હતું. આ પ્રસંગે હેમંતભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે પર્યાવરણને લગતી સારી કૃતિઓ બાળકો દ્વારા રજૂ કરવામાં આવતા તાલુકા અને જિલ્લા કક્ષાએ બાળકો પ્રતિનિધિત્વ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી અને બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે હેતુથી સાયન્સ ફેર યોજાયો હતો.

# પારડી પંથકમાં યોગ શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૪ :** પારડીમાં સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અભિયાન હેઠળ યોગ પરિવાર દ્વારા યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જે યોગ શિબિરમાં મોટી સંખ્યામાં પારડી પંથકના નાગરિકો જોડાયા હતા અને યોગ કરી સ્વચ્છતાનો સંદેશો તમામ શહેરીજનોને પઠાવ્યો હતો. આ કાર્યક્રમમાં નગરપાલિકાના ચીફ ઓફિસરે યોગ પરિવારના સંદીપભાઈ દેસાઈ મનિષાબેન ઠાકોર જાગૃતિબેન દેસાઈ વગેરે અગ્રણીઓ હાજર રહ્યાં હતાં.

# પારડી હાઈવે ઓવરબ્રીજની બાજુમાં મુકવામાં આવેલ હાઈમસ્ટ લાઈટો બંધ હાલતમાં



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૪ :** પારડી ચાર રસ્તા પાસે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૪૮ ના ફલાઈ ઓવર બ્રિજના આજુબાજુ મૂકવામાં આવેલ હાઈમસ્ટ લાઈટો મોટાભાગની બંધ હોય રાત્રે બ્રિજ ઉપર અંધારપાટ જેવી પરિસ્થિતિ સર્જાઈ રહી હોય જેના કારણે અકસ્માત થવાની સંભાવના છે નેશનલ હાઈવેથોરિટી દ્વારા તાજેતરમાં પડી રહેલા વરસાદ અને અંધારપાટ જેવી પરિસ્થિતિ ને ધ્યાનમાં રાખીને તાત્કાલિક વાહન ચાલકોના હિતમાં હાઈમસ લાઈટ જે બગડી ગઈ છે. ચાલતી નથી એને રીપેર કરી ફરીથી શરૂ કરવાની જરૂર છે. જેનાથી રાત્રી દરમિયાન વાહન ચાલકોને અવરજવર માટે રાહત મળી શકે છે અને અકસ્માત થતા અટકી જશે જેથી સત્વરે ઝડપી પગલાં લેવાની જરૂર છે અને રીપેરીંગ કરવાની જરૂર છે.

# પારડીની વલ્લભ સંસ્કારધામ સ્કૂલમાં હિન્દી દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૪ :** પારડીમાં આવેલ વલ્લભ સંસ્કાર ધામ શોભનાબેન પ્રતાપ ભાઈ પટેલ ડે-બૉર્ડિંગ સ્કૂલ ખાતે હિન્દી દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

કિલ્લા પારડી શ્રી વલ્લભ સંસ્કાર ધામ ડે-બૉર્ડિંગ સ્કૂલ ખાતે હિન્દી દિવસની ઉજવણીનું સફળ આયોજન રાજભાષા હિન્દીને પ્રોત્સાહન આપવા અને દરેકને મૂળ ભાષાના મહત્વથી વાકેફ કરવા આચાર્યના માર્ગદર્શન હેઠળ કરવાની ભાષા જેનો વિશિષ્ટ હેતુ હિન્દી ભાષાના પ્રચાર-પ્રસારને પ્રોત્સાહન આપવાનો, ભારતીય સંસ્કૃતિ અને દેશના વિકાસમાં તેનું મહત્વ સમજાવવાનો અને તેના વિકાસ માટેના પ્રયત્નો વગેરેનો છે કાર્યક્રમની શરૂઆત ભગવાન વિઘ્નહર્તાની પૂજા-અર્ચનાથી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓએ સુમધુર અવાજમાં કાવ્યોનું ગાન, શક્તિશાળી વક્તવ્ય, અનોખા નૃત્ય અને પ્રેરણાદાયી અને મંત્રમુગ્ધ નાટક રજૂ કરીને કાર્યક્રમની સફળતામાં પોતાનું અંતિમ અને અંતિમ યોગદાન આપ્યું હતું.

આ ઉપરાંત દિવસભર વિવિધ વર્ગોમાં વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી હતી. કવિતા અને વાર્તા પ્રસ્તુતિ, ચિત્ર વર્ણન, જાહેરાત લેખન વગેરે જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન હિન્દી વિભાગના વડાએ ભાષાનું મહત્વ સમજાવતા રાષ્ટ્રીય કવિ મૈથિલી શરણ ગુપ્ત અને તુલસીદાસની પંક્તિઓનું ગાન કર્યું હતું અને માતા સીતાનું ઉદાહરણ આપ્યું હતું અને જીવનમાં ધીરજનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમના અંતે શાળાના શૈક્ષણિક નિરીક્ષકે કાર્યક્રમને બિરદાવ્યો હતો અને વિદ્યાર્થીઓને ભાષાનું મહત્વ સમજાવ્યું હતું.



વર્ષમાં એક વાર આ બ્રહ્મ કમળ ખીલે છે. રાત્રિથી ખીલવાનું શરૂ થઈ ૧૨ વાગ્યા સુધી સંપૂર્ણ ખીલી સવારે મુરઝાઈ જાય છે. બ્રહ્મ કમળ ખીલે ત્યારે તેની સુગંધ ચોતરફ ફેલાય છે. પાંદડામાંથી છોડ થઈ બ્રહ્મકમળ ખીલી ઉઠતા આપણને આકર્ષિત કરે છે. ત્યારે ડો. ચેતનભાઈના ઘરે સાત બ્રહ્મકમળ ખીલી ઉઠતા કુતુહલ સર્જાયો હતો. પારડી તાલુકાના ઉદવાડા આર.એસ શાંતિનગર રોઝનીલ રેસીડેન્સી ખાતે રહેતા ડો. ચેતનભાઈના નિવાસ્થાને રાત્રિના એક સાથે ૭ બ્રહ્મકમળ ખીલી ઉઠ્યા હતા. આ અંગે ડો.ચેતને જણાવ્યું હતું કે એક જ પ્લાન્ટ પર એકી સાથે સાત બ્રહ્મકમળ ખીલી ઉઠતા પરિવારમાં આનંદ જોવા મળ્યો હતો.

# પારડીના ડુંગરીમાં સ્વચ્છતા અભિયાન હેઠળ સાફ-સફાઈ કરાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૪ :** પારડી તાલુકાના ડુંગરી ગામમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છતા અભિયાન હેઠળ ગામના જુદા જુદા વિસ્તારોમાં ગ્રામ પંચાયત ડુંગરી દ્વારા સાફ-સફાઈ ઝુંબેશ ધરવામાં આવી હતી.

અહીં ગ્રામ પંચાયત ડુંગરી દ્વારા સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. જે કાર્યક્રમ હેઠળ ગ્રામ પંચાયતના સરપંચ રવિન્દ્રભાઈ પટેલ તાલુકા પંચાયત પ્રમુખ દક્ષેશભાઈ પટેલ ભાજપ તાલુકા મહામંત્રી મુકેશભાઈ પટેલ તથા ગ્રામ પંચાયતના સભ્યો અને ગ્રામજનોની ઉપસ્થિતિ વચ્ચે સ્વચ્છતા જનજાગૃતિ રેલી કાઢવામાં આવી હતી અને બાદમાં મંદિર પરિસર સહિત ગામના જુદાજુદા વિસ્તારોમાં કચરાની સફાઈ કરવામાં આવી હતી અને સ્વચ્છતાનો સંદેશો આપી પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

# પારડીના ગામડાઓમાં બાળકી દિવસની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૪ :** પારડી સહિત તાલુકાના ગામડાઓમાં સોમવારે યોજાયેલા બાળકી દિવસની વાલીઓએ ભવ્ય ઉજવણી કરી હતી. પારડી અને ઉદવાડા ગામ સહિત તમામ ગામડાઓમાં બાળકી દિવસની ઉજવણી કરવા આવી હતી. ઉદવાડા ગામના ગ્રામ પંચાયતના સદસ્ય પ્રજ્ઞેશભાઈ ભંડારી સહિત વિશાળ સંખ્યામાં વાલીઓએ પોતાની દીકરીઓ સાથે દીકરી ડોટર દિવસની ભવ્ય ઉજવણી કરી હતી.


'દમણગંગા ટાઈમ્સ'

દૈનિક ઈન્ટરનેટ પર PDFમાં કોઈપણ વ્યક્તિને વિશ્વમાં કોઈપણ સ્થળે ઉપલબ્ધ છે.

daman_gangatimes

www.damangangatimes.com


# પારડી પાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા અંતર્ગત મેરેથોન દોડ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૪ :** પારડી નગરપાલિકા દ્વારા તાજેતરમાં સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અભિયાન ચાલી રહ્યો છે આ અભિયાન હેઠળ મેરેથોન દોડ પારડી યોગ પરિવાર અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા આયોજિત કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં પારડી વિસ્તારના નાગરિકો જોડાયા હતા અને વહેલી સવારના દોડ લગાવી સ્વચ્છતાનો સંદેશો સમગ્ર શહેરમાં આપ્યો હતો. અહીં પારડી નગરપાલિકાના સરદાર વલ્લભભાઈ પટેલ ગાર્ડનમાં યોગ પરિવારના જાગૃતીબેન દેસાઈતથા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના જયસુખભાઈ ભંડારી તથા યોગ પરિવારના સભ્યો સ્વયંસેવકો નાગરિકો ભેગા થયા હતા અને સ્વચ્છતા અભિયાનની ઉજવણીના ભાગરૂપે મેરો થોન દોડ લગાવી હતી અને શહેરીજનોને સ્વચ્છતા રાખવા માટેનો પ્રેરણા રૂપી સંદેશો પઢાવ્યો હતો.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Wednesday 25, September 2024


## મજબૂત થતી ભારત-અમેરિકાની દોસ્તી

૨૦૧૪થી અત્યાર સુધી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઠ વખત માત્ર એક દેશની યાત્રા કરી છે અને તે છે અમેરિકા. અમેરિકાને પ્રાથમિકતા પાછળ મોદીનો વિચાર એ છે કે તેનાથી ભારતના ઉત્થાન માટે જેટલા લાભ પ્રાપ્ત થાય છે, એટલા અન્ય ક્યાંયથી -ાપ્ત નથી થતા. ભારતનાં મુખ્ય લક્ષ્ય છે આર્થિક વિકાસ, ટેકનિકલ પ્રગતિ, સૈન્ય શક્તિમાં વધારો અને ભૂરાજકીય સંતુલન. આ બધાની પૂર્તિમાં અમેરિકાની મહત્ત્વની ભૂમિકા છે. વેપારમાં આજે અમેરિકા ભારતનું સૌથી મોટું ભાગીદાર છે. બંને દેશો વચ્ચે વસ્તુઓ અને સેવાઓનો વાર્ષિક કારોબાર ૨૦૦ અબજ ડોલરનો છે. કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયૂષ ગોયલે અનુમાન લગાવ્યું છે કે ૨૦૩૦ સુધી આ વેપાર ત્રણ ગણો વધી શકે છે. અન્ય વાણિજ્યિક ભાગીદારોના મુકાબલે અમેરિકા સાથે ભારતને વેપાર અધિશેષ હોવાની પણ સંતુષ્ટિ છે. ભારતની રાષ્ટ્રીય આવકના લગભગ ૫૦ ટકા વેપારથી આવે છે અને એટલે જ અમેરિકાથી ભારતની આર્થિક ઉન્નતિનો સીધો સંબંધ છે. આગામી દાયકાઓમાં ભારતને વિશાળ અર્થવ્યવસ્થા બનાવવા માટે અમેરિકાની સાથે વેપાર અને વિદેશી રોકાણ નિર્ણાયક હશે. જોકે ભારતમાં વિદેશી રોકાણના મોરચે સિંગાપોર અને મોરેશિયસને પ્રથમ અને દ્વિતીય સ્થાન આપવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં ત્રીજા સ્થઆન પર વિરાજમાન અમેરિકા જ આપણા દેશમાં ઠોસ વિદેશી મૂડી લઈને આવે છે. અમેરિકી રોકાણથી ભારતમાં માત્ર સેવાઓને જ ફાયદો નથી થયો, પરંતુ ઔદ્યોગીકરણમાં પણ તેની મહત્ત્વની ભૂમિકા છે. મોટર વાહન, રસાયણ, ઈલેક્ટ્રોનિક્સ, ખાદ્ય પ્રસંસ્કરણ, સ્વચ્છ ઊર્જા, અંતરિક્ષ ટેક્નોલોજી અને રક્ષા જેવા વિભિન્ન વિનિર્માણ ક્ષેત્રોમાં અમેરિકી રોકાણકાર ભારતમાં સક્રિય છે. તેમના દ્વારા લાખો ભારતીયોને રોજગાર મળી રહ્યો છે. વડાપ્રધાન મોદી સારી રીતે જાણે છે કે અમેરિકા જેવા સંપન્ન દેશમાં વસેલા પૂંજીપતિઓને આકર્ષિત કરીને ભારત લાવવામાં જ રાષ્ટ્રહિત છે. પોતાના દરેક અમેરિકી પ્રવાસમાં તેઓ ત્યાંના વેપાર જગતના દિગ્ગજો સાથે હળે-મળે છે અને તેમને ભારતમાં રોકાણ કરવા પ્રેરિત કરે છે. કૃત્રિમ બુદ્ધિમતા એટલે કે એઆઇ, ક્વોન્ટમ કમ્પ્યૂટિંગ, સેમીકંડક્ટર અને જૈવ ટેક્નોલોજી ટલે કે બાયોટેક જેવા અત્યાધુનિક વ્યવસાયોમાં મહારથ હાંસલ કરનારા દેશ વૈશ્વિક શક્તિ સમીકરણમાં ઊંચા સ્થાન પર રહેશે. એવી ઊભરતી ટેકનિક મામલે પણ અમેરિકા ટોચ પર છે. તેને જોતાં મોદી સરકારે અમેરિકા સાથે મહત્ત્વપૂર્ણ અને ઉભરતી ટેક્નોલોજી પહેલ (આઇસેટ) અંતર્ગત અનેક ટેકનિકોના સહવિકાસ અને સહનિર્માણ પર ભાર મૂક્યો છે. એવી ટેકનિકના બેવડા ઉપયોગ હોય છે અને તેનાથી સૈન્ય આધુનિકીકરણ પણ થાય છે. ટેકનિકોના સહનિર્માણનો ઉપક્રમ બંને પક્ષોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારના નેતૃત્વમાં ચલાવાઈ રહ્યો છે. એની અવગણના ન કરવી જોઇએ કે અમેરિકાએ પોતાના મુખ્ય પ્રતિદ્વંદ્વી ચીનને સંવેદનશીલ ટેક્નોલોજી આપવાનું રોકી દીધું છે, જ્યારે એવી ટેક્નોલોજીને તે ભારત સાથે વહેંચવા તત્પર છે. આ બેવડી રણનીતિને કારણે અમેરિકાની ચિંતા એ છે કે ચીન આર્થિક અને સૈન્ય તાકાતમાં તેનાથી આગળ નીકળી જશે અને પશ્ચિમી ઉદાર આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને નષ્ટ કરી દેશે. ભારત લોકતંત્ર હોવાના નાતે અને શક્તિમાં ચીનથી અપેક્ષાકૃત કમતર હોવાને કારણે અમેરિકાના અભિજાત્ય વર્ગ અને આમ જનતાને ખતરો નથી લાગતો. તેથી અમેરિકા ભારત પર આંતરરાષ્ટ્રીય નિકાસ નિયંત્રણ વ્યવસ્થાઓ અને નિયમો જેવી અડચણો દૂર કરવામાં સહાયક રહ્યું છે. અમેરિકા-ચીન સંબંધોમાં કટુતાએ અમેરિકા-ભારત વ્યૂહાત્મક ભાગીદારીને નવા આયામ આપ્યા છે. અમેરિકા ઓફશોર બેલેન્સિંગ રણનીતિ અંતર્ગત ભારત અને અન્ય મૈત્રીપૂર્ણ દેશોને સમૃદ્ધ અને સશક્ત કરીને ચીન પર અંકુશ લગાવવાની દાનત ધરાવે છે. ડાબેરી અને જૂથનિરપેક્ષતાને લઈને આગ્રહી વિશ્લેષકોએ તેને લઈને એ ચેતવણી આપી છે કે ભારતે અમેરિકાના રચેલા ખેલમાં પ્યાદું બનીને ચીન સાથે દુશ્મની વ્હોરી લેવી જોઇએ નહીં, પરંતુ મોદી સરકારે આ દૃષ્ટિકોણને ભાવ નથી આપ્યો, કારણ કે ચીન છાશવારે આક્રમકતા દેખાડતું રહે છે.

૨૦૦૬ના ઇઝરાયેલ-હિઝબુલ્લાહ યુદ્ધ પછીનો સૌથી ઘાતક હુમલો

# ઈઝરાયેલનો લેબેનોન પર હુમલોઃ ૪૯૦નાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઈઝરાયેલ, તા.૨૪: લેબેનોન પર સોમવારે ઇઝરાયેલી હુમલાઓમાં ૯૦થી વધુ મહિલાઓ અને બાળકો સહિત ૪૯૦થી વધુ લોકો માર્યા ગયા, લેબેનોની અધિકારીઓએ કહ્યું કે આ ૨૦૦૬ના ઈઝરાયેલ હિઝબુલ્લાહ યુદ્ધ પછીનો સૌથી ઘાતક હુમલો છે. ઈઝરાયેલી સેનાએ હિઝબુલ્લાહ વિરુદ્ધ પોતાના વ્યાપક હવાઈ અભિયાન પહેલાં દક્ષિણી અને પૂર્વી લેબેનોનના રહેવાસીઓને ખાલી કરવાની ચેતવણી આપી હતી. બૈરુતના દક્ષિણી ઉપનગરમાં હિઝબુલ્લાહના સીનિયર કમાન્ડર અલી કરાકીને પણ નિશાન બનાવવામાં આવ્યા હોવાની માહિતી છે. ઈઝરાયેલે કહ્યું છે કે તેણે હિઝબુલ્લાહના ૮૦૦થી વધુ ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે, જ્યાંથી ઈઝરાયેલ પર હુમલા કરવામાં આવતા હતા અથવા તો ત્યાં હુમલાની તૈયારી કરવામાં આવતી હતી. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે અમેરિકાએ ત્યાં માટે વધારાના સૈનિકો અને હથિયારોનો જથ્થો રવાના કરી દીધો છે. વિસ્તારની બગડતી સ્થિતિ પર સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ચિંતા વ્યક્ત કરી છે. ૨૦૦૬માં થયેલા ઈઝરાયેલ અને હિઝબુલ્લાહના યુદ્ધ પછી બંને પક્ષોના સંઘર્ષમાં લેબેનોન માટે સોમવાર (૨૩ સપ્ટેમ્બર)નો દિવસ સૌથી વધુ રક્તપાતવાળો રહ્યો. હમાસના સમર્થનમાં એક વર્ષ પહેલાં હિઝબુલ્લાહની છેડેલી લડાઈ હવે તેના પર ભારે પડતી દેખાઈ રહી છે. તાજા હુમલાઓમાં ઈઝરાયેલી લડાકુ વિમાનો હુમલા માટે લેબેનોનમાં ઘણા નીચે ઉડાન ભરી રહ્યા છે અને હિઝબુલ્લાહના ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યા છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ કહ્યું છે કે તાજી કાર્યવાહી હિઝબુલ્લાહના હજારો રોકેટો અને મિસાઈલોને નષ્ટ કરવા માટે કરવામાં આવી હતી. આ યુદ્ધ લેબેનોન વિરુદ્ધ નથી. જ્યારે હિઝબુલ્લાહે કહ્યું છે કે તે ઈઝરાયેલ અને કબજા હેઠળના વેસ્ટ બેંકના લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યું છે. હિઝબુલ્લાહના હુમલાઓમાં સોમવારે એક ઈઝરાયેલી નાગરિકના ઘાયલ થવાની પુષ્ટિ થઈ છે. દિવસે દિવસે તીવ્ર થતા ઈઝરાયેલી હુમલાઓથી લેબેનોની નાગરિકોને હવે યુદ્ધ છેડાવાનો ભય સતાવવા લાગ્યો છે. તેઓ કહી રહ્યા છે કે લેબેનોન યુદ્ધ ઝીલવાની સ્થિતિમાં નથી અને જાન માલના ભારે નુકસાનની આશંકા છે. ઈઝરાયેલી હુમલાઓથી બચવા માટે સીમાની નજીકના દક્ષિણી વિસ્તારમાંથી નાગરિકો સુરક્ષિત સ્થળોએ ભાગી રહ્યા છે, લેબેનોન સરકાર તેમના માટે કામચલાઉ આશ્રયસ્થાનો બનાવવામાં લાગી ગઈ છે. આ દરમિયાન ઈઝરાયેલી સેનાએ ખાસ કરીને હિઝબુલ્લાહના પ્રભાવ હેઠળના દક્ષિણી લેબેનોનના સામાન્ય લોકોને સશસ્ત્ર સંગઠનના ઠેકાણાઓથી દૂર રહેવાની ચેતવણી આપી છે. કહ્યું છે કે હિઝબુલ્લાહ લડાઈમાં નાગરિકોને ઢાલ બનાવવા માટે તેમના ઘરોમાંથી હુમલા કરી રહ્યું છે. ઈઝરાયેલી સેનાના પ્રવક્તાએ આ દાવાના સમર્થનમાં લેબેનોનના એક ઘરમાંથી હિઝબુલ્લાહ લડવૈયાઓના ક્રૂઝ મિસાઈલ છોડવાનો વીડિયો બતાવ્યો.

હાઈકોર્ટે સિદ્ધારમૈયાની સામે કેસ ચલાવવાની મંજૂરી આપી

# સિદ્ધારમૈયા પાસે રાજીનામું આપવા સિવાય કોઈ વિકલ્પ નથીઃ ભાજપ

(સંપૂર્ણ સમાચાર સેવા)

કર્ણાટક, તા.૨૪: કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને હાઈકોર્ટ તરફથી ઝટકો લાગ્યો છે. હાઈકોર્ટે મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી-MUDA કેસમાં તેમની અરજી ફગાવી દીધી છે. હકીકતમાં, રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના જમીન કેસમાં સિદ્ધારમૈયા સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપી હતી. રાજ્યપાલના આ નિર્ણયને મુખ્યમંત્રીએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. કર્ણાટક હાઈકોર્ટની નાગપ્રસન્ના બેન્ચે ઝસ સિદ્ધારમૈયાની અરજી ફગાવી દીધી હતી. હાઈકોર્ટના નિર્ણય પર ભાજપે કહ્યું કે સિદ્ધારમૈયા પાસે રાજીનામું આપવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી.

હાઈકોર્ટેઆ કેસમાં ૧૨ સપ્ટેમ્બરે સુનાવણી પૂરી કરી હતી અને પોતાનો આદેશ અનામત રાખ્યો હતો. રાજ્યપાલે પ્રદીપ કુમાર એસ.પી., ટી.જે. ૧૬ ઓગસ્ટના રોજ, અબ્રાહમ અને સ્નેહમોયી કૃષ્ણાની અરજીઓમાં ઉલ્લેખિત કથિત અપરાધો માટે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૧૭૭ અને ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા, ૨૦૨૩ની કલમ ૨૧૮ હેઠળ કાર્યવાહી કરવાની મંજૂરી આપવામાં આવી હતી. સિદ્ધારમૈયાએ ૧૯ ઓગસ્ટના રોજ રાજ્યપાલના આદેશની માન્યતાને પડકારતી અરજી હાઈકોર્ટમાં કરી હતી. રાજ્યપાલના આદેશને રદ કરવાની વિનંતી કરતી અરજીમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે મંજૂરીનો આદેશ વિચાર્યા વિના જાહેર કરવામાં આવ્યો હતો અને તે વૈધાનિક નિયમોનું ઉલ્લંઘન છે.

આરોપ છે કે સિદ્ધારમૈયાની પત્ની બીએમ પાર્વતીને મૈસુરના પોશ વિસ્તારમાં જમીન ફાળવવામાં આવી હતી. મિલકતની કિંમત તેમની જમીનના સ્થાન કરતાં વધુ હતી, જે મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા હસ્તગત કરવામાં આવી હતી. મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી એ પાર્વતીને તેની ૩.૧૬ એકર જમીનના બદલામાં ૫૦:૫૦ રેશિયો યોજના હેઠળ પ્લોટ ફાળવ્યા હતા, જ્યાં મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી એ રહેણાંક લેઆઉટ વિકસાવ્યું હતું.

ઓગસ્ટમાં કર્ણાટકના મંત્રીઓ અને કોંગ્રેસના ધારાસભ્યોએ રાજ્યપાલ ગેહલોત દ્વારા મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સામે કેસ ચલાવવાની મંજૂરી આપવા સામે 'રાજભવન ચલો' વિરોધપ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસે રાજ્યપાલ પર ભેદભાવપૂર્ણ વર્તનનો આરોપ લગાવ્યો છે. પાર્ટીનું કહેવું છે કે રાજ્યપાલ સમક્ષ અન્ય ઘણા કેસ પણ પેન્ડિંગ છે, પરંતુ તેમણે તેના પર કોઈ નિર્ણય લીધો નથી.

# છત્તીસગઢમાં વીજળી પડતા ૪ બાળકો સહિત ૮ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

છત્તીસગઢ, તા.૨૪: છત્તીસગઢના રાજનાંદગાંવ જિલ્લાના જોરાતરાઈ ગામમાં વીજળી પડવાથી ચાર બાળકો સહિત આઠ લોકોના મોત થયા છે. મળતી માહિતી મુજબ તમામ લોકો પાનની દુકાન પાસેના કમ્પાઉન્ડમાં રોકાયા હતા. આ દરમિયાન જોરદાર કડાકા સાથે વીજળી પડી અને ત્યાં હાજર ૪ બાળકો અને અન્ય લોકો તેની ઝપેટમાં આવી ગયા. જેના કારણે તેમના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. માહિતી મળ્યા બાદ કલેક્ટર, એસપી અને જિલ્લા શિક્ષણાધિકારી પણ ઘટનાસ્થળે રવાના થયા હતા. આ ઘટનામાં એક વ્યક્તિ દાઝી ગયો છે, જેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. માહિતી મળતાં જ આરોગ્ય વિભાગની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ વીજળી પડવાથી ૮ લોકોના મોત થયા છે. કેટલાક શાળાના બાળકો પણ તેનાથી પ્રભાવિત થયા અને તેમણે જીવ પણ ગુમાવ્યો છે. એક વ્યક્તિ ઘાયલ છે. હાલ ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ગયા રવિવારે જાંજગીર ચાંપાના સુકાલી ગામમાં પિકનિક માટે ગયેલા ૧૧ વર્ષના બાળક પર વીજળી પડી હતી, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું. બાળક તેના મિત્રો સાથે ગામ નજીક પિકનિક માટે ગયો હતો. આ ઘટનામાં અન્ય ૮ લોકો ઘાયલ પણ થયા હતા. મળતી માહિતી મુજબ, બપોરે ૩ વાગ્યાની આસપાસ ગામના તળાવ પાસે ૨૨ યુવાનો અને બાળકો પિકનિક કરી રહ્યા હતા. આ દરમિયાન ભારે વરસાદની સાથે વીજળીના ચમકારા શરૂ થયા હતા. આનાથી બચવા બધા તળાવ પાસે આંબાના ઝાડ નીચે ઊભા રહ્યા. આ દરમિયાન આંબાના ઝાડ પર જ વીજળી પડી હતી. આ ઘટનામાં ૭ યુવકો અને ૨ બાળકો પણ ઘાયલ થયા હતા. જેમને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન ચંદ્રહાસ દરવેશ નામનો બાળક વીજળી પડતાં ખરાબ રીતે દાઝી ગયો હતો. જેમને હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

નકલી નોટોનો વેપાર કરતી આંતરરાષ્ટ્રીય ગેંગનો પર્દાફાશ

# ઉત્તર પ્રદેશમાંથી ડુપ્લીકેટ ચલણી નોટ સાથે ૧૦ ઝડપાયા

**સમાજવાદી પાર્ટીના લોહિયા વાહિનીના રાષ્ટ્રીય સચિવ રફી ખાન ઉર્ફે બબલુ ગેંગની પણ ધરપકડ કરવામાં આવી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

લખનૌ, તા.૨૪: ઉત્તર પ્રદેશના કુશીનગરમાં નકલી નોટોનો વેપાર કરતી આંતરરાષ્ટ્રીય ગેંગનો પર્દાફાશ થયો છે. પોલીસે આ ગેંગના ૧૦ લોકોની ધરપકડ કરી છે. જેમાં સમાજવાદી પાર્ટીના લોહિયા વાહિનીના રાષ્ટ્રીય સચિવ રફી ખાન ઉર્ફે બબલુ ગેંગની પણ ધરપકડ કરવામાં આવી છે.

આરોપી સપા નેતા આખી ગેંગનો માસ્ટર માઈન્ડ હોવાનું કહેવાય છે. તેમની પાસેથી ૫.૬૨ લાખ રૂપિયાની નકલી નોટો, ગેરકાયદેસર પિસ્તોલ અને કારતુસ પણ મળી આવ્યા છે. રફી ખાને નેપાળ-યુપી-બિહાર અને સરહદી વિસ્તારોમાં નકલી નોટોનો ધંધો કર્યો હતો.

પોલીસે આ ગેંગના ૧૦ લોકોની ધરપકડ કરી છે. તેમની ઓળખ શેખ જમાલુદ્દીન, નિયાઝુદ્દીન ઉર્ફે મુન્ના, રેહાન ખાન ઉર્ફે સદ્દામ, ઔરંગઝેબ, મોહમ્મદ રફી, નૌશાદ ખાન, પરવેઝ ઈલાહી ઉર્ફે કૌસર આફ્રિદી, મોહમ્મદ રફીક ઉર્ફે બબલુ ખાન, હાશિમ ખાન અને સિરાજ હાશમતી તરીકે કરવામાં આવી છે. આ કેસમાં હજુ ચાર આરોપીઓ ફરાર છે. તેમની ઓળખ બિહારના સિવાનના રહેવાસી જિતેન્દ્ર યાદવ અને ગોપાલગંજના મનીષ કુમાર અને કમરુદ્દીન તરીકે થઈ છે.

નકલી નોટો ઉપરાંત એક લાખ ૧૦ હજાર ભારતીય રૂપિયા, ત્રણ હજાર નેપાળી રૂપિયા, ૧૦ ગેરકાયદેસર પિસ્તોલ, ૩૦ કારતૂસ, ૧૨ ફાયર શેલ, ચાર સૂતળી બોમ્બ, ૧૩ મોબાઈલ ફોન, ૨૬ સિમ કાર્ડ, ૧૦ નકલી આધાર કાર્ડ મળી આવ્યા હતા. આરોપીઓ પાસેથી ૧૦ એટીએમ કાર્ડ, આઠ લેપટોપ અને બે લક્ઝરી વાહનો મળી આવ્યા છે. ગેંગના સભ્યો નકલી નોટો અસલી નોટો સાથે ભેળવીને બજારમાં ફરતા કરતા હતા. ધરપકડ કરાયેલા છ ગુનેગારો સામે અગાઉથી જ ગુના નોંધાયેલા છે.

૨૦ કરોડની કોર્પોરેટ લોન સંબંધિત કેસ

# અનિલ અંબાણીના પુત્રને રૂ. ૧ કરોડનો દંડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૨૪: એશિયાના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણીના નાના ભાઈ અનિલ અંબાણીના પુત્ર અનમોલ અંબાણીને ૧ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. માર્કેટ રેગ્યુલેટર સેબીએ રિલાયન્સ હોમ ફાઈનાન્સ સંબંધિત કોર્પોરેટ લોનના મામલામાં આ કાર્યવાહી કરી છે. માત્ર અનમોલ અંબાણી જ નહીં પરંતુ માર્કેટ રેગ્યુલેટરે રિલાયન્સ હોમ ફાઈનાન્સના ચીફ રિસ્ક ઓફિસર પર દંડ ફટકાર્યો છે.

ઈન્ડિયા ટુડે પર પ્રકાશિત અહેવાલ મુજબ, ભારતીય સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ (સેબી) એ સોમવારે ઉદ્યોગપતિ અનિલ અંબાણીના પુત્ર અનમોલ અંબાણીને રિલાયન્સ હોમ ફાઈનાન્સ કેસમાં મોટો દંડ ફટકાર્યો છે. સેબીએ જણાવ્યું છે કે રિલાયન્સ હોમ ફાઈનાન્સના બોર્ડમાં ફરજ બજાવતા અનમોલ અંબાણીએ કંપનીના બોર્ડ તરફથી આવી લોન મંજૂરીઓ રોકવા માટે સ્પષ્ટ સૂચનાઓ હોવા છતાં કોર્પોરેટ લોનને મંજૂરી આપી હતી. માર્કેટ રેગ્યુલેટર અનુસાર, તે પ્રકાશમાં આવ્યું છે કે ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ, અનમોલ અંબાણીએ એક્યુરા પ્રોડક્શન્સ પ્રાઈવેટ લિમિટેડને ૨૦ કરોડ રૂપિયાની લોન મંજૂર કરી હતી.

સેબીએ કહ્યું છે કે રિલાયન્સ હોમ ફાઈનાન્સની કોર્પોરેટ લોન સંબંધિત આ મામલે અનમોલ અંબાણીએ નિયમોનું પાલન કર્યું નથી અને તેથી જ તેમના પર ૧ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ સાથે રેગ્યુલેટરે એમ પણ કહ્યું કે આ મામલે યોગ્ય તપાસ કરવામાં આવી નથી. ખાસ વાત એ છે કે આ લોનને અનમોલ અંબાણીએ એવા સમયે મંજૂરી આપી હતી, જ્યારે માત્ર ત્રણ દિવસ પહેલા એટલે કે ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ રિલાયન્સ હોમ ફાઈનાન્સના બોર્ડે તેની બેઠકમાં મેનેજમેન્ટને ઞ્ન્ લોન ન આપવાનો નિર્દેશ આપ્યો હતો. માર્કેટ રેગ્યુલેટર સેબીએ અનમોલ અંબાણી અને રિલાયન્સ હાઉસિંગ ફાયનાન્સના ચીફ રિસ્ક ઓફિસર કૃષ્ણન ગોપાલક્રિષ્નન પર ૧૫ લાખ રૂપિયાનો દંડ લગાવ્યો છે. રિપોર્ટઅનુસાર, સેબીની સત્તાવાર નોટિસમાં કહેવામાં આવ્યું છે કે અનિલ અંબાણીના પુત્ર અનમોલ અંબાણી અને કૃષ્ણન ગોપાલકૃષ્ણન બંનેને ૪૫ દિવસની અંદર પોતપોતાના દંડની ચુકવણી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

# સુરતમાં ડેન્ગ્યૂથી છેલ્લા ૨ મહિનામાં ૮ વ્યક્તિનાં મોત થયાં

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત, તા.૨૪: સુરતમાં રોગચાળાને લઈ ધારાસભ્યએ અનેક પ્રશ્નો ઉઠાવ્યા છે. રોગચાળાના આંકડામાં સત્તત વધારો થઈ રહ્યો છે. નવી સિવિલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. ત્યારે નવી સિવિલ તબીબ ડો જિગીષા પાટડિયાએ સ્વીકાર કર્યો છે કે ઓગસ્ટ અને સપ્ટેમ્બર એમ આ બે મહિનામાં રોગચાળામાં વધારો થયો છે. સુરતમાં ડેન્ગ્યૂથી ૨ મહિનામાં ૮નાં મોત થયા છે. સુરત મહાનગર પાલિકા અને સિવિલ હોસ્પિટલના ડેન્ગ્યુના કેસોમાં વિરોધાભાસ છે જેમાં ૪ મહિનામાં પાલિકાના ચોપડે માત્ર ૮૭ કેસ નોંધાયા છે જ્યારે સિવિલમાં ડેન્ગ્યૂના ૨૩૯ દર્દી દાખલ થયા છે. ઓગસ્ટમાં સિવિલમાં ૧૫૫ દર્દી દાખલ થયા જ્યારે સપ્ટેમ્બરના ૧૦ દિવસમાં જ ૨૧ દર્દી દાખલ થયા છે. સાથોસાથ ખાનગી હોસ્પિટલમાં ત્રણ ગણા કેસ નોંધાય છે. ચાલુ સપ્ટેમ્બર માસના સ્મિમેર હોસ્પિટલ અને નવી સિવિલ હોસ્પિટલમાં મલેરિયા અને ડેન્ગ્યૂના ૯૪ જેટલા કેસો નોંધાયા છે. જ્યારે પ્રાઈવેટ હોસ્પિટલમાં એના કરતાં ત્રણ ગણા કેસો નોંધાઈ ચૂક્યા છે. સુરત મહાનગરપાલિકા સવા લાખ ઘરોનો સરવે રોજ કરી રહી છે. અત્યારસુધી ૨૬ લાખ ઘરોનો સરવે પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવ્યો જેમાંથી ૬૭ હજાર ઘરોમાં મચ્છરોનાં બ્રીડિંગ મળી આવ્યાં. એપ દ્વારા ખાનગી હોસ્પિટલમાંથી આંકડા મંગાવવામાં આવી રહ્યા છે. નવી સિવિલના તબીબ જિગીષા પાટડિયાએ જણાવ્યું હતું કે, રોગચાળાને લઈ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, ચોમાસા બાદ ડેન્ગ્યુ અને મેલેરિયાના કેસો વધ્યા છે .ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં રોગચાળો વધ્યો છે. ઓગસ્ટ મહિનામાં ડેન્ગ્યુના ૧૫૦ કેસો નોધાયા છે. સપ્ટેમ્બર મહિનામાં ડેન્ગ્યુના ૨૦ કેસ નોધાયા તો વર્ષ ૨૦૨૪માં દક્ષિણ ગુજરાતમાં ૪૪૦ કેસ ડેન્ગ્યુના નોધાયા છે. રોગચાળાના સિસ્ટમ્સ દેખાય ત્યારે તાત્કાલિક હોસ્પિટલ આવો રોગનું નિદાન કરાવો અને આપના આસપાસમાં ફેલાયેલ ગંદકીની જાણકારી પાલિકાને આપો.

ગુજરાત હાઈકોર્ટનો આદેશ

# પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટના અંગે સરકાર જવાબ આપે

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૨૪: ગિરનાર પર્વત પર પ્લાસ્ટિકના પ્રદૂષણ સહિતના મુદ્દે થયેલી જાહેરહિતની અરજીના મામલે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે એક આદેશ જાહેર કર્યો છે. જેમાં નોંધ્યું છે કે, 'સંબંધિત એકમો જે રીતે સંબંધિત નિયમો હેઠળ જરૂરી પરવાનગીઓ વિના કામ કરી રહ્યા હતા, તે સ્પષ્ટ કરે છે કે શહેર મ્યુનિસિપલ કમિશનર કોર્પોરેશનના વડા તરીકે તેમની જવાબદારી પ્રત્યે બેધ્યાન હતા.' એટલું જ નહીં હાઈકોર્ટની ખંડપીઠે અગાઉના આદેશને ફરીથી ટાંકતા રાજ્ય સરકારને આદેશ કર્યો છે કે, 'પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સના અસરકારક અમલ માટે રાજ્ય સરકારને રાજ્ય કક્ષાની મોનિટરિંગ કમિટીનું ગઠન કરવાનું કહેવામાં આવ્યું હતું. જે માટે એડવોકેટ જનરલ દ્વારા જવાબ આપવામાં આવે અને આગામી સુનાવણી સુધીમાં એડિશનલ ચીફ સેક્રેટરીનું સોગંદનામું કરવામાં આવે.' આ કેસની વધુ સુનાવણી ૧લી ઓક્ટોબરે મુકરર કરાઇ છે. કોર્ટે આદેશમાં નોંધ્યું છે કે, ઞ્ઝ્રમ્ના ઈન્સ્પેક્શનના અહેવાલો અને કોર્પોરેશનના વાર્ષિક અહેવાલોમાં આપવામાં આવેલી વિગતો દર્શાવે છે કે બંને સત્તાવાળાઓ (નિગમ અને ઞ્ઝ્રમ) પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો ૨૦૧૬ની જોગવાઈઓની સંપૂર્ણ અવગણના કરી છે. પ્લાસ્ટિક કચરાના અલગીકરણ, સંગ્રહ, સંગ્રહ, પરિવહન, પ્રક્રિયા અને નિકાલ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપના માટે નિયમ ૬ હેઠળ સ્થાનિક સંસ્થાની જવાબદારી ફિક્સ કરવામાં આવેલી છે. સ્પષ્ટ છે કે જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પોતાની રીતે અને ખાનગી ઓપરેટરોની સંલગ્નતા દ્વારા બનાવવામાં આવેલી ત્રણ સુવિધાઓમાં પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૧૬ની જોગવાઈઓનું સંપૂર્ણ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે.' કોર્ટે વધુમાં નોંધ્યું હતું કે, જીપીસીબીના રિપોર્ટમાં જે ચોંકાવનારી હકીકતો રેકોર્ડ પર આવી છે, તે સ્પષ્ટ છે કે જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનર પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૧૬ની જરૂરિયાતથી અજાણ હતા.' હાઈકોર્ટે શહેરમાં એકત્ર કરવામાં આવતા પ્લાસ્ટિકના કચરાનું સંચાલન કરતા ત્રણ ઓપરેટરોની સંલગ્ન પ્રક્રિયા અંગેના દસ્તાવેજો મંગાવ્યા હતા. તે આગળ ઓપરેટરોને કોન્ટ્રાક્ટ આપવા સંબંધિત સમગ્ર મૂળ રેકોર્ડની માગણી કરે છે. કોર્ટે મ્યુનિસિપલ કમિશનરની એફિડેવિટ સાથે કોન્ટ્રાક્ટર અને સિટી કોર્પોરેશન દ્વારા નિયમો અનુસાર રજૂ કરેલા વાર્ષિક અહેવાલો મંગાવ્યા છે.

# ભારતમાં Mpoxના ખતરનાક સ્ટ્રેનનો પ્રથમ દર્દી મળી આવ્યો

(જી.એન.એસ),

નવી દિલ્હી, તા.૨૪: ભારતમાં મંકીપોક્સના ક્લેડ-૧ સ્ટ્રેનનો પ્રથમ દર્દી મળી આવ્યો છે. ગયા મહિને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (ઉૐ) દ્વારા વૈશ્વિક સ્વાસ્થ્ય કટોકટી જાહેર કરાયેલા મંકીપોક્સ (ર્ેંટ) વાયરસના આ સ્ટ્રેનનો પ્રથમ કેસ ભારતમાં નોંધાયો છે અને ગયા અઠવાડિયે કેરળમાં એક વ્યક્તિને તેનાથી ચેપ લાગ્યો હોવાની પુષ્ટિ કરી હતી. સત્તાવાર સૂત્રોએ સોમવારે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે તાજેતરમાં સંયુક્ત આરબ અમીરાત (ેંછઈ) થી પરત આવેલા મલપ્પુરમના ૩૮ વર્ષીય રહેવાસીને 'ઝ્રઙ્મટ્ઠઙ્ઘી ૧મ્ સ્ટ્રેન' ના ચેપનું નિદાન થયું છે. દર્દીની હાલત સ્થિર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તેમણે કહ્યું, " મંકીપોક્સનો આ સ્ટ્રેનનો તે પહેલો કેસ હતો. આ સ્ટ્રેનને કારણે, વિશ્વ આરોગ્ય સંસ્થાએ ગયા મહિને બીજી વખત ર્ૐં ને જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરી.

મંકીપોક્સ એ વિશ્વના સૌથી ખતરનાક વાયરસમાંથી એક છે. આફ્રિકન ખંડમાં તબાહી મચાવનાર મંકીપોક્સ વાયરસનો ખતરનાક પ્રકાર ક્લેડ-૧ હવે ભારતમાં પહોંચી ગયો છે. દેશમાં આ જીવલેણ વાયરસનો પહેલો કેસ કેરળમાં સામે આવ્યો છે.

આ વાયરસને ગંભીરતાથી લેતા, વિશ્વ આરોગ્ય સંસ્થાએ ગયા મહિને જ તેને વૈશ્વિક આરોગ્ય કટોકટી જાહેર કરી હતી. આજે અમે તમને જણાવીશું કે મંકી પોક્સનો પહેલો કેસ ક્યાં જોવા મળ્યો હતો. દરમિયાન, કેરળના આરોગ્ય પ્રધાન વીણા જ્યોર્જે વિદેશથી પાછા ફરનારા અને અન્ય લોકોને અપીલ કરી છે કે જો તેઓમાં લક્ષણો હોય તો આરોગ્ય વિભાગને જાણ કરો અને શક્ય તેટલી વહેલી તકે સારવાર કરો. સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે વિવિધ જિલ્લાઓની સરકારી હોસ્પિટલોની યાદી પણ બહાર પાડી જ્યાં અસરગ્રસ્ત વ્યક્તિઓ માટે સારવાર અને અલગતાની સુવિધાઓ બનાવવામાં આવી છે.

૬૭ લાખ મોબાઈલ બંધ અને ૬૫ હજાર URL બ્લોક

# સાયબર ફ્રોડની ૧૭ હજાર FIR પછી સરકારનો સપાટો

**ટ્રેડિંગ સ્કેમની ૨૦,૦૪૩, ઈન્વેસ્ટમેન્ટ સ્કેમની ૬૨,૬૮૭ અને ડેટિંગ ચીટિંગની ૧૭૨૫ ફરિયાદ મળી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૨૪: સાયબર ફ્રોડને કાબુમાં રાખવા કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મોટી કાર્યવાહી કરી છે. ગૃહ મંત્રાલયના સાયબર વિંગ ૈં૪ઝ્રએ સાયબર ક્રાઈમ મામલે ૧૭ હજાર ફરિયાદ મળતાં ૬૭ લાખ મોબાઈલ ફોન અને ૬૫ હજાર જેટલી શંકાસ્પદ યુઆરએલ બ્લોક કરી દીધી છે. આ સિવાય ૮૦૦ જેટલી મોબાઈલ એપ પણ બંધ કરી દેવાઈ છે.

નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૩માં નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (એનસીઆરપી) પર એક લાખથી વધુ ઈન્વેસ્ટમેન્ટ સ્કેમને લગતી ફરિયાદો મળી છે અને દેશભરમાં ૧૭ હજારથી વધુ FIR નોંધાઈ છે. આ ઉપરાંત જાન્યુઆરી ૨૦૨૪થી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં ડિજિટલ એરેસ્ટની ૬૭ હજાર, ટ્રેડિંગ સ્કેમની ૨૦,૦૪૩, ઈન્વેસ્ટમેન્ટ સ્કેમની ૬૨,૬૮૭ અને ડેટિંગ ચીટિંગની ૧૭૨૫ ફરિયાદ મળી છે.

I4Cએ સાયબર ક્રાઈમ વિરૂદ્ધ શું કાર્યવાહી કરી?

૧. પાછલા ૪ મહિનામાં ૩.૨૫ લાખ ફ્રોડ કરનારા એકાઉન્ટના ડેબિટ ફ્રિઝ કર્યા.

૨. સાયબર ગુનામાં ઉપયોગમાં લેવાયેલા ૩૪૦૧ સોશિયલ મીડિયા એકાઉન્ટ, વેબસાઈટ તેમજ વ્હોટ્સએપ ગ્રુપ બંધ કરાયા.

૩. પાછલા કેટલાક વર્ષોમાં સાયબર ફ્રોડના કિસ્સામાં ૨૮૦૦ કરોડ રૂપિયા બચાવવામાં આવ્યા.

૪. ગૃહ મંત્રાલય દ્વારા ૮ લાખ ૫૦ હજાર સાયબર ફ્રોડના પીડિતોને બચાવાયા.

સાયબર ક્રાઈમ સામે લડવા શું પગલાં લીધા?

૧. દેશભરમાં સાયબર ક્રાઈમ સાથે જોડાયેલા મામલાઓને સંભાળવા માટે રાષ્ટ્રીય સ્તરે કો-ઓર્ડિનેશન સેન્ટર બનાવવું.

૨. સાયબર ક્રાઈમ સાથે જોડાયેલી ફરિયાદો સરળતાથી નોંધાવવા મદદ કરવી.

૩. સાયબર ક્રાઈમ રોકવા કેન્દ્રીય એજન્સીઓને મદદ કરવી.

૪. સાયબર ક્રાઈમની પ્રવૃત્તિઓ અને પેટર્નની ઓળખ કરવી.

૫. લોકોને સાયબર ક્રાઈમ અંગે જાગૃત કરવા દિશા-નિર્દેશ જાહેર કરવા.

૬. ફેક ડિજિટલ પ્લેટફોર્મ્સની ઓળખ કરી તેમની વિરૂદ્ધ કાર્યવાહી કરવી.

૭. ડિજિટલ અરેસ્ટ પર એલર્ટ જારી કરવા અને રાજ્ય તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશની પોલીસને સૂચના આપવી.

૮. સાયબર કમાન્ડોની ટ્રેનિંગ, આગામી પાંચ વર્ષોમાં ૫ હજાર સાયબર કમાન્ડોની ટ્રેનિંગ આપી તૈયાર કરવા.

I4C વિંગની સ્થાપના ૫ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ ગૃહ મંત્રાલયના સાયબર અને સૂચના સુરક્ષા વિભાગ અંતર્ગત કરવામાં આવી હતી. જેનું પ્રાથમિક ઉદ્દેશ્ય દેશભરમાં સાયબર ક્રાઈમ સાથે જોડાયેલા તમામ મુદ્દાઓના ઉકેલ માટે રાષ્ટ્રીય સ્તરે કો-ઓર્ડિનેશન સેન્ટર સ્થાપિત કરવાનું છે. આ સેન્ટર તમામ રાજ્યોના કંટ્રોલ રૂમ સાથે જોડાઇને હાઇ પ્રાયોરિટી કેસની મોનિટરિંગ કરે છે. આ વિંગમાં પેરા મિલિટ્રી ફોર્સ અને સ્ટેટ પોલીસના જવાનોને નિયુક્ત કરવામાં આવ્યા છે.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## પાસપોર્ટ ખોવાયો છે

આથી હું **મનિષકુમાર વિનોદભાઈ બલસારા**, રહે. ૧૦૫, ૩જુ માળ, ગુપ્તા આશિષ, મોટી ખત્રીવાડ,વલસાડ, તા.જી.વલસાડ જણાવું છું કે મારો ભારતીય **પાસપોર્ટ નં. L-5112936** છે. જે પાસપોર્ટ સુરતથી ઈસ્યુ થયેલ હતો. સદરહું અસલ પાસપોર્ટ તા.૨૨/૦૮/૨૦૨૪ના રોજ કલ્યાણ બાગ પાસે આવેલ ઝેરોક્ષની દુકાનમાં ઝેરોક્ષ કરાવવા જતા તે દરમ્યાન રસ્તામાં ક્યાંક અસલ પાસપોર્ટ ગુમ/ખોવાય ગયેલ છે. અને તેની પુરતી અને વ્યાજબી શોધખોળ કરવા છતાં આજદીન સુધી હમોને પરત મળી આવેલ નથી. જે કોઈને ઉપરોક્ત પાસપોર્ટ મળી આવે તો હમોને નીચેના સરનામે જાણ કરવા વિનંતી છે.

**લિ. મનિષકુમાર વિનોદભાઈ બલસારા**
રહે. રહે. ૧૦૫, ૩જુ માળ, ગુપ્તા આશિષ, મોટી ખત્રીવાડ,વલસાડ, તા.જી.વલસાડ

## વાપીની પરિણિતાને દહેજ મામલે પતિએ મારમારતા ફરિયાદ

**વાપી, તા.૨૪ :** વાપીના સરવૈયા નગરમાં રહેતા અને ૨૦૧૮માં મુસ્લિમ ધર્મ અનુસાર ઉત્તર પ્રદેશના બસ્તી ખાતે આવેલ હસવરના શહીદ મુસ્તાક અહેમદ મનિહાર સાથે લગ્ન થયા બાદ વારંવાર શહીદ મનીહાર દ્વારા ફરિયાદી સગફતાં પરવીનને તેમના પિતાના ઘરેથી દહેજ પેટે દસ લાખ રૂપિયા લાવવા જબરજસ્તી કરતો હતો અને ત્યારબાદ તેને માર મારી જો તે પૈસા નહીં લાવે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાથી ફરિયાદી ને તેમનો આરોપી પતિ શઈદ મનહર દ્વારા વાપી ખાતે આવેલા સરવૈયા નગર તેમના માતા-પિતાના ઘરે મૂકી જઈ ત્યાં પણ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા આજે વાપી ટાઉન પોલીસ મથકમાં તેમના પતિ વિરુદ્ધ દહેજ માંગવાનું તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી માર મારવાની ફરિયાદ નોંધાવી છે.

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૨૧ વશી ૧૨૬૬/૨૦૨૪ તા.૨૩/૦૯/૨૦૨૪
**જાહેર નોટીસ**
**વાદી:- ધીરૂભાઈ ચીમનભાઈ જાદવ રહે. કોઠી ફ. તા. ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- ચીફ ઓફીસરશ્રી ધરમપુર નગરપાલિકા કચેરી તા. ધરમપુર જી.વલસાડ**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **ધીરૂભાઈ ચીમનભાઈ જાદવ** રહે. કોઠી ફ. તા.ધરમપુર જી.વલસાડના ભાઈ **સુભાષચંદ્ર ચીમનલાલ જાદવ**નો જન્મ તા.૧૨/૧૨/૧૯૬૩નાં રોજ ધરમપુર ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૯/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૩૬ વશી ૧૩૩૯/૨૦૨૪ તા.૨૩/૦૯/૨૦૨૪
**જાહેર નોટીસ**
**વાદી:- બાબલભાઈ દેવીયાભાઈ છગનિયા રહે.શિરીષપાડા ફ.બોપી તા.ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, બોપી**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **બાબલભાઈ દેવીયાભાઈ છગનિયા** રહે. શિરીષપાડા ફ. બોપી તા.ધરમપુર જી.વલસાડના માતા **લાછીબેન દેવિયાભાઈ છગનિયા**નું અવસાન તા.૨૪/૧૧/૧૯૯૦નાં રોજ બોપી ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૯/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

### મિતેશ પટેલ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ચીખલીની કોર્ટમાં

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૨૯૭/૨૦૨૪**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૨૦/૦૯/૨૦૨૪**

**વાદી : શ્રી રવિ અરવિંદભાઈ રાઠોડ,**
**રહે.** સરીબુજરંગ, નહેરુનગર, તા.ગણદેવી, જી.નવસારી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**સરીબુજરંગ, તા.ગણદેવી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણ ની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી, લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રવિ અરવિંદભાઈ રાઠોડ**, રહે. સરીબુજરંગ, નહેરુનગર, તા.ગણદેવી, જી.નવસારીનાઓએ તેઓના દાદી સ્વ. **ભાનુબેન બાલુભાઈ રાઠોડ**નું મરણ તા.૧૦/૦૬/૨૦૧૮ના રોજ મોજે.સરીબુજરંગ, તા. ગણદેવી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૧૬ વશી ૧૨૬૯/૨૦૨૪ તા.૨૩/૦૯/૨૦૨૪
**જાહેર નોટીસ**
**વાદી:- મંજુલાબેન ગુલાબભાઈ પટેલ રહે. જુના પટેલ ફ. બામટી તા.ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, બામટી**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **મંજુલાબેન ગુલાબભાઈ પટેલ** રહે. જુના પટેલ ફ. બામટી તા.ધરમપુર જી.વલસાડની પુત્રી **વિરમતીબેન ગુલાબભાઈ મહેતા**નો જન્મ તા.૧૫/૦૬/૧૯૮૪નાં રોજ બામટી ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૯/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૧૨ વશી ૧૧૨૨/૨૦૨૪ તા.૨૩/૦૯/૨૦૨૪
**જાહેર નોટીસ**
**વાદી:- જેનીશ મગજીભાઈ ફડવળીયા રહે. આમરૂન ફ. સાવરમાળ આંબાતલાટ તા.ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, આંબાતલાટ**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **જેનીશ મગજીભાઈ ફડવળીયા** રહે. આમરૂન ફ. સાવરમાળ આંબાતલાટ તા.ધરમપુર જી.વલસાડના માતા **સુમનબેન મગજીભાઈ ફડવળીયા**નું અવસાન તા.૨૩/૦૬/૨૦૧૨નાં રોજ આંબાતલાટ ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૯/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૩૪ વશી ૧૩૩૯/૨૦૨૪ તા.૨૩/૦૯/૨૦૨૪
**જાહેર નોટીસ**
**વાદી:- બાબલભાઈ દેવીયાભાઈ છગનિયા રહે.શિરીષપાડા ફ.બોપી તા.ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, બોપી**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **બાબલભાઈ દેવીયાભાઈ છગનિયા** રહે. શિરીષપાડા ફ. બોપી તા.ધરમપુર જી.વલસાડના દાદા **બારકુભાઈ ગણુભાઈ છગનિયા**નું અવસાન તા.૧૬/૦૬/૧૯૮૬નાં રોજ બોપી ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૯/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

### કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં

**રજી.૯૨-૨૦૨૪**

**અરજદાર : અમિષાબેન અમિતભાઈ નાયકા**
**રહે.** બાલદા વાવ ફળિયા તા.પારડી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી બાલદા**
**તા.પારડી જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી **અમિષાબેન અમિતભાઈ નાયકા**, રહે. બાલદા વાવ ફળિયા તા.પારડી જી.વલસાડનાઓએ તેઓના પુત્રી **શીવાની અમિત નાયકા**નો જન્મ તા.૦૫-૦૯-૨૦૧૮ના રોજ મોજે. બાલદા તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખ થી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/રજી નં.૯૨-૨૦૨૪/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી, તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૨૩ વશી ૧૩૩૭/૨૦૨૪ તા.૨૩/૦૯/૨૦૨૪
**જાહેર નોટીસ**
**વાદી:- માછી મનોજભાઈ બાબુભાઈ રહે. અમોદીન ફ. ધરમપુર તા. ધરમપુર જી. વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- ચીફ ઓફીસરશ્રી ધરમપુર નગરપાલિકા કચેરી તા. ધરમપુર જી.વલસાડ**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **માછી મનોજભાઈ બાબુભાઈ** રહે. અમોદીન ફ. ધરમપુર તા.ધરમપુર જી.વલસાડના પુત્ર **દક્ષકુમાર મનોજભાઈ માછી**નો જન્મ તા.૦૨/૦૮/૨૦૧૮નાં રોજ ધરમપુર ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૯/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૩૭ વશી ૧૩૩૯/૨૦૨૪ તા.૨૩/૦૯/૨૦૨૪
**જાહેર નોટીસ**
**વાદી:- બાબલભાઈ દેવીયાભાઈ છગનિયા રહે.શિરીષપાડા ફ.બોપી તા.ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, બોપી**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **બાબલભાઈ દેવીયાભાઈ છગનિયા** રહે. શિરીષપાડા ફ. બોપી તા.ધરમપુર જી.વલસાડના પરદાદી **શાકરૂબેન ગણુભાઈ છગનિયા**નું અવસાન તા.૦૬/૦૩/૧૯૮૦નાં રોજ બોપી ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૯/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૩૫ વશી ૧૩૩૯/૨૦૨૪ તા.૨૩/૦૯/૨૦૨૪
**જાહેર નોટીસ**
**વાદી:- બાબલભાઈ દેવીયાભાઈ છગનિયા રહે.શિરીષપાડા ફ.બોપી તા.ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, બોપી**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **બાબલભાઈ દેવીયાભાઈ છગનિયા** રહે. શિરીષપાડા ફ. બોપી તા.ધરમપુર જી.વલસાડના પરદાદા **ગણુભાઈ ભાઉભાઈ છગનિયા**નું અવસાન તા.૧૨/૦૭/૧૯૭૯નાં રોજ બોપી ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૯/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી ( શહેર)ની કોર્ટમાં

**જ.મ.પ.અ.નં.૦૧/૨૦૨૪**

**અરજદાર : શબ્બીરભાઈ ઈબ્રાહીમભાઈ ખંડવાવાલા**
**રહે.** સરદાર માર્કેટ કો.ઓ.હા.સો.લી-વીંગ-૩૦૩, ત્રીજોમાળ, ગીતાનગર રેલ્વે યાર્ડ વાપી, તા.વાપી, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : ચિફ ઓફિસરશ્રી અને**
**જન્મ અને મરણ નોંધણી અધિકારીશ્રી**
**વાપી નગર પાલિકા, તા.વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ - મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **શબ્બીરભાઈ ઈબ્રાહીમભાઈ ખંડવાવાલા** રહે. સરદાર માર્કેટ કો.ઓ.હા.સો.લી-વીંગ-૩૦૩, ત્રીજો માળ ગીતાનગર રેલ્વે યાર્ડ વાપી તા.વાપી, જી.વલસાડએ તેમના પિતાશ્રી નામે **સ્વ. ઈબ્રાહીમ રસુલભાઈ ખંડવાવાલા**નું મરણ તા.૧૮/૦૭/૨૦૨૦ના રોજ મોજે - સરદાર માર્કેટ કો.ઓ.હા.સો.લી-વીંગ-૩૦૩, ત્રીજોમાળ ગીતાનગર રેલ્વે યાર્ડ વાપી, તા.વાપી, જી.વલસાડ ખાતે તેમના મુકામે રહેવાના ઘરે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા પોતાના વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસની અંદર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, વાપી (શહેર), તા.વાપીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૪/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/રજી નં.૦૧/વશી ૫૫૬/૨૦૨૪**
**એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શ)ની કચેરી**
**તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે, બલિઠા, તા.વાપી, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વાપી (શહેર)**

### CHANGE OF NAME

I HAVE CHANGE MY OLD NAME DARSHAN KUMAR PATEL / DARSHANBHAI PATEL AND I WILL BE KNOWN AS NEW NAME DARSHAN ASHOKBHAI PATEL WHICH PLEASE NOTE SD- DARSHAN ASHOKBHAI PATEL

### CHANGE OF NAME

**OLD NAME -**
SHAIKH TAHIRBHAI MAHMADBHAI
**NEW NAME -**
TAHIR SHAIKH
**ADDRESS -** S/O MAHMADBHAI SHAIKH, 629 KHUMAR PADA, KHANVEL - 396230 DADRA & NAGAR HAVELI

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૧૨ વશી ૧૧૭૬/૨૦૨૪ તા.૨૩/૦૯/૨૦૨૪
**જાહેર નોટીસ**
**વાદી:- રામસિંહભાઈ કાકડભાઈ ભોયા રહે.પથરડા ફ.હનમતમાળ તા.ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, હનમતમાળ**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **રામસિંહભાઈ કાકડભાઈ ભોયા** રહે. પથરડા ફ. હનમતમાળ તા.ધરમપુર જી.વલસાડની પુત્રી **વનિતાબેન રામસિંહભાઈ ભોયાનો** જન્મ તા.૧૮/૦૩/૧૯૯૦નાં રોજ હનમતમાળ ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૯/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૩૩ વશી ૧૩૩૮/૨૦૨૪ તા.૨૩/૦૯/૨૦૨૪
**જાહેર નોટીસ**
**વાદી:- બાબલભાઈ દેવીયાભાઈ છગનિયા રહે.શિરીષપાડા ફ.બોપી તા.ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, બોપી**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **બાબલભાઈ દેવીયાભાઈ છગનિયા** રહે. શિરીષપાડા ફ. બોપી તા.ધરમપુર જી.વલસાડના દાદી **મયનાબેન બારકુભાઈ છગનિયા**નું અવસાન તા.૧૪/૦૯/૧૯૮૯નાં રોજ બોપી ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૯/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

### -:: જાહેર નોટીશ ::-

આથી આ જાહેર નોટીશ રૂએ લાગતા વળગતા તમામને જણાવવામાં આવે છે કે, નીચેના **"શિડ્યુલ"**માં જણાવેલ મીલ્કત હાલે સરકારી (રેવન્યુ) રેકર્ડ દફતરે **ગીરીરાજસિંહજી હિંમતસિંહજી જાડેજા,** રહે. બી-૨/૬૦૪, પ્રમુખ ગ્રીન્સ, ચલા, તા.વાપી, જી.વલસાડનાં નામે તથા ચાલી આવેલ.

સદર નીચેના **"શિડ્યુલ"**માં જણાવેલ મીલ્કત ઉપર હમો યાને **ગીરીરાજસિંહજી હિંમતસિંહજી જાડેજા**એ તા.૨૯/૦૪/૨૦૨૩ના રોજની લીગલ મોર્ટગેજ ડીડ રૂએ બેંક ઓફ બરોડા, ગુંજન શાખા, ગુંજન, તા.વાપી, જી.વલસાડ ખાતેથી રૂા. ૨,૪૯,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે કરોડ ઓગણપચાસ લાખ પુરાની રકમનું ધિરાણ મેળવેલ. જે લીગલ મોર્ટગેજ ડીડ મે. વાપીના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૬૬૩૪, તા. ૨૯/૦૪/૨૦૨૩ના રોજ નોંધવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬ના હક્કપત્રકમાં ફેરફાર નોંધ નં. ૪૩૪૫, તા. ૧૧/૦૫/૨૦૨૩ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ગીરીરાજસિંહજી હિંમતસિંહજી જાડેજાએ નીચેના **"શિડ્યુલ"**માં જણાવેલ મીલ્કત પાકા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રૂએ **"મે. શીવ શક્તિ ડેવલોપર્સ"** એ નામની ભાગીદારી પેઢીને તા.૦૯/૦૫/૨૦૨૩ ના રોજ વેચાણ દસ્તાવેજ રૂએ વેચાણ આપેલ. જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મે. વાપીના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૭૧૩૭, તા.૧૯/૧૨/૨૦૨૩ના રોજ નોંધવામાં આવેલ. જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની નોંધ નીચેના **"શિડ્યુલ"**માં જણાવેલ મીલકત ઉપર બેંક ઓફ બરોડાનો બોજો ચાલતો હોવાના કારણે મજકુર દસ્તાવેજની નોંધ રેવન્યુ રેકર્ડ દફતરે થઈ શકેલ નહી.

હાલે ગીરીરાજસિંહજી હિંમતસિંહજી જાડેજા સદર ઉપરોક્ત રૂા. ૨,૪૯,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે કરોડ ઓગણપચાસ લાખ પુરાની રકમ પેટે જે કંઈ લોન બાકી પડેલ હોય તે વ્યાજ સહિત ભરપાઈ કરેલ છે. જે અંગેની રીલીઝ ડીડ તા.૨૩/૦૯/૨૦૨૪ના રોજ મે. વાપીના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૧૪૭૧૪થી નોંધવામાં આવેલ છે અને સદર લોન ભરપાઈ કર્યા અંગેની ફેરફાર નોંધ રેવન્યુ રેકર્ડ દફતરે પડાવવાના છે અને સદર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૭૧૩૭, તા.૧૯/૧૨/૨૦૨૩ની ફેરફાર નોંધ રેવન્યુ રેકર્ડ દફતરે પડાવવાના છે.

જેથી નીચેના **"શિડ્યુલ"**માં જણાવેલ મીલ્કત અંગે ઉપરોક્ત બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, દર દાવો, હક્ક, હીસ્સો કે અન્ય પ્રકારના પ્રત્યક્ષ કે પરોક્ષ હક્ક દાવાઓ હોય, તેવા ઈસમોએ આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ (સાત)માં હમારો યોગ્ય પુરાવાઓ સાથે સંપર્ક કરવો અને એ ઉપયુક્ત સમય મર્યાદા દરમ્યાન કાંઈ વાંધાઓ મળી આવશે નહી તો તેવે વખતે હમારૂ માનવું રહેશે કે જે તે ઈસમોએ તેમના હક્ક દાવાઓ સરન્ડર યાને ત્યજી દીધેલા છે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જેની આ નોટીશ રૂએ લાગતાં વળગતાઓએ નોંધ લેવી.

**-:: શિડ્યુલ ::-**

વલસાડ ડીસ્ટ્રીક્ટના રજી. સબ ડીસ્ટ્રીક્ટના વાપી તાલુકાના મોજે **"છરવાડા"** ગામે આવેલ બિનખેતીના....

| જુનો સર્વે નંબર | રી.સર્વે નંબર | ક્ષેત્રફળ ચો.મી. | આકાર રૂા.પૈસા |
|---|---|---|---|
| ૧૬૯/૧ | ૨૧૭/૧ | ૨૨૦૦.૦૦ | ૩૩૦.૦૦ |

ના ક્ષેત્રફળવાળી જમીન તથા તેમાં આવવા-જવાના રસ્તાના હક્ક સહિત તથા તેને લગતા, લાગતા વળગતા અન્ય તમામ પ્રકારના હક્કો સહિત વાળી મીલકત.

**હમારી સુચનાથી.......**
**સહી/-**
**ગીરીરાજસિંહજી હિંમતસિંહજી જાડેજા**

**મુકેશ એમ. ઠુમર (એડવોકેટ) મો.નં. ૯૮૨૫૧૪૫૦૮૫**
**ઓફીસ નં.૧૦૮, પહેલા માળે, નક્ષત્ર પ્લાઝા, સબ-વેની ઉપર, ને.હા.નં.૮, વાપી - ૩૯૬ ૧૯૧**












દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com



# દમણગંગા ટાઇમ્સ

BHAVESH
TEMPO SEVICE
PACKERS & MOVERS
BHAVESHBHAI
MO. : 9998050250
9327850050
ઘર સમાન ખાલી કરવા તથા ભરવા લેબર તથા પેકીંગ
101, MAGANLAL RESIDENCY, NR. SULABH APPT.
TITHAL CROSS ROAD, VALSAD. PH. NO. 02632-250050

### ચોરોને હવે પોલીસની હાક અને ધાક રહી ન હોય તેવું ચિત્ર

## વાપીની જે.પી. પટેલ એન્ડ સન્સના ગોડાઉનમાંથી લાખોની સિગારેટની ચોરી

**વાપી ઉદ્યોગનગર પોલીસ મથક હદમાં વારંવાર ચોરી-લૂંટ અને ચીલ ઝડપના અનેક બનાવથી લોકો ભયભીત**





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી,તા.૨૪:** વાપી જીઆઈડીસીના ચાર રસ્તા ખાતે આવેલ એક સિગારેટની એજન્સીના ગોડાઉનમાં રાત્રિ દરમિયાન ગોડાઉનનું શટરનું તાળું તોડી દુકાનમાં પ્રવેશી વિવિધ કંપનીની બ્રાન્ડેડ સિગારેટનો જથ્થો ચોરી કરી જવાનો બનાવ બનતા જીઆઈડીસી ચાર રસ્તા તેમજ ઉદ્યોગનગર વિસ્તારમાં રહેતા દુકાનદારો તેમજ વેપારી ઉદ્યોગપતિ અને નગરજનોમાં ભયનો માહોલ ફેલાયેલો જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ વાપી જીઆઈડીસી વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી ચોર લૂંટારા અને અસામાજિક તત્વોને પોલીસની હાંક અને ધાક રહી ન હોય તેમ ગમે ત્યારે દિવસ રાત દરમિયાન દુકાનોમાં ગોડાઉન અને ઘરમાં તેમજ ફલેટના તાળા તોડી ચોરી કરી જવાના બનાવો રોજેરોજ બની રહ્યા છે તો સાથે રસ્તે ચાલતા રાહદારીના હાથમાંથી મોબાઈલ ફોન ગળામાંથી સોનાની ચેન સ્નેચિંગ કરી જવી હવે સામાન્ય બાબત વાપી જીઆઈડીસી પોલીસ મથકની હદમાં જોવા મળી રહી છે. ત્યારે ગત તા. ૨૧-૯-૨૦૨૪ ની રાત્રિ દરમિયાન વાપી જીઆઈડીસીના ચાર રસ્તા ખાતે આવેલ રોયલ ચેમ્બરની મેં જે.પી. પટેલ એન્ડ સન્સ નામની દુકાનમાં બ્રાન્ડેડ કંપનીની સિગારેટનો હોલસેલ વેપાર કરનાર વેપારીના ગોડાઉનમાંથી ત્રણ જેટલા ચોર ઈસમોએ ગોડાઉનના શટરનું તાળુ તોડી અંદર પ્રવેશી સિગારેટનો જથ્થો ચારથી પાંચ મોટા કોથરામાં તેમજ થેલામાં ભરી ચોરી કરવા માટે લાવેલ ટેમ્પોમાં ભરી ચોરો ફરાર થઈ ગયા હતા જે ઘટના દુકાનમાં તથા તેની આજુબાજુના દુકાનદારોના લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરામાં કેદ થયેલી જોવા મળે છે જે અંગે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં જે.પી. પટેલ એન્ડ સન્સના માલિક શશીકાંતભાઈ કમલેશભાઈ પટેલના હોય એ ફરિયાદ કરતા પોલીસે હાલમાં સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવી ચોરોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે જ્યારે દુકાનના ગોડાઉનમાંથી લગભગ લાખોની રકમની સિગારેટની ચોરી કરી ગયા હોવાનો હાલમાં જાણવા મળી રહ્યું છે

## ખડકીભાગડાથી મળેલી સગીરા અભયમને સોંપાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ,તા.૨૪:** વલસાડ શહેરના ખડકીભાગડા કુંભારવાડ વિસ્તારમાં આજરોજ મોડી સાંજે ૧૫ વર્ષની સગીરા રડતી જોવા મળતા સ્થાનિક જાગૃત યુવા નાગરિકને જાણ થતા તેમણે તાત્કાલિક ૧૮૧ અભયમની ટીમનો સંપર્ક કરી સગીરાને હેમખેમ સોપવામાં આવી હતી.

વલસાડ જિલ્લામાં પણ નાની બાળકી કે સગીરાઓનું અપહરણ કરી દુષ્કર્મ કરવાની ઘટનાઓ બની રહી છે. વલસાડ જિલ્લામાં આવા દુષ્કર્મના કિસ્સાઓ પણ બન્યા છે ત્યારે આજરોજ મોડી સાંજે વલસાડ શહેરના ખડકી ભાગડા વિસ્તારના કુંભારવાડ વિસ્તારમાં એક ૧૫ વર્ષીય સગીરા રડતી હોવાની જાણ વિસ્તારના રાજુભાઈ નામના વડીલે વિસ્તારના જાગૃત યુવા નાગરિક અમિત પાનવાલાને જાણ કરતાં તેમણે તાત્કાલિક દોડી ગયા હતા. અને તેમણે સગીરાને પૂછતા તેણે જણાવ્યું કે મા-બાપ નથી અને વાપીથી વલસાડ આવી હોવાનું જણાવ્યું હતું. આ સગીરા રાત્રે કોઈ આ ઘટીત ઘટનાનો બને તેની તકેદારી રાખી તેને ૧૮૧ અભયમની ટીમને જાણ કરી હતી. જોકે તત્કાલિક અભયમ ટીમ લોકેશન મુજબ પહોંચી જઈ અજાણી સગીરાને હેમખેમ કબજો આપવામાં આવ્યો હતો. ૧૮૧ અભયમની ટીમ તેને લઈ વલસાડ સીટી પોલીસ મથકે લઈ ગયા હતા. આમ અજાણી ૧૭ વર્ષીય સગીરાને જાગૃતિ યુવા નાગરિક અમિત પાનવાલાની સજાગતાથી પોલીસને સોંપવામાં આવી હતી.



**વાપીમાં શ્રી કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ દ્વારા**

## મુંબઈથી કચ્છ આશાપુરા માતાના મઢ જતા સાયકલ પદયાત્રીઓ માટે કેમ્પ શરૂ કરાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૨૪:** મુંબઈથી કચ્છ આશાપુરા માતાના મઢ સુધી સાયકલ પદયાત્રીઓ માટે વાપીમાં શ્રી કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ દ્વારા કેમ્પનું ઉદઘાટન કરાયું હતું.

પ્રાપ્ત વિગત મુજબ આજે મુંબઈથી કચ્છ આશાપુરા માતાના મઢ સુધી સાયકલ પદયાત્રીએ જતા યાત્રીઓ માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ વાપીના જલારામ મંદિર ખાતે શ્રી કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેને ભાનુશાલી સમાજના પ્રમુખ અરવિંદભાઈ ભાનુશાલી, રમેશભાઈ ભાનુશાલી, પ્રકાશભાઈ જોઈસર, રમેશભાઈ ભાનુશાલી, વસંતભાઈ તેમજ અન્ય ભાનુશાલી મિત્ર મંડળના સભ્યોની ઉપસ્થિતિમાં આ કેમ્પનું ઉદઘાટન માતાજીના ઘરની સ્થાપના અને પૂજા અર્ચના સાથે આરતી કરી હતી. જેમાં સાયકલ સવારો માટે તા. ૨૪-૯-૨૦૨૪ થી ૨૮-૯-૨૦૨૪ સુધીના સમયગાળા દરમિયાન અહીં મેડિકલ સેવા યાત્રાળુઓને નાહવા જમવા રહેવાની તેમજ આરામ કરવા માટેની સુવિધાઓ સાથે જે યાત્રાળીઓની સાયકલમાં ખામી આવે તો તેને તાત્કાલિક રીપેરીંગ કરી આપવામાં આવશે તેવી સુવિધા ઉભી કરી છે આ સમગ્ર કેમ્પ દરમિયાન શ્રી કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ વાપીના આગેવાનો તેમજ સભ્યો ઉપસ્થિત રહી જાત્રાડીઓની સેવા કરશે.

## દમણ જિલ્લા કક્ષાની આંતર શાળા કબડ્ડી સ્પર્ધા યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**દમણ,તા.૨૪:** કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસને પ્રશાસક પ્રફુલ પટેલના માર્ગદર્શન હેઠળ યુથ અફેર્સ એન્ડ સ્પોટ્ર્સ ડિપાર્ટમેન્ટ દ્વારા યુથ અફેર્સ એન્ડ સ્પોટ્ર્સ ડિપાર્ટમેન્ટના સેક્રેટરી અને નિયામક ડૉ.અરુણ ટી. રમતગમત વિભાગના અરુણ ટી. ગુપ્તાના સહયોગથી દમણમાં જિલ્લા કક્ષાની આંતર-શાળા રમતગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. કબડ્ડી (અંડર ૧૪, ૧૭ અને ૧૯ બોયઝ) અને ખો-ખો (અંડર ૧૪, ૧૭, ૧૯ ગર્લ્સ અને બોયઝ) દમણ જિલ્લા આંતર શાળાકીય રમતગમત સ્પર્ધામાં છોકરીઓ અને છોકરાઓ માટેની સ્પર્ધા તા.૨૩-૦૯-૨૦૨૪ થી ૦૯-૧૦- ૨૦૨૪ સુધીમાં કરવામાં આવશે. આ ઈવેન્ટના વિજેતા ખેલાડીઓ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં દમણ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. દમણ જિલ્લા આંતર શાળાકીય રમતગમત સ્પર્ધામાં અંડર ૧૯ વોઈસ કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૦૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ કબડ્ડી સ્પર્ધામાં જી.એચ.એસ. નાની દમણને પ્રથમ, જી.એચ.એસ. દમણવાડાએ દ્વિતીય સ્થાન અને પબ્લિક સ્કૂલને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. વિજેતા ખેલાડીઓનું વિભાગના અધિકારીઓ દ્વારા ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

## બીલીમોરા ડેપોના શૌચાલયોના બારણાં તૂટેલી હાલતમાં: મુસાફરો શોભજનક સ્થિતિમાં

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા,તા.૨૪:** બીલીમોરામાં ગત તા.૨જી સપ્ટેમ્બર ૨૦૧૮ ના રોજ રૂ. ૪.૧૨ કરોડના ખર્ચે એસટી બસ ડેપો લોકાર્પણ કરાયો હતો. જે વેળા તત્કાલીન વાહન વ્યવહાર મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે લોકોને સારી ઝડપી સુવિધા મળે તેના માટે સરકાર કટિબદ્ધ છે અને અનેક સુવિધા આપી રહ્યા હોવાના દાવાઓ કર્યા હતા. નવસારીના સાંસદ સીઆર પાટીલ તેમજ ગણદેવીના ધારાસભ્ય નરેશ પટેલે પણ મોટા મોટા દાવા કર્યા હતા પણ લોકોને સુવિધા મળે છે કે કેમ તેના પર કોઈએ ધ્યાન આપ્યું નથી. એસટી ડેપોના




પ્લેટફોર્મની ઉપર શેડના પતરા તૂટી ગયા હતા. જે અખબારી અહેવાલ બાદ નવા નંખાયા છે. મુસાફરોને પીવા માટે ઠંડા પાણીની પરબનું કુલર બંધ હાલતમાં છે, બસની રાહ જોતા મુસાફરો માટે નાં પંખા છાશવારે બંધ રહે છે. જો કે સ્ટાફના પંખા બરાબર ચાલુ હોય છે. પે એન્ડ યુઝવાળા યુરીનલ ટોયલેટ સફાઈનો અભાવ છે. ડેપોના બાંકડા ઉપર મુફલિસ તત્વો સૂઈ રહેતા હોય છે તેમજ ત્યાં જ અડ્ડો જમાવી દીધો છે. સમગ્ર પરિસરમાં ગંદકીનો માહોલ પ્રવર્તે છે. ડેપો પરીસરમાં સફાઈ અભિયાનની ફરજ પડે છે. જે બાદ હવે શૌચાલયનાં બારણાં તૂટી જતા મુસાફરોને શોભજનક સ્થિતિમાં મુકાવું પડે છે. જે અંગે એસટી ડેપોના કર્મચારીને પુછતા તેમણે જણાવ્યું હતું કે, દરવાજાનું માપ લઈ લેવામાં આવ્યું છે. અને થોડા જ દિવસોમાં દરવાજા લગાડવામાં આવશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## વાપીના ગોકુળ વિહાર સ્પોર્ટ્સ ક્લબ ખાતે યોગ શિક્ષકની ૧૦૦ કલાકની તાલીમ અપાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી,તા.૨૪:** સ્વામી રામદેવના આશીર્વાદથી તેમજ આચાર્ય બાલકૃષ્ણની પ્રેરણાથી ગોકુળ વિહાર સ્પોર્ટ્સ ક્લબ વાપી જિલ્લા વલસાડમાં પંતજલી સહયોગી યોગ શિક્ષકની ૧૦૦ કલાકની તાલીમ આપવામાં આવી હતી જેમાં યોગ આશન, પ્રાણાયામ તેમજ શરીર વિજ્ઞાન વિશે રાજુભાઈ ભલાણીએ તેમજ ધીરુભાઈ પટેલ, રાજુભાઈ કરાટે વિગેરે તજજ્ઞોએ સુંદર તાલીમ આપી હતી, એમની હરિદ્વારથી પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં વાપી કેન્દ્રનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું હતું પ્રમાણપત્રાનું વિતરણનો કાર્યક્રમ આજરોજ તા. ૨૪-૦૯-૨૦૨૪ રાખવામાં આવ્યો હતો.

જેમાં મુખ્ય અતિથિ તરીકે વાપી નગરપાલિકાના માજી પ્રમુખ વિઠ્ઠલભાઈ, ગોકુળ વિહાર સોસાયટીના પ્રમુખ બિપીનભાઈ દેસાઈ હાજર રહ્યા હતા. આ સાથે પંતજલી યોગ સમિતિ વલસાડના પ્રમુખ રાજુભાઈ ભલાણી, ભારત સ્વાભિમાન ટ્રસ્ટ વલસાડના જિલ્લા પ્રમુખ કમલેશ બી. પત્રેકર, ભારત સ્વાભિમાન ટ્રસ્ટ વલસાડના ઉપપ્રમુખ રણજિતભાઈ રાઠોડ, વલસાડ જિલ્લા મિડિયા પ્રભારી યોગેશભાઈ વાશી, કિસાન પંચાયત વાપીના પ્રમુખ ધીરુભાઈ પટેલ, યોગ શિક્ષક શ્રીપાદભાઈ ધોન્ડે, સુનિલભાઈ પાટિલ, રાજેશભાઈ કરાટે મયંક ટંડેલ, અજયભાઈ યાદવ, કુસુમબેન તેમજ અર્ચનાબેન દેસાઈ જેવો નગરપાલિકા વાપીના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન છે તેવો એ પણ યોગ તાલીમ લઈ સમાજમાં એક પ્રેરણા રૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સાથે યોગ સાધક મિત્રોએ સુંદર સહકાર આપ્યો હતો. આ સાથે હરિદ્વાર મુખ્ય યોગ શિક્ષકોની તાલીમમાં જઈ રહેલ મિત્રોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે બિપીનભાઈ ભલાણી ઉર્ફે રાજુભાઈએ ખૂબ મહેનત કરી હતી. કાર્યક્રમનું સંચાલન ભારત સ્વાભિમાન જિલ્લા પ્રમુખ કમલેશ પત્રેકર દ્વારા કરવામાં આવ્યું હતું.

## વલસાડમાં ૫ વર્ષ પહેલા ધો.૧૦ની બોર્ડની પરીક્ષામાં બે મિત્રોએ કારસ્તાન કર્યુ હતું

**લવાછાના વિદ્યાર્થીની જગ્યાએ ડમી તરીકે પરીક્ષામાં સેલવાસનો મિત્ર પરીક્ષા આપવા બેઠો હતો : બંનેને સાત વર્ષની કેદ અને દંડ**

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા.૨૪:** પાંચ વર્ષ અગાઉ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની પુરક પરીક્ષામાં વલસાડની કુસુમ વિદ્યાલયમાં ધોરણ ૧૦ની પરીક્ષામાં ગણિત વિષયના પેપરમાં પકડાયેલો સેલવાસનો ૨૮ વર્ષીય ડમી યુવાન અને વાપી લવાછાના ૧૯ વર્ષીય પરીક્ષાર્થીને વલસાડની કોર્ટે બંને આરોપીને સાત વર્ષની સખત કેદ અને ૩૦ હજાર રૂપિયાનો દંડ ફટકારતો મહત્વનો ચુકાદો આપ્યો છે, વલસાડની કુસુમ વિદ્યાલયમાં ધોરણ-૧૦ની ૨૦૧૯માં લેવાયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પુરક પરિક્ષામાં ધોરણ-૧૦નું ગણીત વિષયના પેપરમાં શાળાના બ્લોક નંબર ૬૯માં નીમીશાબેન વિરેનભાઈ સોઈવાલા ખંડ નીરીક્ષકે પરિક્ષાર્થીઓમાંથી એક વિદ્યાર્થીની પરીક્ષા પ્રવેશ પત્રમાં જે સહી શંકાસ્પદ લાગતાં તેમણે ઈન્ચાર્જ પ્રિન્સિપાલ મીરાબેન ભલાભાઈ આહીરને જાણ કરી હતી. જે અંગે તપાસ કરતા બેઠક નં.બી.૫૭૧૩૫૩૭ પર બેસેલ વિદ્યાર્થી પીંકલભાઈ સતીષભાઈ પટેલની પ્રવેશપત્રકની સહી તથા વિદ્યાર્થીઓની સહીનું પત્રકની સહી જોતા અલગ અલગ હોવાથી વલસાડના ધોરણ-૧૦ના ઝોનલ અધિકારીને જાણ કરી હતી. તેમણે વિદ્યાર્થી અંગે વધુ તપાસ કરીએ વિદ્યાર્થીની સરકારી ઉચ્ચતર માધ્યમીક શાળા દાદરા, દાદરાનગર હવેલીના ઈન્ચાર્જ આચાર્ય ધનસુખભાઈ એમ. પટેલનો સંપર્ક કરી વિદ્યાર્થીની ઓળખ અંગે રૂબરૂ પરીક્ષા સ્થળ ઉપર બોલાવતા એ વિદ્યાર્થી પીંકલ સતીષભાઈ પટેલ નહી હોવાનું જણાવતા અને પરીક્ષાર્થીને પરીક્ષા ખંડમાંથી બોલાવી પૂછપરછ કરતા તેનું નામ સુરેશભાઈ દામુભાઈ ભોયા રહે. બિલધારી કારભારી પાડા સેલવાસ, દાદરાનગર હવેલીનો હોવાનું જણાવ્યું હતું અને પ્રવેશપત્ર ઉપર અંગ્રેજીમાં પીંકલ નામની સહી તેમજ આચાર્ય દ્વારા રજુ થયેલ પ્રવેશપત્રાની ઝેરોક્ષ અને પરીક્ષાર્થી પાસે મળેલ પ્રવેશપત્રમાં જોતા પરીક્ષાર્થીનો ફોટો અલગ જોવા મળતા સુરેશની પૂછતા પોતે પિંકલનો મિત્રો હોવાથી તેના બદલે હું ડમી તરીકે પરીક્ષા આપવા આવ્યો હતો. એમ કબલ્યું હતું. જેથી સુરેશભાઈ દામુભાઈ ભોયા તથા પીંકલ સતીષભાઈ પટેલ સામે વલસાડ સીટી પોલીસમાં ફરીયાદ નોંધાઈ હતી જે અંગેનો કેસ વલસાડની કોર્ટમાં ચાલતા એ.પી.પી. વિજય કુમાર સોલંકીની દલીલોને ગ્રાહ્ય રાખી વલસાડનાં એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ વિનયકુમાર દશરથલાલ મોઢે આરોપી સુરેશભાઈ દામુભાઈ ભોયા, ઉ.વર્ષ આ. ૨૮, રહે. બિલધારી, કારભારી પાડા, સેલવાસ, દાદરાનગર હવેલી બીજો આરોપી પિંકલ સતીષભાઈ પટેલ, ઉ.વર્ષ આ. ૧૯, રહે. મોચી ફળીયુ, લવાછા, તા.વાપી, ને ૭ વર્ષની સખ્ત કેદ અને રૂ.૩૦-૩૦ હજાર દંડ અને દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા કરવાનો ફટકારતો મહત્વનો ચુકાદો આપ્યો છે.

## વાપીમાં એરેલે સર્વિસ અને રોટરી ક્લબ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી,તા.૨૪:** વાપીમાં ફોર્ચ્યુન પાર્ક ગેલેક્સી ખાતે એરેલે સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ અને રોટરી ક્લબ ઓફ વાપી રિવર્સ દ્વારા વોલેન્ટરી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૧૨ યુનિટ રક્ત ભેગુ કરાયું હતું જેમાં મેડિકલ અંગેની સેવા નુકુમ બ્લડ બેન્ક હરિયા રોટરી હોસ્પિટલ દ્વારા સેવા અપાય હતી.

વાપીમાં ફોર્ચ્યુન પાર્ક ગેલેક્સીના તુલિપ હોલમાં અયોજીત આ ૨૨માં રક્તદાન કેમ્પ અંગે Arete Services Pvt. LTDના મેનેજર દીપકકુમાર પટેલે જણાવ્યું હતું. કે, ફોર્ચ્યુન પાર્ક ગેલેક્સીના મેનેજર એમ. એ. પઠાણના સહયોગમાં વર્ષ ૨૦૦૨થી દર વર્ષે અહીં આ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત આજે આ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું છે તે સતત ૨૨માં વર્ષે પણ રક્તદાન કેમ્પમાં તેમની કંપનીના કર્મચારીઓ, તેમના પરિવારજનો, ફોર્ચ્યુન પાર્ક ગેલેક્સીમાં આવેલ તમામ સ્ટોરના સ્ટાફ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું છે. છેલ્લા ૨૨ વર્ષથી દર વર્ષે યોજાતા આ રક્તદાન કેમ્પમાં ૧૦૦ યુનિટથી વધુ રક્ત એકત્ર કરવામાં આવે છે. આ વર્ષે પણ ૧૧૨ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું છે. આ રક્તદાન કેમ્પના આયોજન અંગે તેમણે જણાવ્યું હતું કે, વાપીની બ્લડ બેંકમાં રક્તની સતત માંગ રહેતી હોય છે. અકસ્માત, થેલેસેમિયા, ડેન્ગ્યુ જેવા કેસના દર્દીઓને લોહીની જરૂર ઉભી થતી હોય છે. જેઓને મદદરૂપ થવા કંપનીની CSR એક્ટિવિટી હેઠળ આ રક્તદાન કેમ્પ યોજવામાં આવે છે. એ ઉપરાંત વર્ષમાં જ્યારે પણ બ્લડ બેંકમાં રક્તની જરૂર વર્તાય ત્યારે પણ તેમના સ્ટાફ દ્વારા રક્તદાન કરવામાં આવે છે.

**૧૩મી પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલિ**



ભક્તિ તમે કરી પૂણ્ય અમો સૌને મળ્યા, સંઘર્ષ તમે કર્યા, સુખ સૌને આપ્યું, કર્મ તમે કર્યા ફળ સૌને આપ્યા, આપવું એજ આપનો જીવનમંત્ર હતો, લઈ શું ગયા તમે આપી ગયા ઘણું સૌને, આપના આશિર્વાદથી અમો સમૃધ્ધ થયા. પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ અર્પે એવી અમારી અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

સ્વ. ગજેન્દ્રભાઈ એમ. જૈન
સ્વ. તા.૨૪-૦૯-૧૧

લિ.
પ્રથમ હાર્ડવેર
ચાર રસ્તા, વાપી.

**ચોથી પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલિ**



તમારૂ જીવન અમારી વચ્ચે નથી રહ્યું, પરંતુ તમારી સ્મૃતિ હર હંમેશા અમારા હૃદયમાં રહેશે. તમારી આજીવન ખોટ અમોને અનુભવાશે. જ્યાં સુધી જીવીશું ત્યાં સુધી હર પળે તમને યાદ કરતા રહીશું. પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે એજ અમારી પ્રાર્થના.

સ્વ. અલ્પાબેન હરીહરભાઈ પટેલ
જ.તા.૨૦-૦૮-૧૯૬૨
સ્વ.તા.૨૫-૦૯-૨૦૨૪

લિ.
હરિહરભાઈ ઝેડ. પટેલ (પતિ)
કેનીલ એચ. પટેલ (પુત્ર)
અંકિતા કે. પટેલ (પુત્રવધુ)
કૃતાંત કે. પટેલ (પૌત્ર)

**યોગીકૃપા ક્લિનિક - રાહતદરે સારવારનું જાહેરનામું**

વાપીના સૌથી જૂના અને જાણીતા - સિનિયર મોસ્ટ લેડી ડોક્ટર - ડો. અંજનાબેન (MBBS, MRSH, London)
નિયમિત રૂપે ગોકુળવિહારમાં મળશે.
સૌને રાહતદરે સારવારનો લાભ લેવા આમંત્રણ.

સમય : સવારે ૧૦ થી ૧ – સાંજે ૫.૩૦ થી ૭.૩૦
(રવિવાર અને જાહેર રજાના દિવસે બંધ)
મો. નં. : 9228163737

સ્થળ : A41, ગોકુળવિહાર સોસાયટી, ને. હા. ૮, GIDC

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**